# ચંદનની સુવાસ




-: સંપાદક :-

મુનિ સૂર્યોદય વિજયજી મહારાજ

શ્રીયશોભદ્રશ્રેણિ ગ્રંથાંક

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂર-યશોભદ્રસૂરિ-પંન્યાસ શુભંકર-

સદ્ગુરુભ્યો નમઃ

( દ્વિતીય (બ) વિભાગ )

# શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રમ્

પંન્યાસ શ્રીશુભંકરવિજયગણિકૃત-ભદ્રંકરોદયાખ્યભાષાર્થસહિતમ્

—: સંપાદક :—

સિદ્ધાન્તમહોદધિ-પ્રાકૃતવિદ્વિશારદ-પ. પૂ. આચાર્યદેવશ્રી-
વિજયકસ્તૂરસૂરીશ્વરજીમહારાજના પટ્ટધર-સમર્થ વ્યાખ્યા-
નકાર-પ. પૂ. આચાર્યદેવશ્રીવિજયયશોભદ્રસૂરીશ્વરજી-
મહારાજના શિષ્યરત્ન પ. પૂ. પંન્યાસ શ્રીશુભંકર-
વિજયજી ગણિવરના શિષ્યરત્ન મુનિશ્રી-

**સૂર્યોદયવિજયજીગણિ મહારાજ**


—: પ્રકાશક :—

**દોશી નેમચંદ નાગજી મોણપરવાલા**

: પ્રાપ્તિસ્થાન :
શ્રીયશોભદ્ર શુભંકર જ્ઞાનશાળા,
ઠે. મહાવીર જૈન સોસાયટી,
ગોધરા ( જી. પંચમહાલ )

મૂલ્ય રૂપિયા ૧=૦૦

: પ્રાપ્તિસ્થાન :
સરસ્વતી પુસ્તક ભંડાર
ઠે. રતનપોળ હાથીખાના,
અમદાવાદ.

: મુદ્રક :
ધૈર્યકુમાર સી. શાહ
આશા પ્રિન્ટર્સ
૧૦૮/કેશવજી નાયક રોડ,
મુંબઈ ૯. ( B. R. )

# : પ્રકાશકીય :

પરમપૂજ્ય સમર્થવ્યાખ્યાનકાર–કવિવર આચાર્ય-દેવશ્રી **વિજયયશોભદ્રસૂરીશ્વરજી મહારાજ** તથા તેમના શિષ્યરત્નપંન્યાસપ્રવર **શ્રીશુભંકરવિજયજી ગણિવર** આદિ ઠાણા ૮ સંવત ૨૦૨૨ ની સાલમાં મુંબઈ ગોડીજી ચાતુર્માસ બિરાજમાન હતા, અને તેઓશ્રીની નિશ્રામાં સેંકડોની સંખ્યામાં **વીશમા મુનિસુવ્રત-સ્વામી** ભગવંતના અઠ્ઠમ, સિદ્ધિતપ, નવકારતપ–અક્ષયનિધિ આદિ અનેકવિધ તપશ્ચર્યાઓ થઈ હતી, અને સંઘમાં ઘણો જ આનંદ થયો હતો. તે ઉપરાંત પૂજ્ય આચાર્યમહારાજશ્રીજીના સદુપદેશથી ગોડીજી ઉપાશ્રયમાં ગરમ પાણી માટે કાયમી નિભાવ ફંડ રૂ. ૪૦,૦૦૦ લગભગ થવા પામ્યું હતું. તથા આચાર્ય મહારાજ તથા પંન્યાસજી મહારાજના સદુપદેશથી ગોધરા શ્રીયશોભદ્રશુભંકરજ્ઞાનશાળામાં થયેલા ખર્ચમાં પણ ગોડીજી ઉપાશ્રયના આરાધક ભાઈબેનો તરફથી રૂા. ૮૦૦૦ હજાર અને પ્રિન્સેસ સ્ટ્રીટ શ્રી દેવકરણ

મેન્સન્સમાં પૂજ્યપંન્યાસશ્રી પર્યુષણપર્વની આરાધના કરાવવા પધાર્યા હતા અને ત્યાં અપૂર્વ આરાધન થઇ હતી. તેઓશ્રીના સદુપદેશથી ગોધરા જ્ઞાનશાલા માટે આરાધના કરનાર ભાઇબેનો તરફથી પણ રૂા. ૬૦૦૦ હજાર ની સહાય થઇ હતી તથા પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી ચાતુર્માસ દરમ્યાન જુદા જુદા સદ્‌ગૃહસ્થો તરફથી રૂા. ૧૫૧૧૧/– ગોડીજી ઉપાશ્રયના જીર્ણોદ્ધાર ફંડમાં અપાવ્યા હતા. તે ઉપરાંત સ્વ. પરમપૂજ્યસમયજ્ઞ–શાન્તમૂર્તિ આચાર્યદેવ વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ ખંભાત મુકામે કાલધર્મ પામ્યા હતા, તે નિમિત્તે સંઘ તરફથી ગોડીજી મંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યાં હતાં. તથા એ વખત બૃહત્ શ્રીસિદ્ધચક્રપૂજન પણ થયા હતા. આ પ્રમાણે અનેક શુભ કાર્યો ચાતુર્માસમાં થયા હતા. તથા આ તત્ત્વાર્થાધિગમસૂત્રની પ્રથમાવૃત્તિ અલભ્ય થવાથી પુનઃ તેનું પ્રકાશન કરવા માટે આ તત્ત્વાર્થસૂત્રના ભાષાન્તરકર્તા–પરમપૂજ્યપંન્યાસ શ્રીશુભંકરવિજયજીએ મને પ્રેરણા કરી અને તેનો મેં સહર્ષ સ્વીકાર કર્યો.

આ પુસ્તકના પ્રકાશન માટે પૂજ્યપંન્યાસશ્રીના સદુપદેશથી "વિજયડેકોરેટર્સ" નાગરદાસભાઈના ધર્મપત્ની સૌ. રંભાબેને રૂા. ૨૦૦)ની સહાય આપી પ્રથમ લાભ લીધો હતો..

જેમને પૂજ્ય આચાર્યદેવશ્રી તથા પંન્યાસશ્રીજીની નિશ્રામાં સં. ૨૦૨૨ના પર્યુષણ પર્વમાં તેમના શુભાશીર્વાદથી દોઢ મહીનાની ઉગ્રમહાન તપશ્ચર્યા કરી હતી. જે રંભાબેને પૂર્વે પણ માસખમણ સિદ્ધિતપ આદિ કર્યા હતા. તથા "ગં. સ્વ. તારાબેન બાપાલાલ ગઢવાલા" જેમને પૂજ્યશ્રીની નિશ્રામાં સિદ્ધિતપની ઉપવાસથી મહાન તપશ્ચર્યા કરી હતી અને તે પ્રસંગે પંન્યાસપ્રવરશ્રીના સદુપદેશથી આ ગ્રંથના પ્રકાશનમાં રૂા ૨૦૦/– ની સહાય આપી લાભ લીધો હતો. તથા સુશ્રાવક શા. ચંદ્રકાન્ત રતીલાલ વીજાપુરવાળાએ આ પુસ્તક પ્રકાશનમાં રૂા. ૧૧૫) તથા સુશ્રાવક શા. રસીકલાલ મફતલાલ લોદરાવાલાએ રૂા. ૧૧૫) તથા મેસર્સ શા. મણીલાલ પરશોતમદાસ કોલ્હાપુર-વાળાએ રૂા. ૧૦૧) આપી લાભ લીધો હતો. તથા

તથા બીજા અનેક ભાઈબેનોએ આ પુસ્તકના પ્રકાશન માટે સહાય કરી છે. તેથી અમે સહાય દાતાઓનો ઘણો જ આભાર માનીએ છીએ.

પૂજ્યપન્યાસપ્રવરશ્રીએ પોતાના શિષ્યરત્ન વિદ્વાન મુનિરાજ શ્રીસૂર્યોદયવિજયજીગણિવરને આ લઘુગ્રંથનું સંપાદન કામ સોંપ્યું અને તેઓશ્રીએ ઘણી જ ચીવટ પૂર્વક તેનું સંપાદન કાર્ય કર્યું છે. તથા પૂજ્યપંન્યાસશ્રીએ મને પ્રકાશકીય કામ સોંપ્યું, તેથી તે બન્નેનો હું ઘણો જ આભાર માનું છું.

આ લઘુગ્રંથના મુદ્રણકાર્યમાં છદ્મસ્થ દોષથી અથવા પ્રેસદોષથી કોઈ ભૂલ રહેવા પામી હોય તો સુધારી વાંચવું. આ તત્ત્વાર્થસૂત્રનું વાંચન કરી સર્વ આત્માર્થીઓ શાન્તિ પ્રાપ્ત કરે એજ અભિલાષા.

લી. પ્રકાશક :

**દોશી નેમચંદ નાગજી મોણપરવાલા**

ના પ્રણામ (મુંબઈ)

# : સંપાદકીય :

પૂર્વે થઈ ગયેલા મહાન આચાર્યોએ પંચમકાળમાં જીવો આરાધનાથી વંચિત ન રહી જાય તે માટેનો બોધ આપતાં ઘણાંજ સૂત્રોની રચના કરી છે. તેમાં પણ ઉમાસ્વાતિ ભગવંતે કરેલી "શ્રી તત્વાર્થાધિગમ-સૂત્ર" ની રચના અપૂર્વ અને અજોડ છે. આ સૂત્ર પર સંસ્કૃતમાં પણ અનેક ટીકાઓની રચના થઇ છે. વર્તમાનમાં વિસ્તારથી અને સંક્ષેપથી ગુજરાતીમાં પણ અર્થના પુસ્તકો જોવા મળે છે.

પંચમકાલના વર્તમાન યુગમાં વિસ્તારથી થયેલી રચનાઓનો ઉપયોગ ખપી જીવો સમયના અભાવે જોઇએ તેવો કરી શકતા નથી. તેથી તેઓની સંક્ષિપ્ત રૂચિ સંતોષાય તે માટે ભદ્રંકરોદયાખ્યભાષાર્થ ઘણો જ ઉપયોગી હોવાથી મારા ગુરૂમહારાજશ્રીએ આ માટેનો શુભ પ્રયાસ કર્યો છે.

આ ગ્રંથની બીજી આવૃત્તિમાં શ્રીતત્ત્વાર્થાધિગમ-ભાષ્યકારિકામૂલ–તથા અંતિમોપદેશકારિકામૂલ તથા તત્ત્વાર્થાધિગસૂત્રનું મૂલ પણ વધારામાં મુકવામાં આવ્યું છે. જેથી સ્વાધ્યાય કરનારાઓને સુગમ પડે. તથા મૂલના અર્થમાં પણ કોઈ કોઈ સ્થળે સુધારો પણ કરવામાં આવ્યો છે. આ સૂત્રનો મૂલસ્વાધ્યાય કરનાર એક ઉપવાસનું ફલ મેળવે છે, એવી માન્યતા છે. ગ્રંથના અંતિમ ભાગમાં પ્રથમ અધ્યાયના સૂત્ર ૩૪ માં આવતા નયોના સ્વરૂપને અભ્યાસી વધુ સમજી શકે તે હેતુથી પ. પૂ. વિનયવિજયજી મહારાજ આદિ રચિત "નયકર્ણિકા" આદિ અર્થસહિત મુકવામાં આવ્યાં છે. (જે પૂર્વે અર્થ સાથે છપાયેલાં છે.)

મુમુક્ષવર્ગ આ તત્ત્વાર્થાધિગમ સૂત્રનો અભ્યાસ કરી મોક્ષમાર્ગને પ્રાપ્ત કરે એજ અભ્યર્થના. શુભં ભવતુ.

સંપાદક :
મુનિસૂર્યોદયવિજયગણિ.
તા. ૬–૧૧–૬૬

# ચંદનની સુવાસ છપાવવામાં સહાય્ર આપનારા ભાગ્યશાલીઓની નામાવલી.

૨૦૧) સૌ. રંભાબેન નાગરદાસ (વિજયડેકોરેટર્સ)
પોતાના દોઢ માસની તપશ્ચર્યા નિમિત્તે મુંબઇ

૨૦૧) ગં. સ્વ. તારાબેન બાપાલાલ ગઢવાલા
પોતાના સિદ્ધતપ નિમિત્તે ,,

૧૧૫) શા. ચંદ્રકાન્ત રતીલાલ વીજાપુરવાલા ,,

૧૧૫) શા. રસીકલાલ મફતલાલ લોદરાવાલા ,,

૧૦૧) મેસર્સ મણીલાલ પરસોતમદાસ કોલ્હાપુર

૫૧) શા. અચલદાસ રંગરાજજી ધાણેરાવવાલા મુંબઇ

૫૧) શા. હિરાલાલ પાનાચંદ પેટલાદવાલા ,,

૩૧) શા. ત્રંબકલાલ મણીલાલ ટીપટુર

૨૫) શા. દલીચંદ ગોપાલજી દોશી મુંબઇ

૨૫) શા. કપુરચંદ તેજમલ ખુડાલાવાલા ,,

૨૫) સંઘવી છગનલાલ સૌભાગચંદ ધાણેરાવવાલા ,,

૨૫) શા. જમનાલાલ મનરૂપલાલ ,,
૨૫) મહેતા ખુશાલદાસ કેસવજી ઘેટીવાલા
(જવાહરનગર) ,,
૨૫) સોભાગચંદ નાનાભાઈ લાકડાવાલા સુરત
૨૫ શા. માણેકલાલ ચાંપસી મુંબઇ
૨૫ એક બેન તરફથી ,,
૨૫) જમકુબેન ગુલાબચંદ ,,
૨૫) સ્વ. ધીરજલાલ પ્રતાપસી મણીયાર
હા. અભયકુમાર ,,
૨૫) સૌ. નીતાબેન નવીનચંદ્ર શાહ ,,
૨૫) રસીલાબેન રમેશચંદ્ર ,,
૨૫) સ્વર્ગસ્થ વસુમતીબેન ચંદુલાલ
અમદાવાદવાલા હા. કુસુમ ,,
૨૫) સૌ. પદ્માબેન બચુભાઇ પાટણવાલા ,,
૨૫) શા. શાન્તિલાલ મણીલાલ સાલડીવાલા ,,

૨૫) કોઠારી પુખરાજ મુલચંદજી ,,
૨૫) મુમુક્ષુ મોંઘીબેન બચુભાઇ ખીમજી શાન્તાક્રુઝ
૨૫) સૌ. હસુમતી પુંડરીકલાલ ચોકસી
ખંભાતવાલા મુંબઇ
૨૫) શા. બાબુલાલ માણેકચંદ ,,
૨૫) શા. જયંતીલાલ જીવાભાઇ માણેકલાલ
ખંભાતવાલા ,,
૨૫) ઝવેરી નવલચંદ બાલુભાઇ ,,
૨૫) શા. જયંતીલાલ વાડીલાલ મહેતા ,,
૨૫) સૌ. ચંદ્રાવતીબેન મણીલાલ ,,
૨૫) શા. ગુલાબચંદ ચેનાજી ,,
૨૫) શા. અમરચંદ માણેકચંદ ક્રાંકચવાલા ,,
૨૫) શા. નેમચંદ નાગજી મોણપરવાલા ,,
૨૫) શા. નારાયણમલ જેરૂપજી હા. સોનમલજી બીજાપુર
૨૫) મેસર્સ પોપટલાલ દુલભસી શાહ કોલ્હાપુર

૨૫) સૌ. હીરાલક્ષ્મી શાંતિલાલ મહેતા મુંબઈ

૨૧) સૌ. હસુમતીબેન હરીલાલ
(માસખમણની તપશ્ચર્યા નિમિત્તે) ,,

૧૫) શા. કેશવલાલ મોહનલાલ ,,

૧૫) સૌ. ભગવતીબેન ચીમનલાલ ,,

૧૫) પુષ્પાવંતી વર્ધમાન શાહ (સિહોર) ,,

૨૫) સૌ. કાન્તા રમણલાલ શાહ સમૌવાલા ,,

૩૧) પન્નાબેન છનાલાલ ગાંધી (ખંભાતવાળા)
અઠ્ઠાઈની તપશ્ચર્યા નિમીત્તે ,,

卐

# શુદ્ધપત્રમ

| અ. | શુદ્ધિ | પૃષ્ઠાંક | પંક્તિ |
|---|---|---|---|
| रम्मक | रम्भक | ૧ | ૫ |
| घिकरण | धिकरण | ૯ | ૭ |
| प्व | ष्व | ૧૦ | ૭ |
| अपशमिक | औपशमिक | ૧૦ | ૧૬ |
| स्पर्ज्ञन | स्पर्शन | ૧૧ | ૧૫ |
| मर्हूर्ते | मुहूर्ते | ૧૪ | ૯ |
| तृतीय | तृतीयः | ૧૪ | ૧૨ |
| घ्रति | द्युति | ૧૫ | ૧૧ |
| घिपतीनां | धिपतीनां | ૧૬ | ૨ |
| जधन्या | जघन्या | ૧૬ | ૧૭ |
| कन्तिभि | कान्तिभि | ૩૭ | ૨ |
| नगम | नैगम | ૬૦ | ૬ |
| द्योनय | द्योनयः | ૬૮ | ૧૩ |

# સમર્પણ

મારા પરમ ઉપકારી મોક્ષમાર્ગના પ્રેરક અને
મારા હિતચિંતક-પરમ પૂજ્ય-પ્રગુરૂ
સમર્થ વ્યાખ્યાનકાર કવિવર-આચાર્ય
**દેવ શ્રીવિજયયશોભદ્રસૂરીશ્વરજી**
મહારાજ સાહેબના કરકમલમાં
આ ચંદનની સુવાસ ભાગ-૨
(બ) ની બીજી આવૃત્તિ
સવિનય-સમર્પણ કરી મારા આત્માને
ધન્ય માનું છું.

આપનો આજ્ઞાંકિત
**સૂર્યોદયવિજયગણિ**

# श्रीतत्त्वार्थाधिगमसूत्रम्

इमां समक्षं प्रतिपक्षसाक्षिणा-
मुदारघोषामवघोषणां ब्रुवे ।
न वीतरागात् परमस्ति दैवतं,
न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥

"अयोगव्यवच्छेद……"

અ. સૌ. રંભાબહેન નાગરદાસ
(વિજય ડેકોરેટર્સવાળા)



જેઓએ સં. ૨૦૨૨ ની સાલમાં
૪૫-ઉપવાસની મહાન તપશ્ચર્યા કરી હતી.

# ॥ तत्त्वार्थाधिगमभाष्यकारिकाः ॥

सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति।
दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥१॥
जन्मनि कर्मक्लेशै-रनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम्।
कर्मक्लेशाभावो, यथा भवत्येष परमार्थः ॥ २ ॥
परमार्थालाभे वा, दोषेष्वारम्भकस्वभावेषु ।
कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म ॥ ३ ॥
कर्माहितमिह चामु-त्रचाधमतमो नरः समारभते ।
इह फलमेव त्वधमो, विमध्यमस्तूभयफलार्थम्॥४॥
परलोकहितायैव, प्रवर्तते मध्यमः क्रियासु सदा
मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमः पुरुषः॥५॥
यस्तु कृतार्थोऽप्युत्तममवाप्यधर्मं परेभ्य उपदिशति
नित्यं स उत्तमेभ्योऽप्युत्तम इति पूज्यतम एव ॥६॥
तस्मादर्हति पूजा-मर्हन्नेवोत्तमोत्तमो लोके ।
देवर्षिनरेन्द्रेभ्यः, पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ॥७॥
अभ्यर्चनादर्हतां, मनःप्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयस मतो हि तत्पूजनं न्याय्यम्॥८॥

तीर्थप्रवर्तनफलं, यत्प्रोक्तं कर्म तीर्थकरनाम ।
तस्योदयात्कृतार्थोऽप्यर्हंस्तीर्थं प्रवर्तयति ॥ ९ ॥
तत्स्वाभाव्यादेव, प्रकाशयतिभास्करो यथा लोकम्
तीर्थप्रवर्तनाय, प्रवर्तते तीर्थकर एवम् ॥ १० ॥

यः शुभकर्मासेवन-भावितभावो भवेष्वनेकेषु ।
जज्ञे ज्ञातेक्ष्वाकुषु, सिद्धार्थनरेन्द्रकुलदीपः ॥ ११ ॥

ज्ञानैः पूर्वाधिगतै-रप्रतिपतितैर्मतिश्रुतावधिभिः ।
त्रिभिरपि शुद्धैर्युक्तः, शैत्यद्युतिकान्तिभिरिवेन्दुः॥
शुभसारसत्त्वसंहन-नवीर्यमाहात्म्यरूपगुणयुक्तः ।
जगति महावीर इति, त्रिदशैर्गुणतःकृताभिख्यः॥१३॥

स्वयमेव बुद्धतत्त्वः, सत्त्वहिताभ्युद्यताचलितसत्त्वः
अभिनन्दितशुभसत्त्वः, सेन्द्रैर्लोकान्तिकैर्देवैः ॥१४॥
जन्मजरामरणार्त्तं, जगदशरणमभिसमीक्ष्य
निःसारम् ।
स्फीतमपहाय राज्यं, शमाय धीमान्प्रवव्राज ॥१५॥
प्रतिपद्याशुभशमनं, निःश्रेयससाधकंश्रमणलिङ्गम् ।
कृतसामायिककर्मा, व्रतानि विधिना समारोप्य॥१६॥

सम्यक्त्वज्ञानचारित्र-संवरतपःसमाधिबलयुक्तः ।
मोहादीनि निहत्या-शुभानि चत्वारि कर्माणि॥१७॥
केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ।
लोकहिताय कृतार्थो-ऽपि देशयामास तीर्थमिदम् ॥
द्विविधमनेकद्वादश विधं महाविषयममितग-
मयुक्तम् ।
संसारार्णवपारग-मनाय दुःखक्षयायालम् ॥ १९ ॥
ग्रन्थार्थवचनपटुभिः, प्रयत्नवद्भिरपि
वादिभिर्निपुणैः ।
अनभिभवनीयमन्यै-र्भास्कर इव सर्वतेजोभिः॥२०॥
कृत्वा त्रिकरणशुद्धं, तस्मै परमर्षये नमस्कारम् ।
पूज्यतमाय भगवते, वीराय विलीनमोहाय ॥२१॥
तत्त्वार्थाधिगमाख्यं, बह्वर्थं सङ्ग्रहं लघुग्रन्थम् ।
वक्ष्यामि शिष्यहितमिम-मर्हद्वचनैकदेशस्य ॥२२॥
महतोऽतिमहाविषय-स्य दुर्गमग्रन्थभाष्यपारस्य ।
कः शक्तः प्रत्यासं, जिनवचनमहोदधेः कर्तुम् ॥२३॥
शिरसा गिरिं बिभित्से-दुच्चिक्षिप्सेच्च सक्षितिं दोर्भ्याम् ।
प्रतितीर्षेच्च समुद्रं, मित्सेच्च पुनः कुशाग्रेण ॥२४॥

व्योम्नीन्दुं चिक्रमिषे-न्मेरुगिरिं पाणिना
चिकम्पयिषेत् ।
गत्याऽनिलं जिगीषे-च्चरमसमुद्रं पिपासेच्च ॥२५॥
खद्योतकप्रभाभिः, सोऽभिबुभूषेच्च भास्करं मोहात् ।
योऽतिमहाग्रन्थार्थं, जिनवचनं सञ्जिघृक्षेत ॥२६॥
एकमपि तु जिनवचना-द्यस्मान्निर्वाहकं पदं भवति ।
श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः ॥२७॥
तस्मात्तत्प्रामाण्यात्, समासतो व्यासतश्च
जिनवचनम् ।
श्रेय इति निर्विचारं, ग्राह्यं धार्यं च वाच्यं च ॥२८॥
न भवति धर्मःश्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्धया, वक्तुस्त्वेकान्ततो भवति ॥२९॥
श्रममविचिन्त्यात्मगतं, तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम्
आत्मानं च परं च हि, हितोपदेष्टानुगृह्णाति ॥३०॥
नर्ते च मोक्षमार्गा-द्धितोपदेशोऽस्ति जगति
कृत्स्नेऽस्मिन् ।
तस्मात्परमिदमेवे-ति मोक्षमार्गं प्रवक्ष्यामि ॥३१॥

✻

## ( अन्तिमोपदेशकारिका: )

एवं तत्त्वपरिज्ञाना-द्विरक्तस्यात्मनो भृशम् ।
निरास्रवत्वाच्छिन्नायां, नवायां कर्मसन्ततौ ॥ १ ॥
पूर्वार्जितं क्षपयतो, यथोक्तैः क्षयहेतुभिः ।
संसारबीजं कार्त्स्न्येन, मोहनीयं प्रहीयते ॥ २ ॥
ततोऽन्तरायज्ञानघ्न-दर्शनघ्नान्यनन्तरम् ।
प्रहीयन्तेऽस्य युगपत्, त्रीणि कर्माण्यशेषतः ॥ ३ ॥
गर्भसूच्यां विनष्टायां, यथा तालो विनश्यति ।
तथा कर्मक्षयं याति, मोहनीये क्षयं गते ॥ ४ ॥
ततः क्षीणचतुष्कर्मा प्राप्तोऽथाख्यातसंयमम् ।
बीजबन्धननिर्मुक्तः स्नातकः परमेश्वरः ॥ ५ ॥
शेषकर्मफलापेक्षः शुद्धो बुद्धो निरामयः ।
सर्वज्ञः सर्वदर्शी च, जिनो भवति केवली ॥ ६ ॥
कृत्स्नकर्मक्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति ।
यथा दग्धेन्धनो वह्नि-र्निरुपादानसन्ततिः ॥७॥
दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे, नारोहति भवाङ्कुरः ॥८॥

तदनन्तरमेवोर्ध्व-मालोकान्तात् स गच्छत ।
पूर्वप्रयोगासङ्गत्व-बन्धच्छेदोर्ध्वगोरवैः ॥ ९ ॥

कुलालचक्रे दोलाया-मिषौ चापि यथेष्यते ।
पूर्वप्रयोगात्कर्मेह, तथा सिद्धिगतिः स्मृता ॥१०॥

मृल्लेपसङ्गनिर्मोक्षा-द्यथा दृष्टाप्स्वलाबुनः ।
कर्मसङ्गविनिर्मोक्षा-त्तथा सिद्धिगतिः स्मृता ॥११॥

एरण्डयन्त्रपेडासु, बन्धच्छेदाद्यथा गतिः ।
कर्मबन्धनविच्छेदात्, सिद्धस्यापि तथेष्यते ॥१२॥

ऊर्ध्वगौरवधर्माणो, जीवा इति जिनोत्तमैः ।
अधोगौरवधर्माणः, पुद्गला इति चोदितम् ॥१३॥

यथाऽधस्तिर्यगूर्ध्वं च, लोष्ठवाय्वग्निवीतयः ।
स्वभावतः प्रवर्तन्ते, तथोर्ध्वं गतिरात्मनाम् ॥१४॥

अतस्तु गतिवैकृत्य-मेषां यदुपलभ्यते ।
कर्मणः प्रतिघाताच्च, प्रयोगाच्च तदिष्यते ॥१५॥

अधस्तिर्यगथोर्ध्वं च, जीवानां कर्मजा गतिः ।
ऊर्ध्वमेव तु तद्धर्मा भवति क्षीणकर्मणाम् ॥१६॥

द्रव्यस्य कर्मणो यद्व-दुत्पत्त्यारम्भवीतयः ।
समं तथैव सिद्धस्य, गतिमोक्षभवक्षयाः ॥१७॥

उत्पत्तिश्च विनाशश्च, प्रकाशतमसोरिह ।
युगपद्भवतो यद्वत् , तथा निर्वाणकर्मणोः । १८॥

तन्वी मनोज्ञा सुरभिः, पुण्या परमभास्वरा ।
प्राग्भारानामवसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता ॥१९॥

नृलोकतुल्यविष्कम्भा, सितच्छत्रानभा शुभा ।
उर्ध्वं तस्याः क्षितेःसिद्धा, लोकान्ते समवस्थिताः ॥

तादात्म्यादुपयुक्तास्ते, केवलज्ञानदर्शनैः ।
सम्यक्त्वसिद्धतावस्था-हेत्वभावाच्च निष्क्रियाः ॥

ततोऽप्यूर्ध्वं गतिस्तेषां, कस्मान्नास्तीति चेन्मतिः ।
धर्मास्तिकायस्याभावा-त्स हि हेतुर्गतेः परः ॥२२॥

संसारविषयातीतं, मुक्तानामव्ययं सुखम् ।
अव्याबाधमिति प्रोक्तं, परमं परमर्षिभिः ॥२३॥

स्यादेतदशरीरस्य, जन्तोर्नष्टाष्टकर्मणः ।
कथं भवति मुक्तस्य, सुखमित्यत्र मे शृणु ॥२४॥

लोके चतुर्ष्विहार्थेषु, सुखशब्दः प्रयुज्यते ।
विषये वेदनाऽभावे, विपाके मोक्ष एव च ॥२५॥
सुखो वह्निः सुखो वायु-र्विषयेष्विह कथ्यते ।
दुःखाभावे च पुरुषः, सुखितोऽस्मीति मन्यते ॥
पुण्यकर्मविपाकाच्च, सुखमिष्टेन्द्रियार्थजम् ।
कर्मक्लेशविमोक्षाच्च, मोक्षे सुखमनुत्तमम् । ॥२७॥
सुस्वप्नसुप्तवत्केचि-दिच्छन्ति परिनिर्वृतिम् ।
तदयुक्तं क्रियावत्त्वा-त्सुखानुशयतस्तथा ॥ २८ ॥
श्रमक्लममदव्याधि-मदनेभ्यश्च सम्भवात् ।
मोहोत्पत्तेर्विपाकाच्च, दर्शनघ्नस्य कर्मणः ॥ २९ ॥
लोके तत्सदृशो ह्यर्थः, कृत्स्नेऽप्यन्यो न विद्यते ।
उपमीयेत तद्येन, तस्मान्निरुपमं सुखम् ॥ ३० ॥
लिङ्गप्रसिद्धेः प्रामाण्या-दनुमानोपमानयोः ।
अत्यन्तं चाप्रसिद्धं त-द्यत्तेनानुपमं स्मृतम् ॥३१॥
प्रत्यक्षं तद्भगवता-मर्हतां तैश्च भाषितम् ।
गृह्यतेऽस्तीत्यतः प्राज्ञै-र्न च्छद्मस्थपरीक्षया ॥३२॥

# ॥ श्रीतत्त्वार्थाधिगमसूत्राणि ॥

## प्रथमोऽध्यायः ।

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥ १ ॥ तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥ २ ॥ तन्निसर्गादधिगमाद् वा ॥ ३ ॥ जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥ ४ ॥ नामस्थापना द्रव्यभावतस्तन्न्यासः ॥ ५ ॥ प्रमाणनयैरधिगमः ॥ ६ ॥ निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ॥ ७ ॥ सत्सङ्ख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥ ८ ॥ मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ॥ ९ ॥ तत् प्रमाणे ॥ १० ॥ आद्ये परोक्षम् ॥ ११ ॥ प्रत्यक्षमन्यत् ॥ १२ ॥ मतिः स्मृतिः सञ्ज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् ॥ १३ ॥ तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ॥ १४ ॥ अवग्रहेहापायधारणाः ॥ १५ ॥ बहु–बहुविध–क्षिप्राऽनिश्रिता-ऽसन्दिग्ध (तानुक्त)–ध्रुवाणां सेतराणाम् ॥ १६ ॥ अर्थस्य ॥ १७ ॥ व्यञ्जनस्यावग्रहः ॥ १८ ॥ न चक्षुर-

निन्द्रियाभ्याम् ॥ १९ ॥ श्रुतं मतिपूर्वं द्वयनेकद्वादश-भेदम् ॥ २० ॥ द्विविधोऽवधिः ॥ २१ ॥ भवप्रत्ययो नारकदेवानाम् ॥ २२ ॥ यथोक्तनिमित्तःषड् विकल्पः शेषाणाम् ॥२३॥ ऋजुविपुलमती मनःपर्यायः ॥२४॥ विशुद्धयप्रतिपाताभ्यां तद्विशेषः ॥ २५ ॥ विशुद्धिक्षेत्र-स्वामिविषयेभ्योऽवधि–मनपर्याययोः ॥ २६ ॥ मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ॥ २७ ॥ रूपिष्ववधेः ॥ २८ ॥ तदनन्तभागे मनःपर्यायस्य ॥२९॥ सर्वद्रव्यपर्यायेषु केवलस्य ॥३०॥ एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ॥३१॥ मतिश्रुता-वधयो विपर्ययश्च ॥ ३२ ॥ सदसतोरविशेषाद् यदृ-च्छोपलब्धेरुन्मत्तवत् ॥ ३३ ॥ नैगमसङ्ग्रहव्यवहार-र्जुसूत्रशब्दा नयाः ॥ ३४ ॥ आद्य-शब्दौ द्वि–त्रिभेदौ ॥ ३५ ॥ इति प्रथमोऽध्यायः ॥ १ ॥

## द्वितीयोऽध्यायः

अ पशमिक-क्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक–पारिणामिकौ च ॥ १ ॥ द्वि–नवा–

ऽष्टादशै-क-विंशति-त्रिभेदा यथाक्रमम् ॥२॥ सम्यक्त्व-चारित्रे ॥३॥ ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च॥४॥ ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः (यथाक्रमं) सम्यक्त्वचारित्रसंयमासंयमश्च ॥५॥ गति-कषाय-लिङ्ग-मिथ्यादर्शना-ऽज्ञाना--ऽसंयता--ऽसिद्ध-त्व-लेश्या-श्चतु श्चतु-स्त्र्ये-कै-कै-कै-क-षड्भेदाः ॥ ६ ॥ जीवभव्याभव्यत्वादीनि च ॥ ७ ॥ उपयोगो लक्षणम् ॥ ८ ॥ स द्विविधोऽष्टचतुर्भेदः ॥ ९ ॥ संसारिणो मुक्ताश्च ॥१०॥ समनस्कामनस्काः ॥११॥ संसारिणस्त्रसस्थावराः ॥१२॥ पृथिव्यम्बुवनस्पतयः स्थावराः ॥ १३ ॥ तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः ॥ १४ ॥ पञ्चेन्द्रियाणि ॥ १५ ॥ द्विविधानि ॥१६॥ निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥ १७ ॥ लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥ १८ ॥ उपयोगः स्पर्शादिषु ॥ १९ ॥ स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि ॥ २० ॥ स्पर्शरस-गन्धवर्णशब्दास्तेषामर्थाः ॥ २१ ॥ श्रुतमनिन्द्रियस्य ॥ २२ ॥ वाय्वन्तानामेकम् ॥ २३ ॥ कृमिपिपीलिका-

भ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ॥ २४ ॥ सञ्ज्ञिनः समनस्काः ॥ २५ ॥ विग्रहगतौ कर्मयोगः ॥ २६ ॥ अनुश्रेणि गतिः ॥ २७ ॥ अविग्रहा जीवस्य ॥ २८॥ विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ॥ २९ ॥ एकसमयोऽविग्रहः ॥ ३० ॥ एकं द्वौ वाऽनाहारकः ॥ ३१ ॥ सम्मूर्च्छनगर्भोपपाता जन्म ॥ ३२ ॥ सचित्तशीतसंवृताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ॥ ३३ ॥ जराय्वण्डपोतजानां गर्भः ॥ ३४ ॥ नारकदेवानामुपपातः ॥ ३५ ॥ शेषाणां सम्मूर्च्छनम् ॥ ३६ ॥ औदारिकवैक्रियाहारकतैजस-कार्मणानि शरीराणि ॥ ३७ ॥ (तेषां) परं परं सूक्ष्मम् ॥ ३८ ॥ प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसात् ॥ ३९ ॥ अनन्तगुणे परे ॥४०॥ अप्रतिघाते ॥ ४१ ॥ अनादिसम्बन्धे च ॥ ४२ ॥ सर्वस्य ॥ ४३ ॥ तदादीनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः ॥ ४४ ॥ निरुपभोगमन्त्यम् ॥ ४५॥ गर्भसम्मूर्च्छनज-माद्यम् ॥ ४६ ॥ वैक्रियमौपपातिकम् ॥ ४७ ॥

लब्धिप्रत्ययं च ॥ ४८ ॥ शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्यैव ॥४९॥ नारकसम्मूर्छिनो नपुंसकानि ॥ ५० ॥ न देवाः ॥ ५१ ॥ औपपातिकचरमदेहोत्तमपुरुपासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ॥ ५२ ॥ इति द्वितीयोऽध्यायः ॥ २ ॥

## तृतीयोऽध्यायः ।

रत्नशर्करावालुकापङ्कधूमतमोमहा तमःप्रभाभूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठाः रूप्ताधोऽधः पृथुतराः ॥ १ ॥ तासु नरकाः ॥ २ ॥ नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ॥३॥ परस्परोदीरितदुःखा ॥ ४ ॥ सङ्क्लिष्टसुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥ ५ ॥ तेष्वेक-त्रि-सप्त-दश-सप्तदश - द्वाविंशति - त्रयस्त्रिंशत्सागरोपमाः सत्त्वानां परा स्थितिः ॥ ६ ॥ जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः ॥ ७ ॥ द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ॥ ८ ॥ तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्र-

विष्कम्भो जम्बूद्वीपः ॥ ९ ॥ तत्र भरतहैमवत-हरिविदेहरम्यकहैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ॥१०॥ तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषधनीलरुक्मिशिखरिणो वर्षधरपर्वताः ॥ ११ ॥ द्विर्धातकीखण्डे ॥ १२ ॥ पुष्करार्धे च ॥ १३ ॥ प्राङ्मानुषोत्तरान्मनुष्याः ॥ १४ ॥ आर्या म्लिशश्च ॥ १५ ॥ भरतैरावत-विदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः ॥ १६ ॥ नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ॥ १७ ॥ तिर्यग्योनीनां च ॥ १८ ॥ इति तृतीयोऽध्यायः ॥ ३ ॥

## चतुर्थोऽध्यायः

देवाश्चतुर्निकायाः ॥ १ ॥ तृतीय पीतलेश्यः ॥२॥ दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ताः ॥ ३ ॥ इन्द्रसामानिकत्रायस्त्रिंशपारिषद्यात्मरक्षलोकपालानीकप्रकीर्णकाभियोग्यकिल्बिषिकाश्चैकशः ॥४॥ त्रायस्त्रिंशलोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः ॥ ५ ॥ पूर्वयोर्द्वीन्द्राः ॥६॥ पीतान्तलेश्याः ॥७॥ कायप्रवीचारा आ ऐशानात् ॥८॥ शेषाः स्पर्शरूपशब्दमनःप्रवीचारा द्वयोर्द्वयोः ॥९॥ परेऽप्रवीचाराः ॥१०॥ भवनवासि-

नोऽसुरनागविद्युत्सुपर्णाग्निवातस्तनितोदधिद्वीपदिक्कुमाराः ॥११॥ व्यंतराः किन्नरकिम्पुरुषमहोरगगान्धर्वयक्षराक्षसभूतपिशाचाः ॥ १२ ॥ ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रहनक्षत्रप्रकीर्णतारकाश्च ॥ १३ ॥ मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ॥१४॥ तत्कृतः कालविभागः ॥१५॥ बहिरवस्थिताः॥१६॥ वैमानिकाः ॥१७॥ कल्पोपपन्नाः कल्पातीताश्च ॥१८॥ उपर्युपरि ॥१९॥ सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तकमहाशुक्रसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धे च ॥२०॥ स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धीन्द्रियावधिविषयतोऽधिकाः ॥२१॥ गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः ॥२२॥ पीत-पद्म-शुक्ललेश्या द्वि-त्रि-शेषेषु ॥ २३ ॥ प्राग् ग्रैवेयकेभ्यः कल्पाः ॥२४॥ ब्रह्मलोकालया लोकान्तिकाः ॥२५॥ सारस्वतादित्यवह्न्यरुणगर्दतोयतुषिताव्याबाधमरुतोऽरिष्टाश्च ॥२६॥ विजयादिषु द्विचरमाः ॥२७॥ औपपाति-

कमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ॥२८॥ स्थितिः ॥२९॥ भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ॥३०॥ शेषाणां पादोने ॥३१॥ असुरेन्द्रयोः सागरोपममधिकं च ॥३२॥ सौधर्मादिषु यथाक्रमम् ॥३३॥ सागरोपमे ॥ ३४ ॥ अधिके च ॥ ३५ ॥ सप्त सानत्कुमारे ॥३६॥ त्रिशेषत्रिसप्तदशैकादशत्रयोदशपञ्चदशभिरधिकानि च ॥ ३७ ॥ आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ॥ ३८ ॥ अपरा पल्योपममधिकं च ॥ ३९ ॥ सागरोपमे ॥ ४० ॥ अधिके च ॥ ४१ ॥ परतः परतः पूर्वा पूर्वाऽनन्तरा ॥ ४२ ॥ नारकाणां च द्वितीयादिषु ॥ ४३ ॥ दश वर्षसहस्राणि प्रथमायाम् ॥ ४४ ॥ भवनेषु च ॥ ४५ ॥ व्यन्तराणां च ॥ ४६ ॥ परा पल्योपमम ॥ ४७ ॥ ज्योतिष्काणामधिकम् ॥ ४८ ॥ ग्रहाणामेकम् ॥ ४९ ॥ नक्षत्राणामर्धम् ॥ ५० ॥ तारकाणां चतुर्भागः ॥ ५१ ॥ जघन्या त्वष्टभागः ॥ ५२ ॥ चतुर्भागः शेषाणाम् ॥ ५२ ॥ इति चतुर्थोऽध्यायः ॥ ४ ॥

## पञ्चमोऽध्यायः ।

॥ ५ ॥ अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ॥ १ ॥ द्रव्याणि जीवाश्च ॥ २ ॥ नित्यावस्थितान्यरूपीणि ॥ ३ ॥ रूपिणः पुद्गलाः ॥ ४ ॥ आऽऽकाशादेकद्रव्याणि ॥ ५ ॥ निष्क्रियाणि च ॥ ६ ॥ असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः ॥ ७ ॥ जीवस्य च ॥ ८ ॥ आकाशस्यानन्ताः ॥ ९ ॥ सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् ॥ १० ॥ नाणोः ॥ ११ ॥ लोकाकाशेऽवगाहः ॥ १२ ॥ धर्माधर्मयोः कृत्स्ने ॥ १३ ॥ एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ॥ १४ ॥ असङ्ख्येयभागादिषु जीवानाम् ॥ १५ ॥ प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत् ॥ १६ ॥ गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ॥ १७ ॥ आकाशस्यावगाहः ॥ १८ ॥ शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ॥ १९ ॥ सुखदुःखजीवितमरणोपग्रहाश्च ॥ २० ॥ परस्परोपग्रहो जीवानाम् ॥ २१ ॥ वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य ॥ २२ ॥ स्पर्शरस-

गन्धवर्णवन्तः पुद्गलाः ॥ २३ ॥ शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छायाऽऽतपोद्द्योतवन्तश्च ॥२४॥ अणवः स्कन्धाश्च ॥ २५ ॥ सङ्घातभेदेभ्य उत्पद्यन्ते ॥ २६ ॥ भेदादणुः ॥ २७ ॥ भेदसङ्घाताभ्यां चाक्षुषाः ॥ २८ ॥ उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ॥ २९ ॥ तद्भावाव्ययं नित्यम् ॥ ३० ॥ अर्पितानर्पितसिद्धेः ॥ ३१ ॥ स्निग्धरूक्षत्वाद् बन्धः ॥ ३२ ॥ न जघन्यगुणानाम् ॥ ३३ ॥ गुणसाम्ये सदृशानाम् ॥ ३४ ॥ द्व्यधिकादिगुणानां तु ॥ ३५ ॥ बन्धे समाधिकौ पारिणामिकौ ॥ ३६ ॥ गुणपर्यायवद् द्रव्यम् ॥ ३७ ॥ कालश्चेत्येके ॥ ३८ ॥ सोऽनन्तसमयः ॥ ३९ ॥ द्रव्याश्रया निर्गुणा गुणाः ॥ ४० ॥ तद्भावः परिणामः ॥ ४१ ॥ अनादिरादिमांश्च ॥ ४२ ॥ रूपिष्वादिमान् ॥ ४३ ॥ योगोपयोगौ जीवेषु ॥ ४४ ॥ इति पञ्चमोऽध्यायः ॥ ५ ॥

## षष्ठोऽध्यायः

॥ ६ ॥ कायवाङ्मनःकर्म योगः ॥ १ ॥ स आस्रवः ॥ २ ॥ शुभः पुण्यस्य ॥ ३ ॥ अशुभः

पापस्य ॥ ४ ॥ सकषायाकषाययोः साम्परायिकेर्या-
पथयोः ॥ ५ ॥ अव्रत-कषाये-न्द्रिय-क्रियाः पञ्च-
चतुः-पञ्च-पञ्चविंशतिसङ्ख्याःपूर्वस्य भेदाः ॥ ६ ॥
तीव्रमन्दज्ञाताज्ञातभावीर्याधिकरणविशेषेभ्यस्तद्वि-
शेषः ॥ ७ ॥ अधिकरणं जीवाजीवाः ॥ ८ ॥ आद्यं
संरम्भसमारम्भारम्भयोगकृतकारितानुमतकषायविशे-
षैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥ ९ ॥ निर्वर्तनानिक्षेप-
संयोगनिसर्गा द्विचतुर्द्वित्रिभेदाः परम् ॥ १० ॥
तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ज्ञान-
दर्शनावरणयोः ॥ ११ ॥ दुःखशोकतापाक्रन्दनवध-
परिदेवनान्यात्मपरोभयस्थान्यसद्वेद्यस्य ॥ १२ ॥
भूतव्रत्यनुकम्पा दानं सरागसंयमादि योगः क्षान्तिः
शौचमिति सद्वेद्यस्य ॥ १३ ॥ केवलिश्रुतसङ्घधर्म-
देवावर्णवादो दर्शनमोहस्य ॥ १४ ॥ कषायोदयात्
तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ॥ १५ ॥ बह्वारम्भ-
परिग्रहत्वं च नारकस्यायुषः ॥ १६ ॥ माया
तैर्यग्योनस्य ॥ १७ ॥ अल्पारम्भपरिग्रहत्वं स्वभाव-
मार्दवार्जवं च मानुषस्य ॥ १८ ॥ निःशीलव्रतत्वं

च सर्वेषाम् ॥ १९ ॥ सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि देवस्य ॥ २० ॥ योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ॥ २१ ॥ विपरीतं शुभस्य ॥ २२ ॥ दर्शनविशुद्धिर्विनयसम्पन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णं ज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसी सङ्घसाधुसमाधिर्वैयावृत्त्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्य-कापरिहाणिर्मार्गप्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ॥२३॥ परात्मनिन्दाप्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥ २४ ॥ तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥ २५ ॥ विघ्नकरणमन्तरायस्य ॥ २३ ॥
॥ इति षष्ठोऽध्यायः ॥ ६ ॥

## सप्तमोऽध्यायः

हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ॥ १ ॥ देशसर्वतोऽणुमहती ॥ २ ॥ तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ॥ ३ ॥ हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम् ॥ ४ ॥ दुःखमेव वा ॥ ५ ॥

मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यानि सत्त्व-गुणाधिक-क्लिश्यमाना-ऽविनेयेषु ॥६॥ जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ॥ ७ ॥ प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ॥ ८ ॥ असदभिधानमनृतम् ॥ ९ ॥ अदत्तादानं स्तेयम् ॥ १० ॥ मैथुनमब्रह्म ॥ ११ ॥ मूर्च्छा परिग्रहः ॥ १२ ॥ निःशल्यो व्रती ॥ १३ ॥ अगार्यनगारश्च ॥ १४ ॥ अणुव्रतोऽगारी ॥ १५ ॥ दिग्देशानर्थदण्डविरतिसामायिकपौषधोपवासोपभोगपरिभोगातिथिसंविभागव्रतसम्पन्नश्च ॥ १६ ॥ मारणान्तिकीं संलेखनां जोषिता ॥ १७ ॥ शङ्काऽऽकाङ्क्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टेरतिचाराः ॥ १८ ॥ व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ॥ १९ ॥ बन्धवधच्छविच्छेदातिभाराऽऽरोपणान्नपाननिरोधाः ॥ २० ॥ मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासापहारसाकारमन्त्रभेदाः ॥ २१ ॥ स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रमहीनाधिकमानोन्मानप्रतिरूपकव्यवहाराः ॥ २२ ॥ परविवाहकरणेत्वरपरिगृहीताऽपरिगृहीतागमनाऽन-

ङ्गक्रीडातीव्रकामाभिनिवेशाः ॥ २३ ॥ क्षेत्रवास्तु-हिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यप्रमाणातिक्रमाः ॥ २४ ॥ ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्त-र्धानानि ॥ २५ ॥ आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपा-तपुद्गलक्षेपाः ॥ २६ ॥ कन्दर्पकौत्कुच्यमौखर्यासमीक्ष्याधिकरणोपभोगाधिकत्वानि ॥ २७ ॥ योग-दुष्प्रणिधानाऽनादरस्मृत्यनुपस्थापनानि ॥ २८ ॥ अप्रत्यवेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपसंस्तारोपक्र-मणानादरस्मृत्यनुपस्थापनानि ॥ २९ ॥ सचित्त-सम्बद्धसम्मिश्राभिषवदुष्पक्वाहाराः ॥ ३० ॥ सचित्त-निक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ॥३१॥ जीवितमरणाशंसामित्रानुरागसुखानुबन्धनिदानकर-णानि ॥ ३२ ॥ अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ॥ ३३ ॥ विधिद्रव्यदातृपात्रविशेषात् तद्विशेषः ॥ ३४ ॥ ॥

इति सप्तमोऽध्यायः ॥ ७ ॥

## अध्याय-८

॥ ८ ॥ मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ॥१॥ सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते ॥२॥ स बन्धः ॥३॥ प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः ॥ ४ ॥ आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायाः ॥ ५ ॥ पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् ॥ ६ ॥ मत्यादीनाम् ॥ ७ ॥ चक्षुरचक्षुरवधिकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानगृद्धिवेदनीयानि च ॥ ८ ॥ सदसद्वेद्ये ॥ ९ ॥ दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्यास्त्रिद्विषोडशनवभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयानि कषायनोकषायावनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरणसञ्ज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभहास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्रीपुंनपुंसकवेदाः ॥१०॥ नारकतैर्यग्योनमानुषदैवानि ॥११॥ गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घातसंस्थानसंहननस्पर्शरस-

गन्धवर्णानुपूर्व्यगुरुलघूपघातपराघातातपोद्द्योतोच्छ्वास विहायोगतयः प्रत्येकशरीरत्रससुभगसुस्वरशुभसूक्ष्मपर्याप्तस्थिरादेययशांसि सेतराणि तीर्थकृत्त्वं च ॥ १२ ॥ उच्चैर्नीचैश्च ॥ १३ ॥ दानादीनाम् ॥ १४ ॥ आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटाकोटयः परा स्थितिः ॥ १५ ॥ सप्ततिर्मोहनीयस्य ॥ १६ ॥ नामगोत्रयोर्विंशतिः ॥ १७ ॥ त्रयस्त्रिंशत् सागरोपमाण्यायुष्कस्य ॥ १८ ॥ अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य ॥ १९ ॥ नामगोत्रयोरष्टौ ॥ २० ॥ शेषाणामन्तर्मुहूर्तम् ॥ २१ ॥ विपाकोऽनुभावः ॥ २२ ॥ स यथानाम ( यथोक्तानाम् ) ॥२३॥ ततश्च निर्जरा ॥ २४ ॥ नामप्रत्ययाः सर्वतो योगविशेषात्सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ॥ २५ ॥ सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यम् ॥ २६ ॥

॥ इत्यष्टमोऽध्यायः ॥

## अध्याय-९

॥ ९ ॥ आस्रवनिरोधः संवरः ॥ १ ॥ स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ॥ २ ॥ तपसा निर्जरा च ॥ ३ ॥ सम्यग्योगनिग्रहो गुप्ति ॥ ४ ॥ ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः ॥ ५ ॥ उत्तमः क्षमामार्दवार्जवशौचसत्य-संयमतपस्त्यागाकिञ्चन्यब्रह्मचर्याणि धर्मः ॥ ६ ॥ ॥ ६ ॥ अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रव-संवरनिर्जरालोकबोधिदुर्लभधर्मस्वाख्याततत्त्वानुचि-न्तनमनुप्रेक्षाः ॥ ७ ॥ मार्गाच्यवननिर्जरार्थं परि-षोढव्याः परीषहाः ॥ ८ ॥ क्षुत्पिपासाशीतोष्ण-दंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याऽऽक्रोशव-धयाचनालाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाऽ-ज्ञानादर्शनानि ॥ ९ ॥ सूक्ष्मसम्परायच्छद्मस्थवीत-रागयोश्चतुर्दश ॥ १० ॥ एकादश जिने ॥ ११ ॥ बादरसम्पराये सर्वे ॥ १२ ॥ ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ॥ १३ ॥ दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ॥ १४ ॥ चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याऽऽक्रोशयाचनास-

त्कारपुरस्काराः ॥ १५ ॥ वेदनीये शेषाः ॥ १६ ॥ एकादयो भाज्या युगपदेकोनविंशतेः ॥ १७ ॥ सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्पराययथाख्यातानि चारित्रम् ॥ १८ ॥ अनशनावमौदर्यवृत्तिपरिसङ्ख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशा बाह्यं तपः ॥ १९ ॥ प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् ॥ २० ॥ नवचतुर्दशपञ्चद्विभेदं यथाक्रमं प्राग् ध्यानात् ॥२१॥ आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेदपरिहारोपस्थापनानि ॥ २२ ॥ ज्ञानदर्शनचारित्रोपचाराः ॥ २३ ॥ आचार्योपाध्यायतपस्विशैक्षकग्लानगणकुलसङ्घसाधुसमनोज्ञाना ॥ २४ ॥ वाचनापृच्छनाऽनुप्रेक्षाऽऽम्नायधर्मोपदेशाः ॥ २५ ॥ बाह्याऽभ्यन्तरोपध्योः ॥ २६ ॥ उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ॥ २७ ॥ आ मुहूर्तात् ॥ २८ ॥ आर्तरौद्रधर्मशुक्लानि ॥ २९ ॥ परे मोक्षहेतू ॥३०॥ आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥३१॥ वेदनायाश्च

॥ ३२ ॥ विपरीतं मनोज्ञानाम् ॥ ३३ ॥ निदानं च ॥ ३४ ॥ तदविरतदेशविरतप्रमत्त-संयतानाम् ॥३५॥ हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरत–देशविरतयोः ॥३६॥ आज्ञाऽपायविपाक-संस्थानविचयाय धर्म (र्म्य) मप्रमत्तसंयतस्य ॥३७॥ उपशान्तक्षीणकषाययोश्च ॥३८॥ शुक्ले चाद्ये (पूर्वविदः) ॥३९॥ परे केवलिनः ॥४०॥ पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाऽप्रतिपातिव्युपरतक्रियाऽनिवृत्तीनि ॥४१॥ तत् त्र्येककाययोगायोगानाम् ॥४२॥ एकाश्रये सवितर्के पूर्वे ॥४३॥ अविचारं द्वितीयम् ॥४४॥ वितर्कः श्रुतम् ॥४५॥ विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः ॥४६॥ सम्यग्दृष्टि-श्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोप-शान्तमोहक्षपकक्षीणमोहजिनाः क्रमशोऽसंख्येय-गुणनिर्जराः ॥४७॥ पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ॥४८॥ संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्यो-पपातस्थानविकल्पतः साध्याः ॥४९॥

इति नवमोऽध्यायः ॥९॥

## दशमोऽध्याय

॥१०॥ मोहक्षयाद् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ॥१॥ बन्धहेत्वभावनिर्जराभ्याम् ॥२॥ कृत्स्नकर्मक्षयो मोक्षः ॥३॥ औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः ॥४॥ तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ॥५॥ पूर्वप्रयोगादसङ्गत्वाद् बन्धच्छेदात् तथागतिपरिणामाच्च तद्गतिः ॥६॥ क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाहनान्तरसंख्याऽल्पबहुत्वतः साध्याः ॥७॥ ॥इति दशमोऽध्यायः ॥१०॥

# ॥ तत्त्वार्थाधिगमभाष्यकारिकाः ॥

## ( भद्रंकरोदयाख्यभाषार्थसहिताः )

सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति।
दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥१॥

જે જીવ સમ્યગ્‌દર્શનથી પવિત્ર ( સમ્યગ્‌દર્શન વિના મિથ્યાત્વના કારણે જ્ઞાન ને ચારિત્ર સમ્યગ્‌જ્ઞાન ને સમ્યગ્‌ચારિત્ર ન કહેવાય માટે ) જ્ઞાન ને ચારિત્રને પ્રાપ્ત કરે છે, તેનો દુઃખ નિમિત્તે પણ થયેલો ને દુઃખનું નિમિત્ત આ જન્મ સફળ હોય છે. ( દુઃખનું નિમિત્ત હોવાથી કર્મ દુઃખ કહેવાય છે અને કર્મને નિમિત્તે જન્મ હોય છે તથા જન્મ કર્મકલેશનો હેતુ છે એટલે જન્મ દુઃખ નિમિત્ત કહેવાય છે. તેમાં જો સમ્યક્ત્વ સાથે જ્ઞાન ને ચારિત્રની પ્રાપ્તિ થાય તો શાશ્વત સુખના દ્વારભૂત હોવાથી તે જન્મ સફળ કહેવાય. )

**जन्मनि कर्मक्लेशै-रनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम्।**
**कर्मक्लेशाभावो, यथा भवत्येष परमार्थः ॥ २ ॥**

જન્મ, કર્મ (જ્ઞાનાવરણાદિ) અને ક્લેશ (ક્રોધાદિકષાય) ની સાથે ગુંથાયેલો છે. (જન્મથી કર્મ, કર્મથી ક્લેશ અને ક્લેશથી જન્મ આમ ત્રણેની પરંપરા ચાલતી જ રહે છે) તેથી આ મનુષ્યભવમાં તેવા (સમ્યગ્-દર્શન, જ્ઞાન, ચારિત્રના લાભ સાથે તપ, સંયમ વગેરે) યત્નો કરવા જોઈએ, જેથી કર્મ અને તેનાથી થતા ક્લેશોનો અભાવ થાય. (અને આ બેના અભાવથી જન્મનો અભાવ આપોઆપ થાય જ) આજ પરમાર્થ છે (જન્મનું પ્રયોજન છે.)

**परमार्थालाभे वा, दोषेष्वारम्भकस्वभावेषु ।**
**कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म ॥ ३ ॥**

જો (અશક્તિથી) ઉપર કહ્યા મુજબનો પરમાર્થ પ્રાપ્ત ન થઈ શકે, તો આવી

સ્થિતિમાં કર્મબંધના કારણભૂત દોષો–પ્રવૃત્તિઓ રહેજ, માટે એવો પ્રયત્ન ( દેશ વિરતિ રુપ ) તો કરવો જોઈએ, કે જેથી કર્મ પુણ્યાનુબન્ધી ને શુભ થાય.

कर्माहितमिह चामुत्र, चाधमतमो नरः समारभते ।
इह फलमेवत्वधमो, विमध्यमस्तूभयफलार्थम्॥४॥

અધમતમ ( અધમાધમ = પ્રથમ સ્વભાવ ) મનુષ્ય ? આ લોકમાં ને પરલોકમાં આહિત= દુઃખદાયક કર્મો જ કરતો હોય છે જેથી ઉભયલોકમાં અહિત જ હોય છે. અધમ=બીજી પ્રકૃતિનો મનુષ્ય ? આ ભવમાં જ ઈષ્ટ ફળ મળે તેવા કર્મો કરે છે ( એટલે કે ઐહિક સ્વાર્થ સિદ્ધ થાય છે. ) ને વિમધ્યમ=ત્રીજી પ્રકૃતિનો ( અધમે નહી કે મધ્યમે નહી એવો ) મનુષ્ય ? ઉભયલોકમાં ઈષ્ટ ફળ માટે પ્રયત્ન કરે છે. ( એટલે તેવા કર્મો કરે છે કે જેથી ઉભયલોકમાં ઈષ્ટ ફળ મેળવે છે. )

परलोकहितायैव, प्रवर्तते मध्यमः क्रियासु सदा।
मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमः पुरुषः॥५॥

મધ્યમ=ચોથી પ્રકૃતિનો મનુષ્ય ? પરલોકના સુખને ઉદ્દેશીને જ ક્રિયાઓ કરે છે. સંસારની અનિત્યતા, દુઃખનિમિત્તતા આદિ જાણીને તપ, સંયમમાં નિરત શુભમતિવાલો ઉત્તમ=પાંચમી પ્રકૃતિનો પુરુષ ? મોક્ષને માટે જ ક્રિયા કરે છે.

यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति
नित्यं स उत्तमेभ्योऽप्युत्तम इति पूज्यतम एव ॥६॥

જે ઉત્તમ ધર્મને પામી પોતે કૃતાર્થ (મોક્ષના પૂર્વવર્તી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાથી જેને બીજી કોઈ પણ ઇચ્છા કે પ્રયોજન નથી સર્વ પ્રયોજન સિદ્ધ થવાથી નિસ્પૃહી) છે. છતાં ય બીજાને તે હંમેશાં ઉત્તમ ધર્મનો ઉપદેશ આપે છે. (સ્વાર્થવશ બીજાને ઉપદેશ આપનારા ઘણા હોય છે પણ સ્વાર્થ વિના

કેવળ પરોપકાર માટે જ ઉત્તમ ધર્મનો ઉપદેશ આપનાર નિષ્કારણવત્સલ એવા કોઈ વિરલજ હોય છે) તેથી તે ઉત્તમ (મોક્ષ માટે યત્ન કરતા. અને બીજા પણ ઉત્તમ ગણાતાં) કરતા પણ ઉત્તમ, ઉત્તમોત્તમ=છઠ્ઠા સ્વભાવના પુરુષ છે. (કેમ કે તે પોતે કૃતાર્થ છે અને બીજા પણ કૃતાર્થ થાય તેવો ઉત્તમ ધર્મોપદેશ આવે છે) તેથી તે હમેશાં પૂજ્યોમાં શ્રેષ્ઠ છે. (કેમ કે પૂજ્ય ગણાતાં એવા બીજાઓ પોતે કૃતાર્થ હોતા નથી, અથવા નિસ્વાર્થ ઉપદેશ આપવાવાળા હોતા નથી.)

तस्मादर्हति पूजा-मर्हन्नेवोत्तमोत्तमो लोके ।
देवर्षिनरेन्द्रेभ्यः, पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ॥७॥

તેથી (પોતે કૃતાર્થ હોવા છતાં ય ઉપદેશ આપતા હોવાથી) અર્હત્ (જિનેશ્વર) જ લોકને વિષે ઉત્તમોત્તમ છે, તેથી તેજ બીજાઓને પૂજ્ય એવા દેવ, ઋષિ અને રાજાઓ અને

તેના ઇન્દ્રોની અપેક્ષાએ પણ (સવિશેષ) પૂજનીય છે.

अभ्यर्चनादर्हतां, मनःप्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयस मतो हि तत्पूजनं न्याय्यम्॥८॥

અર્હત્‌ના પૂજન (સ્તુતિ, વંદન આદિ) થી મનોવૃત્તિ નિર્મળ થાય છે. અને મનોવૃત્તિની શુદ્ધિથી મનની એકાગ્રતા પ્રાપ્ત થાય છે. તથા મન એકાગ્ર થવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. માટે તે (અર્હત્) નું પૂજન જ ઉચિત છે. (બીજાના પૂજનથી આવો લાભ મળી શકે નહી.)

तीर्थप्रवर्तनफलं, यत्प्रोक्तं कर्म तीर्थकरनाम ।
तस्योदयात्कृतार्थोऽप्यर्हस्तीर्थं प्रवर्तयति ॥ ९ ॥

(પ્રવૃત્તિ પ્રયોજન વશ કરાય છે. અર્હત્ તો કૃતાર્થ છે. તેથી તેમની પ્રવૃત્તિનું=ઉપદેશાદિકનું કોઈ કારણ નથી એમ કહેવું બરોબર નથી. કેમકે) તીર્થંકરનામકર્મ જે કહેવાયું છે. તેનું "તીર્થનું પ્રવર્તન કરવું" તે ફળ છે.

તે તીર્થંકર નામ કર્મનો ઉદય હોવાથી કૃતાર્થ હોવા છતાં પણ અર્હત્ તીર્થને પ્રવર્તાવે છે. મુક્તિમાર્ગનો ઉપદેશ આપે છે. ( કર્મ ફળ આપવામાં કોઈની પણ અપેક્ષા રાખતું નથી કર્મ ફળનું કેવળ કર્મ કારણ છે તેનો ઉદય થાય તો ફળ ભોગવવું પડે છે.)

तत्स्वाभाव्यादेव, प्रकाशयति भास्करो यथा लोकम्
तीर्थप्रवर्तनाय, प्रवर्तते तीर्थकर एवम् ॥ १० ॥

(જો કે કૃતાર્થ હોવા છતાં ય પ્રવૃત્તિ કરે છે. તેવું કોઈ પણ દૃષ્ટાન્ત નથી તથાપિ સૂર્યને સામાન્યતઃ દૃષ્ટાન્ત કહી શકાય જેમકે) સંસારને પ્રકાશિત કરવામાં સૂર્યને પોતાનો કોઈ સ્વાર્થ નથી. તેનો પ્રકાશ કરવાનો સ્વભાવ છે. તેથી તે તેમ કરે છે. તેવી જ રીતે તીર્થને પ્રવર્તાવવામાં તીર્થંકરને પોતાનો કોઈ સ્વાર્થ નથી કેમકે તે કૃતાર્થ છે તથાપિ તીર્થંકર નામ કર્મ શેષ હોવાથી તેઓ તીર્થ

પ્રવર્તન સ્વભાવવાલા છે. માટે પ્રયોજન વિના પણ તીર્થની પ્રવૃત્તિ કરે છે. (સ્વાભાવિક પ્રવૃત્તિને પ્રયોજનની અપેક્ષા હોતી નથી. અન્યથા તે સ્વાભાવિક પ્રવૃત્તિ જ ન કહેવાય)

**यः शुभकर्मासेवन–भावितभावो भवेष्वनेकेषु ।**
**जज्ञे ज्ञातेक्ष्वाकुषु, सिद्धार्थनरेन्द्रकुलदीपः ॥ ११ ॥**

**ગ્રન્થકાર** તીર્થંકરોની પ્રવૃત્તિ તીર્થ-પ્રવર્તન માટે જ હોય છે તે પ્રતિપાદન કરી પોતે જેના તીર્થમાં શાસ્ત્ર રચવાને ઇચ્છે છે. તે ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનું જન્મથી જ વર્ણન આરંભે છે. અનેકભવોમાં શુભ ક્રિયાઓના સતત અભ્યાસથી નિર્મળ મનોવૃત્તિવાળા તથા દીપક જેમ ઘરને પ્રકાશિત કરે છે, તેમ શ્રી સિદ્ધાર્થ રાજાના કુલને પ્રકાશિત કરનાર અથવા શ્રી સિદ્ધાર્થરાજાના પુત્રરૂપે અદ્ભૂત પ્રકાશરૂપ, એવા જે (શ્રી મહાવીર સ્વામી) જ્ઞાતેક્ષ્વાકુ કુલમાં જન્મ પામ્યા.

ज्ञानैः पूर्वाधिगतै-रप्रतिपतितैर्मतिश्रुतावधिभिः ।
त्रिभिरपि शुद्धैर्युक्तः, शैत्यद्युतिकान्तिभिरिवेन्दुः॥

અને જેઓ, જેમ શીતલતા, પ્રકાશ અને કાન્તિ આ ત્રણ ગુણોથી યુકત થયેલો ચન્દ્ર ઉદય પામે છે. અથવા એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં જાય છે તેમ પૂર્વભવમાં જ પ્રાપ્ત થયેલા અપ્રતિપાતિ અને શુદ્ધ (ક્ષાયિક સમ્યકત્વપૂર્વક હોવાથી) મતિ, શ્રુત અને અવધિનામવાલા ત્રણે જ્ઞાનોથી યુકત જન્મ્યા હતા.

शुभसारसत्त्वसंहन–नवीर्यमाहात्म्यरूपगुणयुक्तः ।
जगति महावीर इति, त्रिदशैर्गुणतःकृताभिख्यः॥१३॥

તથા જેઓ શુભ, સ્થિર અને દૃઢ એવા સત્ત્વ, સંઘયણ, વીર્ય, મહિમા અને કલા-નિપુણતા રુપ અને દાક્ષિણ્ય આદિ ગુણોથી યુકત હતા. તથા દેવોએ ગુણના અનુસારે (મહાન વીર હોવાથી) જેમનું "મહાવીર" એમ નામ કરાયું હતું.

स्वयमेव बुद्धतत्त्वः, सत्त्वहिताभ्युद्यताचलितसत्त्वः
अभिनन्दितशुभसत्त्वः, सेन्द्रैर्लोकान्तिकै र्देवैः ॥१४॥

(અહિં સત્ત્વ હિત એટલે તીર્થપ્રવર્તન. તે માટે લોકાંતિક દેવોની પ્રાર્થનાથી દીક્ષા લીધી. ભયંકર ઉપસર્ગોમાં પણ ચલાયમાન ન થયા. એટલે ભગવાનનું આત્મવીર્ય અજેય હતું માટે લોકાંતિક તથા ઈન્દ્રાદિક દેવોએ તેઓના સત્ત્વ = શુભભાવના તથા આત્મવીર્યની જે પ્રશંસા કરી હતી એ ભગવાનના ચરિત્રનું સૂચન આ શ્લોકથી થાય છે) કે અને જેઓએ સ્વયં (ગુરૂના ઉપદેશ વિના જ) તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કર્યું હતું. તથા જેઓ પ્રાણિયોના હિતને માટે તત્પર અને સ્થિર આત્મવીર્યવાલા હતા. તેથી જ જેમની તે શુભભાવના ને આત્મવીર્યની ઇન્દ્રસહિત લોકાંતિક દેવો પણ પ્રશંસા કરતા હતા.

जन्मजरामरणार्त्तं, जगदशरणमभिसमीक्ष्य
निःसारम् ।
स्फीतमपहाय राज्यं, शमाय धीमान्प्रवव्राज ॥१५॥

જન્મ, જરા અને મરણથી ગ્રસ્ત ને અશરણ (જ્યાં કોઈ રક્ષક નથી એવું) હોવાથી આ જગત સાર રહિત (સુખ રહિત) છે. એમ જ્ઞાનદૃષ્ટિથી જોઈને શુભમતિથી સંપન્ન એવા જેઓ (મહાવીર સ્વામી) એ વિશાલ અને નિષ્કંટક રાજ્યને પણ છોડીને મુક્તિને માટે પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી.

प्रतिपद्याशुभशमनं, निःश्रेयससाधकं श्रमणलिङ्गम् ।
कृतसामायिककर्मा, व्रतानि विधिना समारोप्य॥१६॥

અશુભકર્મના નાશક, મુક્તિના કારણભૂત શ્રમણલિંગ=લુંચિત કેશ, દેવદૂષ્યવસ્ત્ર આદિને ધારણ કરી સામાયિક ઉચ્ચરી વિધિએ વ્રતોનો અંગીકાર કરીને.

सम्यक्त्वज्ञानचारित्र-संवरतपःसमाधिबलयुक्तः ।
मोहादीनि निहत्या-शुभानि चत्वारि कर्माणि॥१७॥

અને સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, સંવર-તપ અને સમાધિના ઉત્કૃર્ષવાલા એવા જેઓએ મોહ વગેરે ચાર (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય-મોહનીય ને અંતરાય) અશુભ કર્મોનો ક્ષય કરીને.

केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ।
लोकहिताय कृतार्थो-ऽपि देशयामास तीर्थमिदम् ॥१८॥

પોતાની શકિતથી જ અનન્તજ્ઞાન દર્શનરૂપ (કેવલજ્ઞાન કેવલદર્શન) કેવળને પામી સર્વજ્ઞ એવા શ્રી મહાવીરસ્વામીએ કૃતાર્થ હોવા છતાં પણ લોકના ઉપકાર માટે આ (પ્રવર્તમાન) તીર્થ (પ્રવચન) ની દેશના આપી હતી.

द्विविधमनेकद्वादशविधं महाविषयममितग-
मयुक्तम् ।
संसारार्णवपारग-मनाय दुःखक्षयायालम् ॥ १९ ॥

અસર્વપર્યાય એવા સર્વદ્રવ્યરૂપ મહાન વિષયવાલો અને અસંખ્ય નયોથી વ્યાપ્ત જે તીર્થ ( શ્રુત ) અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ ભેદથી બે ભેદવાળું જેમાં અંગબાહ્ય સામાયિક વગેરે અનેક ભેદવાળું છે. ને અંગપ્રવિષ્ટ આચારાંગાદિ ભેદથી બાર ભેદે છે. તે તીર્થ ( શ્રુત ) સંસારરૂપીસમુદ્ર પાર કરાવવામાં અને દુઃખનો નાશ કરવામાં સમર્થ છે. ( જેને જાણીને જીવના દુઃખો અને કર્મો નાશ પામે છે તેથી જીવમુકિત મેળવે છે. )

ग्रन्थार्थवचनपटुभिः, प्रयत्नवद्भिरपि
वादिभिर्निपुणैः ।
अनभिभवनीयमन्यै-र्भास्कर इव सर्वतेजोभिः॥२०॥

જેમ સર્વ તેજો ( મણિ, દીપ વગેરે ) મળીને પણ સૂર્યને અભિભૂત કરી શકતા નથી, તેમ ગ્રન્થોના અભ્યાસી, પદાર્થોના જાણકાર, તથા વક્તૃત્વ શક્તિસંપન્ન અને

ન્યાયના પ્રયોગોમાં કુશલ એવા પરતીર્થિકો વડે પ્રયત્ન કરીને પણ જેને અભિભવ થઈ શકતો નથી તેવા તીર્થ (શ્રુત)ની જેઓએ દેશના આપી હતી.

कृत्वा त्रिकरणशुद्धं, तस्मै परमर्षये नमस्कारम् ।
पूज्यतमाय भगवते, वीराय विलीनमोहाय ॥२१॥

સંસારના બીજભૂત મોહ વગેરેથી રહિત પૂજ્યતમ પરમર્ષિ તે ભગવાન મહાવીરને હું (ગ્રન્થકાર ઉમાસ્વાતિ વાચક) મન, વચન ને કાયાની શુદ્ધિપૂર્વક નમસ્કાર કરીને

तत्त्वार्थाधिगमाख्यं, बह्वर्थं सङ्ग्रहं लघुग्रन्थम् ।
वक्ष्यामि शिष्यहितमिम–मर्हद्वचनैकदेशस्य ॥२२॥

અર્હદ્ વચન (દ્વાદશાંગ ગણિપિટક)ના એકદેશ (દ્રવ્યાનુયોગ)ના સંગ્રહરૂપ શિષ્યને ઉપકારક તથા વિશાલ (સપ્તતત્ત્વના નિર્ણયરૂપ) અર્થવાલા (સાત તત્ત્વરૂપ અર્થોનું જ્ઞાન જેનાથી થાય કે જેમાં થાય એવા યથા નામ તથા

ગુણવાલા) તત્ત્વાર્થાધિગમ નામના લઘુગ્રન્થને કહીશ.

महतोऽतिमहाविषय-स्य दुर्गमग्रन्थभाष्यपारस्य ।
कः शक्तः प्रत्यासं, जिनवचनमहोदधेः कर्तुम् ॥२३॥

(યદ્યપિ) જિનપ્રવચન મહાસાગર તુલ્ય છે. તે (અસંખ્યાતનય તેનો વિષય હોવાથી) સર્વાધિક વિષયવાલો છે. તેના ગ્રન્થો અને ભાષ્યોનો પાર પામવો દુઃસાધ્ય છે. આવા જિનપ્રવચનનો સંક્ષેપ કરવાને કોણ શક્તિમાન છે? (તેનો સંક્ષેપ કરી શકે તેવી શકિતવાળો કોઇ નથી.)

शिरसा गिरिं बिभित्से-दुच्चिक्षिप्सेच्च सक्षितिं दोर्भ्याम् ।
प्रतितीर्षेच्च समुद्रं, मित्सेच्च पुनः कुशाग्रेण ॥२४॥
व्योम्नीन्दुं चिक्रमिषे-न्मेरुगिरिं पाणिना
चिकम्पयिषेत् ।
गत्याऽनिलं जिगीषे-च्चरमसमुद्रं पिपासेच्च ॥२५॥
खद्योतकप्रभाभिः, सोऽभिबुभूषेच्च भास्करं मोहात् ।
योऽतिमहाग्रन्थार्थं, जिनवचनं सञ्जिघृक्षेत ॥२६॥

જો કોઇ અત્યન્ત વિશાલ ગ્રન્થવાળા અને અત્યન્ત અધિક પદાર્થોના પ્રતિપાદન કરનાર એવા જિન પ્રવચનનો સંગ્રહ કરવાને ઇચ્છી શકે તો તે પર્વતને મસ્તકવડે ભેદવા ઇચ્છી શકે, બન્ને હાથોથી પૃથ્વીને ઉંચકવાને ઇચ્છી શકે, સમુદ્રને તરવા ઇચ્છી શકે, અને વલી તે સમુદ્રને (પાણીના પ્રમાણ ને જાણવા) કુશાગ્ર વડે માપવા ઇચ્છી શકે, આકાશમાં ચન્દ્ર પર આક્રમણ કરવા ઇચ્છી શકે, પોતાની ગતિ વડે પવનને જિતવા ઇચ્છી શકે, સ્વયંભૂરમણ સમુદ્રને પી જવાને ઇચ્છી શકે અને તે અજ્ઞાનથી આગીયાના પ્રકાશ વડે સૂર્યનો પરાભવ કરવાને ઇચ્છી શકે. (જેમ મસ્તક વગેરેથી પર્વત આદિનું ભેદન વગેરે કરવા કોઈ ઇચ્છે પણ નહી તો તેમ કરવાની વાત પણ કેમ કરે? તેમ જિન પ્રવચનનો સંગ્રહ કરવાની વાત તો દૂર રહી, પણ તેમ કરવાને

કોઈ ઇચ્છી પણ શકતો નથી તેથી તેના એક દેશનાજ સંગ્રહરૂપ "**તત્ત્વાર્થાધિગમ**" નામનો લઘુગ્રન્થ કહીશ ).

**एकमपि तु जिनवचना–द्यस्मान्निर्वाहकं पदं भवति ।**
**श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः ॥२७॥**

જિન પ્રવચનોમાંથી એક પણ પદ (સમ્યગ્ ગ્રહણ અને અભ્યાસદ્વારા ઉત્તરોત્તર જ્ઞાનવર્ધક હોવાથી) મુક્તિ આપનાર થાય છે. કેમકે સામાયિક પદમાત્રનું ભાવપૂર્વક ગ્રહણ અને અભ્યાસથી અનન્ત સિદ્ધો થયાનું પ્રવચનમાં કહ્યું છે.

**तस्मात्तत्प्रामाण्यात्, समासतो व्यासतश्च जिनवचनम् ।**
**श्रेय इति निर्विचारं, ग्राह्यं धार्यं च वाच्यं च ॥२८॥**

તેથી ( જિનવચનોમાંથી એક પણ પદ મુક્તિ આપવામાં સમર્થ હોવાથી ) અને આગમ ( સામાયિક પદ માત્રથી અનન્ત સિદ્ધ

થયા છે તેવા આગમ) પ્રમાણ હોવાથી "જિનવચન જ કલ્યાણકારક છે" એમ નિઃશંક રીતે વિચારીને સંક્ષેપથી અથવા વિસ્તારથી (શકિત મુજબ) જિનવચનનું (અધ્યયન અને શ્રવણથી) ગ્રહણ કરવું જોઇએ, (મનન વગેરેથી) ધારણ કરવું જોઇએ. (અર્થ વિચારણાદિ પૂર્વક) વાંચન કરવું જોઇએ.

न भवति धर्मःश्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्धया, वक्तुस्त्वेकान्ततो भवति ॥२९॥

(ગ્રહણ વગેરેથી વાંચન ઉત્કૃષ્ટ છે કેમકે) હિતકારક એવા શાસ્ત્રોના શ્રવણથી સર્વ શ્રોતાઓને ધર્મ થાય છે જ એવો એકાન્ત નથી (કેમકે શ્રોતાની ભાવના ઉપર તેનો આધાર છે શુભ ભાવના હોય તો ધર્મ થાય જ, ભાવના શુભ ન હોય તો ધર્મ થાય નહી) પણ અનુગ્રહ બુદ્ધિથી (શ્રોતાઓને પ્રતિબોધ થાઓ, એવી

શુભબુદ્ધિથી ) વાંચન આપનાર વક્તાને તો ધર્મ થાય છે જ ( માટે વાંચન ઉત્કૃષ્ટ છે )

श्रममविचिन्त्यात्मगतं, तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम्
आत्मानं च परं च हि, हितोपदेष्टानुगृह्णाति ॥२०॥

તેથી ( વાચના આપનારને એકાન્તતઃ ધર્મ હોવાથી ) વાચનાથી થનારા પોતાના શ્રમને વિચાર્યા કે ગણકાર્યાં સિવાય શ્રેય (હિત) નો ઉપદેશ હંમેશાં આપવો જોઈએ. હિતનો ઉપદેશ આપનાર પોતાને અને પર-(શ્રોતા) ને બન્નેને અનુગૃહીત કરે છે ( શ્રોતા હિત સાંભળીને પાપથી નિવૃત્ત થાય છે અને ધર્મ વિષે પ્રવૃત્તિ આદરે છે, તેથી શ્રોતા કલ્યાણભાગી થાય છે. આવી રીતે શ્રોતાઓનો અનુગ્રહ થાય છે અને શ્રોતાની તેવી પ્રવૃત્તિમાં વક્તા નિમિત્ત થાય છે. તેથી વક્તા પણ કલ્યાણભાગી થાય છે આ રીતે વક્તા હિતોપદેશથી પોતાને અનુગૃહીત કરે છે. )

नर्ते च मोक्षमार्गा-द्धितोपदेशोऽस्ति जगति
कृत्स्नेऽस्मिन् ।
तस्मात्परमिदमेवे-ति मोक्षमार्गं प्रवक्ष्यामि ॥३१॥

અને આ સમગ્ર જગતમાં મોક્ષમાર્ગના ઉપદેશ સિવાય બીજો કોઈ હિત ઉપદેશ નથી. તેથી આ ( મોક્ષમાર્ગનો ઉપદેશ ) જ સર્વશ્રેષ્ઠ છે. એમ નિશ્ચય કરીને મોક્ષમાર્ગનું કથન કરીશ.

इति भद्रङ्करोदयाख्यभाषार्थसहिता वाचकश्रीउमास्वाति-
विरचिताः संबंधकारिकाः समाप्ताः

❋

पूर्वधर–उमास्वातिविरचितं

# श्रीतत्त्वार्थाधिगमसूत्रम् ।

पंन्यास श्री शुभंकरविजयकृत–भद्रङ्करोदयाख्य भाषार्थ सहितम्

## अध्याय–१

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥ १ ॥

સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ સમસ્ત, પ્રત્યેક નહી કિન્તુ એક જીવમાં એક સાથે રહેલાં ત્રણે મોક્ષનો માર્ગ છે.

तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥ २ ॥

તત્ત્વરૂપ જે પદાર્થો, તેમાં એટલે "આમ જ છે" એમ વિશ્વાસપૂર્વક માનવું તે સમ્યગ્‌દર્શન કહેવાય છે.

तन्निसर्गादधिगमाद् वा ॥ ३ ॥

તે સમ્યગ્‌દર્શન સ્વભાવથી (બાહ્ય નિમિત્ત વિના) અને બાહ્ય નિમિત્ત ગુરૂ આદિના ઉપદેશ આદિથી થાય છે.

जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥ ४ ॥

જીવ, અજીવ, આશ્રવ, બન્ધ, સંવર, નિર્જરા, ને મોક્ષ (સાત) તત્ત્વ છે.

नामस्थापना द्रव्यभावतस्तन्न्यासः ॥ ५ ॥

જીવાદિ તત્વોના અર્થને નામ, સ્થાપના દ્રવ્ય ને ભાવ એ ચારરૂપે વિસ્તાર કરવો તે ન્યાસ છે. (જેમકેઃ–આ ચાર નિક્ષેપ કહેવાય છે. એ નિક્ષેપ આવી રીતે કરાય છે. ઈન્દ્ર નામની કોઇ વ્યકિત તે **નામ** ઈન્દ્ર. મુખ્ય વસ્તુના અભાવે તેના પ્રતિનિધિ તરીકે કલ્પેલી વસ્તુ તે **સ્થાપના** જેમકે–સ્થાપનાચાર્ય, પ્રતિમા ઇત્યાદિ. ભવિષ્યમાં જે જીવ ઇન્દ્ર થવાનો હોય તે જીવ **દ્રવ્ય** ઇન્દ્ર કહેવાય. ને જે **ખરેખર** ઈન્દ્ર હોય તે **ભાવ** ઇન્દ્ર. આ પ્રમાણે ચાર નિક્ષેપાના બીજા પણ દૃષ્ટાન્તો જાણવા.

प्रमाणनयैरधिगमः ॥ ६ ॥

પ્રમાણ ને નયથી પૂર્વોક્ત ચાર પ્રકારે પ્રતિપાદિત તત્ત્વનું જ્ઞાન થાય છે.

निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ॥७॥
सत्सङ्ख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥८॥

નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ, વિધાન તથા સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાલ, અન્તર, ભાવ અને અલ્પ-બહુત્વ વડે તત્વનું જ્ઞાન થાય છે. ( જેમકે:- જે કોઈ પણ વસ્તુના સ્વરૂપને વિષે પ્રશ્નોત્તર તે નિર્દેશ. યથા જીવ શું છે? ઔપશમિક ભાવાદિ યુક્ત દ્રવ્ય તે જીવ. આ પ્રમાણે સ્વામિત્વ આદિ વિષે પ્રશ્નોત્તર પણ સ્વામિત્વ આદિ દ્વારોમાં સમજવા )

मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ॥ ९ ॥

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય, કેવળ, આ પાંચ જ્ઞાનના પ્રકાર છે.

तत् प्रमाणे ॥ १० ॥

તે ( પાંચ ) જ્ઞાન એ પ્રમાણરૂપ છે.

आद्ये परोक्षम् ॥ ११ ॥

પહેલાં બે જ્ઞાન ( મતિ–શ્રુત ) પરોક્ષ-પ્રમાણ છે.

प्रत्यक्षमन्यत् ॥ १२ ॥

બીજા જ્ઞાનો ( અવધિ, મનઃપર્યાય અને કેવળ જ્ઞાન ) પ્રત્યક્ષ પ્રમાણ છે.

मतिः स्मृतिः सञ्ज्ञा चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् ॥ १३ ॥

મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિન્તા અને અભિનિબોધ આ શબ્દો સમાનાર્થક (પર્યાય શબ્દો) છે.

तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ॥ १४ ॥

તે મતિજ્ઞાન ઇન્દ્રિય અને અનિન્દ્રિય = મનને ઓઘથી થાય છે.

अवग्रहेहापायधारणाः ॥ १५ ॥

**અવગ્રહ** (ઇન્દ્રિયને અનિન્દ્રિયના વિષયોનું તે તે ઇન્દ્રિયો ને નોઇન્દ્રિયથી થતું સામાન્ય જ્ઞાન જેમકે:—શ્રોત્રેન્દ્રિયથી થતું શબ્દનું સામાન્ય જ્ઞાન) **ઈહા**:—નિશ્ચયાભિમુખ વિચાર (જેમકે:—આ દુંદુભિનો શબ્દ હશે એવું જ્ઞાન) **અપાય** = નિશ્ચય. (જેમકે:—આ શબ્દ દુંદુભિનો જ છે એવું જ્ઞાન) **ધારણા** (લાંબા કાળ સુધી ધારી રાખવું) આમ ચાર પ્રકારે મતિજ્ઞાન છે.

बहु-बहुविध-क्षिप्राऽनिश्रिताऽसन्दिग्ध (तानुक्त) ध्रुवाणां सेतराणाम् ॥ १६ ॥

તે અવગ્રહ વગેરે બહુ-અલ્પ, બહુવિધ-એકવિધ, અર્થોનું શીઘ્રતાથી વિલંબથી, લિંગથી, લિંગ વિના, નિશ્ચિતરૂપે, અનિશ્ચિત-પણે, સર્વદા અને કદાચિત હોય છે.

अर्थस्य ॥ १७ ॥

અર્થ = વ્યકત વિષયના અવગ્રહ વગેરે ચારે ચાર થાય છે.

व्यञ्जनस्यावग्रहः ॥ १८ ॥

વ્યંજન = અવ્યકત વિષય. જે સામાન્યાત્મક છે. તેનો અવગ્રહ જ હોય છે.

न चक्षुरनिन्द्रियाभ्याम् ॥ १९ ॥

ચક્ષુ અને નોઇન્દ્રિય વડે વ્યંજનાવગ્રહ થતો નથી. ( આ પ્રમાણે મતિજ્ઞાનના " ૩૩૬ " ભેદ થાય છે. )

श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ॥ २० ॥

શ્રુતજ્ઞાન, મતિજ્ઞાનપૂર્વક હોય છે. તે ( અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય ) બે પ્રકારે છે. અને (અંગપ્રવિષ્ટ) બાર પ્રકારે (આચારાંગાદિ) તથા (અંગબાહ્ય) અનેક પ્રકારે ( ષડાવશ્યક, દશવૈકાલિક આદિ ) છે.

द्विविधोऽवधिः ॥ २१ ॥

અવધિજ્ઞાન બે પ્રકારે છે.

भवप्रत्ययो नारकदेवानाम् ॥ २२ ॥

તેમાંથી ભવનિમિત્તક અવધિજ્ઞાન નારક અને દેવોને હોય છે.

यथोक्तनिमित्तः षड् विकल्पः शेषाणाम् ॥ २३ ॥

શેષ ( મનુષ્યને તિર્યંચ ) જીવોને ક્ષયોપશમજન્ય છ ( અનુગામિ–અનનુગામી, વર્ધમાન–હીયમાન. પ્રતિપાતી–અપ્રતિપાતી ) પ્રકારે અવધિજ્ઞાન થાય છે.

ऋजुविपुलमती मनःपर्यायः ॥ २४ ॥

મનઃપર્યાય જ્ઞાન, ઋજુમતિ અને વિપુલમતિ એમ બે ભેદે છે.

विशुद्धयप्रतिपाताभ्यां तद्विशेषः ॥ २५ ॥

તે બન્નેમાં વિશુદ્ધિ અને અપ્રતિપાતને લીધે વિશેષ ( ભેદ ) છે. ( ઋજુમતિ કરતાં વિપુલમતિ વિશુદ્ધતર અને અપ્રતિપાતી છે. )

विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधि-मनपर्यायग्रोः ॥२६।

અવધિ અને મનઃપર્યાયમાં વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષયને લીધે વિશેષ (તરતમતા) છે. અવધિ કરતાં મનઃપર્યાય વિશુદ્ધતર છે. અવધિનું સર્વલોકક્ષેત્ર છે અને મનઃપર્યાયનું મનુષ્યક્ષેત્ર માત્ર ક્ષેત્ર છે. અવધિ સર્વ ગતિમાં થાય છે. અને મનઃપર્યાય મનુષ્યસંયતને જ થાય છે. અને અવધિનો જે વિષય છે તેનો અનન્તમો ભાગ મનઃપર્યાયનો વિષય છે.)

मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ॥ २७॥

મતિ અને શ્રુતની વિષયતા અસર્વપર્યાય એવા સર્વ દ્રવ્યો પર છે. (સર્વ દ્રવ્ય વિષય છે પણ સર્વ પર્યાય નહી).

रूपिष्ववधेः ॥ २८ ॥

અવધિની વિષયતા અસર્વપર્યાય એવા રૂપી દ્રવ્યોમાં છે.

तदनन्तभागे मनःपर्यायस्य ॥ २९ ॥

મન:પર્યાયની વિષયતા રૂપી દ્રવ્યોના અનન્તમાં ભાગ પર છે.

सर्वद्रव्यपर्यायेषु केवलस्य ॥ ३० ॥

કેવળજ્ઞાનની વિષયતા સર્વ દ્રવ્યમાંને સર્વ પર્યાયમાં છે.

एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ॥३१॥

એક જીવમાં એકી સાથે એકથી ચાર જ્ઞાન સંભવે છે.

मतिश्रुतावधयो विपर्ययश्च ॥ ३२ ॥

મતિ, શ્રુત, અને અવધિ આ ત્રણ અજ્ઞાન રૂપ પણ હોય છે. (મિથ્યાદૃષ્ટિની મતિ તે 'મત્યજ્ઞાન, શ્રુત તે શ્રુતાજ્ઞાન, અવધિ તે વિભંગજ્ઞાન કહેવાયછે.)

सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥३३ ॥

ઉન્મત્તના જ્ઞાનની જેમ સત્ અને અસત્નું વગર વિશેષે "આ સત્ છે કે અસત્ છે" એમ વિશેષ વિચાર વિના જ સ્વેચ્છાએ, વસ્તુસ્વરૂપના વિચાર વિના જેમકે ગોને અશ્વ અને અશ્વને ગોરૂપ વિપરીત તથા કયારેક ગોને ગો અને અશ્વને અશ્વ એમ ગ્રહણ કરવાથી મતિ વગેરે અજ્ઞાન છે.

**नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः ॥ ३४ ॥**

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, અને શબ્દ આ પાંચ નયો છે. (વસ્તુના એક અંશનો પરિચ્છેદ કરનાર જ્ઞાન તે **નય** કહેવાય છે. જેમ કે "ઘટ સત્ છે" આ જ્ઞાન નય છે. સામાન્ય અને વિશેષનો ગૌણ ભાવે કે પ્રધાન ભાવે પરિચ્છેદ કરે તે, અથવા સામાન્ય અને વિશેષનો પૃથક્ પૃથક્ પરિચ્છેદ કરે તે **નૈગમ નય.** જેમ કે "ઘટ દ્રવ્ય સત્ છે" એમ સામાન્ય વિશેષ રૂપે તથા એક ઘટને અને

સકલ ઘટને પણ "આ ઘટ છે" આવા ઘટ જ્ઞાનથી પૃથક્ પૃથક્ પરિચ્છેદ થાય છે. પર તથા અપર સામાન્ય માત્રને વિષય કરે તે **સંગ્રહ** નય. જેમ કે "સર્વ સત્ છે" વ્યવહારિક અર્થ વિષયક જે હોય તે **વ્યવહાર નય.** જેમ "ઘટ" છે "પટ છે" વગેરે. વર્તમાન પર્યાયનો પરિચ્છેદ કરે તે **ઋજુસૂત્ર.** જેમ વર્તમાન ઘટમાં "આ ઘટ છે" પણ અતીત કે ભવિષ્યત્ ઘટ તેનો વિષય ન હોય. કાળાદિભેદથી શબ્દના અર્થ-ભેદનો સ્વીકાર કરે, પણ પર્યાયભેદથી નહીં તે **સાંપ્રત** (શબ્દ). જેમ ઇન્દ્ર, **શક્ર,** પુરન્દર આદિ શબ્દો એકાર્થક છે. પણ ભૂત–ભવિષ્યત્ અને વર્તમાન એકાર્થક નથી. તેમ લિંગાદીના ભેદથી પણ જાણવું. પર્યાય શબ્દોમાં નિર્વચનના ભેદથી અર્થભેદ સ્વીકારે તે **સમભિરૂઢ.** જેમ ઇન્દ્ર તે શક્ર નથી,

કેમ કે ઐશ્વર્યવાળો તે ઇન્દ્ર અને શક્તિવાળો તે શક્ર વગેરે. પ્રવૃત્તિ નિમિત્ત ક્રિયાથી વિશિષ્ટ અર્થને સ્વીકારે તે **એવંભૂત.** જેમ જલાહરણાદિ ક્રિયા વિશિષ્ટ ઘટ તે જ ઘટ છે.)

**आद्य-शब्दौ द्वि-त्रिभेदौ** ॥ ३५ ॥

નૈગમ બે (સામાન્ય ને વિશેષ) ભેદે અને શબ્દ (સાંપ્રત સમભિરૂઢ ને એવંભૂત) એમ ત્રણ ભેદે છે.

*

## अध्याय – २

औपशमिक-क्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक-पारिणामिकौ च ॥ १ ॥

**ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક** અને **પારિણામિક** આ (પાંચ) ભાવો જીવના સ્વરૂપ છે. (મોહનીય કર્મના વિપાક અને પ્રદેશના ઉપશમથી પ્રગટ થયેલ જે જીવસ્વભાવ તે **ઔપશમિકભાવ.** કર્મનો અત્યન્ત ક્ષય થવાથી ઉત્પન્ન થયેલો જીવસ્વભાવ તે **ક્ષાયિકભાવ**. ઉદયમાં આવેલા કર્મનો ક્ષય અને અનુદિતના ઉપશમથી પ્રગટ થયેલો જીવસ્વભાવ તે **ક્ષાયોપશમિકભાવ.** શુભાશુભ કર્મપ્રકૃતિના ઉદયથી પ્રગટેલો જીવ-સ્વભાવ તે **ઔદયિકભાવ.** કર્મનિરપેક્ષ (સ્વતઃસિદ્ધ) ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ અસ્તિત્વ આદિભાવ તે **પારિણામિકભાવ**

અને સૂત્રમાં "ચ" થી **સાન્નિપાતિક** ભાવનો પણ સંગ્રહ થાય છે.

**द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् ॥२॥**

તે ભાવો અનુક્રમે બે-નવ-અઢાર-એકવીશ અને ત્રણ ભેદે છે.

**सम्यक्त्वचारित्रे ॥३॥**

(ઔપશમિક ના) સમ્યક્ત્વ અને ચારિત્ર (બે ભેદ છે).

**ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ॥४॥**

કેવળજ્ઞાન, કેવળદર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય તેમજ સમ્યક્ત્વ ને ચારિત્ર (આ નવ ભેદ ક્ષાયિક ભાવના છે).

**ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः (यथाक्रमं) सम्यक्त्वचारित्रसंयमासंयमश्च ॥५॥**

કેવળ જ્ઞાન સિવાયના ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, કેવળદર્શન વિના ત્રણ દર્શન, દાન,

લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય આ પાંચ લબ્ધિ તથા સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમ (દેશવિરતિ) આ (અઢાર ભેદ ક્ષાયોપશમિકના છે).

गतिकषाय-लिङ्गमिथ्यादर्शना-ऽज्ञानाऽसंयताऽसिद्ध-त्व-लेश्याश्चतुश्चतुस्त्र्ये-कै-कै-कै-क-षड्भेदाः ॥६॥

ચાર (નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ) ગતિ, ચાર (ક્રોધ, માન, માયા અને લોભ) કષાય, ત્રણ (સ્ત્રી, પુરુષ ને નપુંસક વેદ) લિંગ, મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ અને છ (કૃષ્ણ, નીલ, કાપોત, તેજોઃ પદ્મ અને શુકલ) લેશ્યા (આટલાં ઔદયિકના એકવીશ ભેદ છે.)

जीवभव्याभव्यत्वादीनि च ॥ ७ ॥

અને જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ (આ ત્રણ પારિણામિકના ભેદ છે.) આદિ

શબ્દથી અસ્તિત્વ વગેરેનો પણ સંગ્રહ સમજવો.

उपयोगो लक्षणम् ॥ ८ ॥

ઉપયોગ–જીવનું લક્ષણ છે.

स द्विविधोऽष्टचतुर्भेदः ॥ ९ ॥

તે ઉપયોગ સાકાર અને અનાકાર એમ બે પ્રકારે છે. તેમાં સાકારોપયોગ આઠ પ્રકારે (પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન) અને અનાકારોપયોગ (ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન ને કેવળદર્શન) ચાર પ્રકારે છે.

संसारिणो मुक्ताश्च ॥१०॥

જીવ, સંસારી અને મુક્ત એમ બે પ્રકારે છે.

समनस्कामनस्काः ॥११॥

તે જીવો સમનસ્ક અને અમનસ્ક (મનવાળા ને મન વગરના) એમ બે ભેદે છે.

संसारिणस्त्रसस्थावराः ॥१२॥

ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે સંસારી જીવો છે.

पृथिव्यम्बुवनस्पतयः स्थावराः ॥ १३ ॥

પૃથ્વીકાય; અપ્કાય અને વનસ્પતિકાય આ ત્રણ ભેદે સ્થાવર છે.

तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः ॥ १४ ॥

તેઉકાય, વાયુકાય અને વિકલેન્દ્રિય (બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચતુરિંદ્રિય ને પંચેન્દ્રિય) ત્રસ છે.

पञ्चेन्द्रियाणि ॥ १५ ॥

ઇન્દ્રિયો પાંચ છે.

द्विविधानि ॥१६॥

તે ઇન્દ્રિયો (દ્રવ્ય અને ભાવ) એમ બે પ્રકારે છે.

निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥ १७ ॥

દ્રવ્યેન્દ્રિયઃ-નિર્વૃત્તિ અને ઉપકરણ એમ બે ભેદે છે.

लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥ १८ ॥

ભાવેન્દ્રિયઃ-લબ્ધિ અને ઉપયોગ રૂપ બે ભેદે છે.

उपयोगः स्पर्शादिषु ॥ १९ ॥

સ્પર્શાદિ વિષયોમાં (લબ્ધિ વગેરે ઇન્દ્રિયોની અપેક્ષાએ) મતિજ્ઞાનોપયોગ તે ઉપયોગેન્દ્રિય છે.

स्पर्शनरसनघ्राणचक्षुश्श्रोत्राणि ॥ २० ॥

ત્વક્, જિહ્વા, ઘ્રાણ, ચક્ષુ, અને શ્રોત્ર આ પાંચ પ્રકારે ઇન્દ્રિયો છે.

स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः ॥ २१ ॥

તે ઇન્દ્રિયોના સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ અને શબ્દ (આ પાંચ) વિષયો છે.

श्रुतमनिन्द्रियस्य ॥ २२ ॥

શ્રુતજ્ઞાન, નોઇન્દ્રિયનો વિષય છે.

वाय्वन्तानामेकम् ॥ २३ ॥

વાયુકાય સુધીના જીવોને એક (પ્રથમ) જ ઇન્દ્રિય છે.

कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ॥२४॥

કરમિયા આદિ, કીડી આદિ, ભ્રમર આદિ અને મનુષ્ય આદિને એક એક વધતા અનુક્રમે બે, ત્રણ, ચાર ને પાંચ ઇન્દ્રિયો છે.

संज्ञिनः समनस्काः ॥ २५ ॥

સંજ્ઞી જીવો સમનસ્ક (મનવાળા) છે.

विग्रहगतौ कर्मयोगः ॥ २६ ॥

વિગ્રહગતિમાં જીવને કર્મયોગ (કાર્મણ કાયયોગ) જ હોય છે.

अनुश्रेणि गतिः ॥ २७ ॥

ગતિ (જીવ અને પુદ્‌ગલોની) સ્વઆકાશ-પ્રદેશની શ્રેણીને અનુસારે જ હોય છે.

अविग्रहा जीवस्य ॥ २८ ॥

સિદ્ધ થતાં જીવની ગતિ અવિગ્રહ (ઋજુગતિ) હોય છે.

विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ॥ २९ ॥

સંસારી જીવોની ગતિ વિગ્રહવાલી (વક્રગતિ) હોય છે. અને તે ચાર સમય સુધી પણ રહે છે. (ચાર સમયે ત્રણ વિગ્રહ, ત્રણ સમયે બે અને બે સમયે એક)

**एकसमयोऽविग्रहः ॥ ३० ॥**

અવિગ્રહ ગતિ એક સમયની હોય છે.

**एकं द्वौ वाऽनाहारकः ॥ ३१ ॥**

વિગ્રહ ગતિમાં રહેલો જીવ એક અથવા બે સમય આહાર રહિત હોય છે.

**सम्मूर्च्छनगर्भोपपाता जन्म ॥ ३२ ॥**

જન્મ—સંમૂર્છન, ગર્ભ અને ઉપપાત એમ ત્રણ પ્રકારે છે.

**सचित्तशीतसंवृताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ॥ ३३ ॥**

તે જન્મની યોનીયો, સચિત્ત, અચિત્ત, સચિત્તાચિત્ત, શીત, ઉષ્ણ, શીતોષ્ણ, સંવૃત, વિવૃત અને સંવૃતવિવૃત એમ નવ ભેદે છે.

जराय्वण्डपोतजानां गर्भः ॥ ३४ ॥

જરાયુજ, અંડજ, અને પોતજ જીવોનો ગર્ભજન્મ હોય છે.

नारकदेवानामुपपातः ॥ ३५ ॥

નારક અને દેવોનો ઉપપાત જન્મ હોય છે.

शेषाणां सम्मूर्च्छनम् ॥ ३६ ॥

શેષ જીવોનો સંમૂર્ચ્છન જન્મ છે.

औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि ॥ ३७ ॥

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ આ પાંચ શરીર છે.

परं परं सूक्ष्मम् ॥ ३८ ॥

તે અનુક્રમે ઉત્તરોત્તર સૂક્ષ્મ છે.

प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसात् ॥३९॥

તૈજસથી પૂર્વ અનુક્રમે ઉત્તરોત્તર પ્રદેશથી અસંખ્ય ગુણ હોય છે.

**अनन्तगुणे परे ॥ ४० ॥**

તૈજસ અને કાર્મણ પ્રદેશથી પૂર્વપૂર્વની અપેક્ષાએ અનન્તગુણ છે.

**अप्रतिघाते ॥ ४१ ॥**

તૈજસ અને કાર્મણની ગતિનો લોકાન્ત સુધી કયાંય પ્રતિઘાત નથી.

**अनादिसम्बन्धे च ॥ ४२ ॥**

(અર્થાત્–આ બે શરીર અત્યન્ત સૂક્ષ્મ હોવાથી કોઈ પણ વસ્તુથી તેઓનો ગતિરોધ થતો નથી.) અને તે બન્ને પરસ્પર અને સંસારી જીવની સાથે અનાદિ સંબન્ધવાળા છે.

**सर्वस्य ॥ ४३ ॥**

અને આ બન્ને શરીર બધાય સંસારી જીવોને હોય છે.

**तदादीनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः ॥४४॥**

જીવને એક સાથે કાર્મણ અથવા તૈજસ-કાર્મણ સહિત ચાર સુધી શરીર વિકલ્પે સંભવે

છે. (એક સાથે વૈક્રિય ને આહારક હોતા નથી. માટે એક સાથે પાંચ શરીર ન હોય).

निरुपभोगमन्त्यम् ॥ ४५ ॥

અન્ત્ય-કાર્મણ શરીર નિરુપભોગ હોય છે. (કેમકે સુખ, દુઃખ વગેરેનો વ્યક્તભોગ તેનાથી નથી હોતો)

गर्भसम्मूर्च्छनजमाद्यम् ॥ ४६ ॥

(ઔદારિક) પ્રથમ શરીર ગર્ભજ અને સંમૂર્ચ્છન જ હોય છે.

वैक्रियमौपपातिकम् ॥ ४७ ॥

વૈક્રિય શરીર ઔપપાતિક હોય છે.

लब्धिप्रत्ययं च ॥ ४८ ॥

અને તે (વૈક્રિય શરીર) લબ્ધિનિમિત્તક પણ છે. (મનુષ્ય અને તિર્યંચોને)

शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्यैव ॥ ४९ ॥

આહારક શરીર-શુભ, વિશુદ્ધ અને

અવ્યાઘાતી છે. અને તે ચતુર્દશ પૂર્વધર ને જ હોય છે.

नारकसम्मूर्छिनो नपुंसकानि ॥ ५० ॥

નારક અને સંમૂર્છન જ જીવો નપુસક જ હોય છે.

न देवाः ॥ ५१ ॥

દેવો નપુસક હોતા નથી.

औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ॥ ५२ ॥

ઔપપાતિક (દેવ અને નારકી) ચરમદેહવાળા (તેજ ભવમાં મોક્ષગામી) ઉત્તમ પુરુષો (ચક્રવર્તી આદિ) અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા (યુગલિક, તિર્યંચ અને મનુષ્યાદિ) જીવો અનપવર્ત્યાયુષી હોય છે. (એટલે કે ઉપક્રમોથી વિપાકી આયુષ્યવાળા નથી હોતા)

॥ इति द्वितीयोऽध्यायः ॥

## अध्याय ३

रत्नशर्करावालुकापङ्कधूमतममहातमःप्रभाभूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठाः सप्ताधोऽधः पृथुतराः ॥१॥

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંક-પ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમપ્રભા આ સાત ભૂમિઓ અનુક્રમે નીચે નીચે એકબીજાથી પહોળી તથા અનુક્રમે ઘનોદધિ, ઘનવાત, તનવાત અને આકાશમાં પ્રતિષ્ઠિત છે.

तासु नरकाः ॥ २ ॥

તે ભૂમિઓમાં નરકો (નરકાવાસો) છે.

नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ॥३॥

તે નરકો અનુક્રમે નીચે નીચે નિર્માણથી અશુભતર તથા નિરન્તર અશુભતર લેશ્યા-પરિણામ-દેહ-વેદના અને વિક્રિયાવાળા છે.

परस्परोदीरितदुःखाः ॥ ४ ॥

તે નરકો પરસ્પર એકને બીજાવડે ઉત્પન્ન કરાયેલા દુખવાળા છે.

**सङ्क्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥५॥**

ચતુર્થથી પૂર્વ (પ્રથમ ત્રણ)માં સંકિલષ્ટ (પરમાધાર્મિક) સુરોવડે ઉત્પન્ન કરાયેલા દુઃખવાલા નારકો છે.

**तेष्वेक–त्रि–सप्त–दश–सप्तदश–द्वाविंशति–त्रयस्त्रिंशत्सागरोपमाः सत्त्वानां परा स्थितिः ॥ ६ ॥**

તે નરકોમાં જીવોની અનુક્રમે એક, ત્રણ, સાત, દશ, સત્તર, બાવીશ અને તેત્રીશ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે.

**जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः ॥७॥**

જમ્બૂદ્વીપ આદિ દ્વીપો અને લવણસમુદ્રાદિ સમુદ્રો શુભનામવાળા છે. (અને તે દ્વીપ સમુદ્રો અસંખ્યાતા છે.)

**द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ॥८॥**

તે સર્વ દ્વીપસમુદ્રો અનુક્રમે બમણાં બમણાં વિસ્તારવાળા પૂર્વ પૂર્વ ને વીંટીને રહેલા વલયાકારવાળા છે.

तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः ॥ ९ ॥

તે દ્વીપસમુદ્રોની મધ્યે લાખ યોજનના વિસ્તારવાળો ગોળાકાર (થાળી જેવો) અને મધ્યે મેરુપર્વતથી યુક્ત જમ્બૂદ્વીપ છે.

तत्र भरतहैमवतहरिविदेहरम्यकहैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ॥ १० ॥

તે જમ્બૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિવર્ષ, વિદેહ, રમ્યક, હૈરણ્યવત અને ઐરાવત આ આ સાત ક્ષેત્રો છે.

तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषधनीलरुक्मिशिखरिणो वर्षधरपर्वताः ॥ ११ ॥

આ ક્ષેત્રોના વિભાગ કરનાર પૂર્વ–પશ્ચિમ

લાંબા હિમવાન્, મહાહિમવાન્, નિષધ, નીલ, રુક્મી અને શિખરી નામના છ વર્ષધર પર્વતો છે.

द्विर्धातकीखण्डे ॥ १२ ॥

ધાતકીખંડમાં ક્ષેત્રો અને પર્વતો જમ્બૂદ્વીપ કરતાં બમણાં છે.

पुष्करार्धे च ॥ १३ ॥

પુષ્કરાર્ધમાં પણ જમ્બૂદ્વીપ કરતાં બમણાં ક્ષેત્રો અને પર્વતો છે.

प्राङ्मानुषोत्तरान्मनुष्याः ॥ १४ ॥

માનુષોત્તર પર્વતથી પૂર્વ મનુષ્યો છે (તેની બહાર નથી.)

आर्या म्लिशश्च ॥ १५ ॥

તે મનુષ્યો આર્ય અને મ્લેચ્છ એમ બે પ્રકારે છે.

**भरतैरावत-विदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तर-कुरुभ्यः ॥ १६ ॥**

દેવકુરુ અને ઉત્તરકુરુ સિવાય ભરત, ઐરાવત અને મહાવિદેહ આ ત્રણ ક્ષેત્રો કર્મભૂમિઓ છે.

**नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ॥ १७ ॥**

મનુષ્યોની ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ અને જઘન્યથી અન્તમુહૂર્તની સ્થિતિ છે.

**तिर्यग्योनीनां च ॥ १८ ॥**

અને તિર્યંચોની પણ ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ પૂર્વોક્ત છે.

❋

## अध्याय ४

देवाश्चतुर्निकायाः ॥ १ ॥

દેવો (ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક) ચાર નિકાયવાળા છે.

तृतीयः पीतलेश्यः ॥ २ ॥

ત્રીજી નિકાયના દેવો (જ્યોતિષ્કો) તેજોલેશ્યાવાળા છે.

दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ताः ॥ ३ ॥

તે દેવ નિકાયોમાં પ્રથમ નિકાય દશભેદે, બીજી નિકાય આઠભેદે, ત્રીજી નિકાય પાંચ ભેદે અને ચોથી નિકાય કલ્પોપપન્ન સુધી બાર ભેદે છે.

इन्द्रसामानिकत्रायस्त्रिंशपारिषद्यात्मरक्षलोकपालानीकप्रकीर्णकाभियोग्यकिल्बिषिकाश्चैकशः ॥ ४ ॥

પ્રત્યેક દેવ નિકાયના દેવો, ઇન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ્ય, આત્મરક્ષક, લોકપાલ,

અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્બિષિક એમ દશ ભેદ છે.

त्रायस्त्रिंशल्लोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः ॥ ५ ॥

વ્યંતર ને જ્યોતિષ્કોમાં ત્રાયસ્ત્રિંશ ને લોકપાલ–આ બે ભેદો નથી. (તે સિવાયના આઠ ભેદો છે.)

पूर्वयोर्द्वीन्द्राः ॥ ६ ॥

પ્રથમના બે દેવનિકાયો (ભવનપતિ ને વ્યંતર) માં (ક્રમશઃ દશ અને આઠ ભેદોમાં) બે બે ઈન્દ્રો છે.

पीतान्तलेश्याः ॥ ७ ॥

પૂર્વના બે દેવનિકાયોમાં પીત સુધી એટલે કે કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો, એમ લેશ્યાઓ હોય છે.

कायप्रवीचारा आ ऐशानात् ॥ ८ ॥

ઈશાન સુધીના દેવો કાયાથી વિષય સેવનારા છે.

शेषाः स्पर्शरूपशब्दमनः प्रवीचारा द्वयोर्द्वयोः ॥ ९ ॥

કલ્પોપપન્ન સુધીના ઉપરના બબ્બે કલ્પોના દેવો, અનુક્રમે સ્પર્શ, રુપ, શબ્દ અને મન વડે વિષય સેવન કરનારા હોય છે.

परेऽप्रवीचाराः ॥ १० ॥

તેથી ઉપરના દેવો વિષય સુખ ભોગવનારા નથી હોતા.

भवनवासिनोऽसुरनागविद्युत्सुपर्णाग्निवातस्तनितोदधिद्वीपदिक्कुमाराः ॥ ११ ॥

ભવનવાસી દેવો, અસુર, નાગ, વિદ્યુત્, સુપર્ણ, અગ્નિ, વાયુ, સ્તનિત, ઉદધિ, દ્વીપ અને દિક્ કુમાર એમ દશ પ્રકારે છે.

व्यन्तराः किन्नरकिम्पुरुषमहोरगगान्धर्वयक्षराक्षसभूतपिशाचाः ॥ १२ ॥

વ્યંતર દેવો, કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગાન્ધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ આ આઠ ભેદે છે.

ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रहनक्षत्रप्रकीर्णतारकाश्च ॥ १३ ॥

જ્યોતિષ્ક દેવો, સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને પ્રકીર્ણ તારા એમ પાંચ ભેદે છે.

मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ॥ १४ ॥

મનુષ્ય લોકમાં જ્યોતિષ્કો મેરૂની પ્રદક્ષિણા ક્રમથી નિત્ય ગતિવાળા છે.

तत्कृतः कालविभागः ॥ १५ ॥

કાળ વિભાગ, જ્યોતિષ્કોની ગતિથી કરાયેલો છે.

बहिरवस्थिताः ॥ १६ ॥

જ્યોતિષ્કો, મનુષ્યલોકની બહાર અવસ્થિત (સ્થિર) છે.

वैमानिकाः ॥ १७ ॥

હવે વૈમાનિક દેવો વિષે કહેવાય છે.

कल्पोपपन्नाः कल्पातीताश्च ॥ १८ ॥

વૈમાનિક દેવો, કલ્પોપપન્ન ને કલ્પાતીત એમ બે ભેદે છે.

उपर्युपरि ॥ १९ ॥

તે ઉપર ઉપર રહેલા છે.

सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तकमहाशुक्रसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धे च ॥ २० ॥

સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત ને પ્રાણત, આરણ ને અચ્યુત, આ બાર કલ્પોમાં કલ્પોપન્ન, નવગ્રૈવેયક તેમજ વિજય-વૈજયન્ત, જયન્ત, અપરાજિત તથા સર્વાર્થ-સિદ્ધ આ પાંચ અનુત્તર, આમ ચૌદ વિમાનોમાં કલ્પાતીત વૈમાનિક દેવો છે.

स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धीन्द्रियावधिविषयतोऽधिकाः ॥ २१ ॥

આ કલ્પોમાં ઉપર ઉપરના દેવો, સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યા, વિશુદ્ધિ, ઇન્દ્રિય અને અવધિના વિષયથી અધિક અધિક હોય છે.

गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः ॥ २२ ॥

તે વૈમાનિક દેવો, ગતિ, શરીર, પરિગ્રહ અને અભિમાનથી ઉપર ઉપર હીન હોય છે.

पीत-पद्मशुक्ललेश्या द्वि-त्रि-शेषेषु ॥ २३ ॥

પ્રથમ બે કલ્પવાસી દેવો તેજોલેશ્યાવાળા, તેનાથી ઉપર ત્રણ કલ્પના દેવો પદ્મલેશ્યાવાળા અને તેથી ઉપરના બધા ય દેવો શુક્લ-લેશ્યાવાળા છે.

प्राग् ग्रैवेयकेभ्यः कल्पाः ॥ २४ ॥

ગ્રૈવેયકથી પૂર્વના વિમાનોમાં દેવો કલ્પ-એટલે-સ્વામી સેવક ભાવવાળાં હોય છે. (ગ્રૈવેયકથી સર્વાર્થ સિદ્ધ સુધીના કલ્પાતીત હોય છે).

ब्रह्मलोकालया लोकान्तिकाः ॥ २५ ॥

લોકાંતિક દેવો, બ્રહ્મલોકવાસી છે.

सारस्वतादित्यवह्न्यरुणगर्दतोयतुषिताव्याबाध-
मरुतोऽरिष्टा श्च ॥ २६ ॥

અને લોકાંતિક દેવોઃ–સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરૂણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ મરૂત અને અરિષ્ટ એમ નવ ભેદે છે.

विजयादिषु द्विचरमाः ॥ २७ ॥

વિજયાદિ વિમાનોમાં અન્તિમ બે ભવો ગ્રહણ કરવાવાળા હોય છે (અને સર્વાર્થસિદ્ધ દેવો એકાવતારી હોય છે).

औपपातिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ॥ २८ ॥

ઔપપાતિક અને મનુષ્યો સિવાય બીજા તિર્યંચ યોનિવાળા છે.

स्थितिः ॥ २९ ॥

હવે સ્થિતિ કહેવાય છે.

भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ॥३०॥

ભવનવાસીઓમાં દક્ષિણાર્ધના અધિપતિઓ (ઇન્દ્રો) ની ઉત્કૃષ્ટસ્થિતિ દોઢ પલ્યોપમની છે.

शेषाणां पादोने ॥ ३१ ॥

શેષ=ઉત્તરાર્ધ ભવનવાસી ઇન્દ્રોની ઉત્કૃષ્ટ-સ્થિતિ પોણા બે પલ્યોપમની છે.

असुरेन्द्रयोः सागरोपममधिकं च ॥ ३२ ॥

દક્ષિણના ને ઉત્તરના અસુરેન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે એક સાગરોપમ અને સાધિક સાગરોપમની છે.

सौधर्मादिषु यथाक्रमम् ॥३३॥

હવે સૌધર્માદિ વિમાનવાસી દેવોની સ્થિતિ કહેવાય છે.

सागरोपमे ॥ ३४ ॥

સૌધર્મ કલ્પમાં ઉત્કૃષ્ટ સ્થિતિ સાગરો-પમની છે.

अधिके च ॥ ३५ ॥

ઈશાન કલ્પમાં ઉત્કૃષ્ટસ્થિતિ સાધિક બે સાગરોપમની છે.

सप्त सानत्कुमारे ॥ ३६ ॥

સનતકુમારમાં, ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે.

विशेषत्रिसप्तदशैकादशत्रयोदशपञ्चदशभिरधिकानि च ॥ ३७ ॥

સનતકુમારની સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિમાં વિશેષ, ત્રણ, સાત, દશ, અગ્યાર, તેર અને પંદર ઉમેરવાથી અનુક્રમે (માહેન્દ્રાદિક દેવોની) ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે. (એટલે, માહેન્દ્રની સાધિક સાત, બ્રહ્મલોકની દશ, લાંતકની ચૌદ, મહાશુક્રની સત્તર, સહસ્રારની અઢાર, આનત ને પ્રાણતની વીશ, આરણ ને અચ્યુતની બાવીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે.)

आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ॥ ३८ ॥

નવ ગ્રૈવેયક, ચાર વિજયાદિ, અને સર્વાર્થસિદ્ધોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ આરણ-અચ્યુતથી આગળ અનુક્રમે એક એક સાગરોપમ અધિક છે (નવગ્રૈવેયકમાં એક એક વધતાં એકત્રીશ સાગરોપમની અને વિજયાદિ ચારેમાં એક જ વધતાં બત્રીશ સાગરોપમની સ્થિતિ છે. અને સર્વાર્થસિદ્ધમાં પણ એક વધતાં તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે અને આ સ્થિતિને "અજઘન્યોત્કૃષ્ટ" સમજવી.)

अपरा पल्योपममधिकं च ॥ ३९ ॥

સૌધર્મની જઘન્ય સ્થિતિ, પલ્યોપમની અને ઈશાનની સાધિક પલ્યોપમની છે.

सागरोपमे ॥ ४० ॥

સનત્કુમારની જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે.

अधिके च ॥ ४१ ॥

માહેન્દ્રની જઘન્ય સ્થિતિ, સાધિક બે સાગરોપમ છે.

परतः परतः पूर्वा पूर्वाऽनन्तरा ॥ ४२ ॥

માહેન્દ્રથી ઉપર અનુક્રમે, પૂર્વ પૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિ પર પરની ( આગળના દેવ લોકોની ) જઘન્ય સ્થિતિ જાણવી.

नारकाणां च द्वितीयादिषु ॥ ४३ ॥

નારકોની, દ્વિતીઆદિ ભૂમિમાં, પૂર્વ પૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે પર પરની જઘન્ય સ્થિતિ છે.

दश वर्षसहस्राणि प्रथमायाम् ॥ ४४ ॥

પ્રથમ નારકમાં જઘન્ય સ્થિતિ, દશ હજાર વર્ષની છે.

भवनेषु च ॥ ४५ ॥

ભવનવાસીમાં પણ જઘન્ય સ્થિતિ, દશ હજાર વર્ષની છે.

व्यन्तराणां च ॥ ४६ ॥

વ્યંતરોની પણ જઘન્ય સ્થિતિ, દશ હજાર વર્ષની છે.

परा पल्योपमम् ॥ ४७ ॥

વ્યંતરોની ઉત્કૃષ્ટ સ્થિતિ, એક પલ્યોપમ છે.

ज्योतिष्काणामधिकम् ॥ ४८ ॥

જ્યોતિષ્કો ( સૂર્ય અને ચન્દ્ર ) ની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક પલ્યોપમ છે.

ग्रहाणामेकम् ॥ ४९ ॥

ગ્રહોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ છે.

नक्षत्राणामर्धम् ॥ ५० ॥

નક્ષત્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ, અર્ધ પલ્યોપમ છે.

तारकाणां चतुर्भागः ॥ ५१ ॥

તારાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો ચોથો ભાગ છે.

**जघन्या त्वष्टभागः ॥ ५२ ॥**

તારાઓની જઘન્ય સ્થિતિ, પલ્યોપમને। આઠમે। ભાગ છે.

**चतुर्भागः शेषाणाम् ॥ ५३ ॥**

તારાઓ સિવાયના જ્યોતિષ્કોની જઘન્ય સ્થિતિ, પલ્યોપમને। ચોથો ભાગ છે.

✻

## अध्याय ५

अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ॥ १ ॥

ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલાસ્તિકાય આ ચાર અજીવકાય છે.

द्रव्याणि जीवाश्च ॥ २ ॥

ધર્મ આદિ ચાર અને જીવ આ પાંચ દ્રવ્યો છે.

नित्यावस्थितान्यरूपीणि ॥ ३ ॥

અને એ દ્રવ્યો, નિત્ય, અવસ્થિત (પાંચ જ અને એકબીજાથી અસંકીર્ણ સ્વરૂપવાળા) અને અરુપી છે.

रूपिणः पुद्गलाः ॥ ४ ॥

પુદ્ગલો રૂપી છે.

आऽऽकाशादेकद्रव्याणि ॥ ५ ॥

આકાશ સુધી (ધર્મ–અધર્મ અને આકાશ) ના ત્રણ, એક એક અખંડ દ્રવ્યો છે.

निष्क्रियाणि च ॥ ६ ॥

અને આકાશ સુધીના ત્રણ, ગતિ રહિત છે.

असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः ॥ ७ ॥

તે દ્રવ્યોમાં ધર્મ અને અધર્મના પ્રદેશો અસંખ્યાતા છે. (એક પરમાણુનું અવગાહ ક્ષેત્ર અને ઉપચારથી પુદ્ગલોના પરમાણુ રૂપ અવયવો તે પણ પ્રદેશ કહેવાય છે).

जीवस्य च ॥ ८ ॥

અને એક જીવના પણ પ્રદેશો અસંખ્યાતા છે.

आकाशस्यानन्ताः ॥ ९ ॥

આકાશ (લોકાકાશ અને અલોકાકાશ બન્ને સમુદિત)ના પ્રદેશો અનન્તા છે.

सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् ॥ १० ॥

પુદ્ગલના પ્રદેશો, સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત છે.

नाणोः ॥ ११ ॥

પરમાણુના પ્રદેશો હોતા નથી. (દ્રવ્યરૂપ પ્રદેશો નથી પરન્તુ રૂપરસાદિ ભાવરૂપ પ્રદેશો છે)

लोकाकाशेऽवगाहः ॥ १२ ॥

ધર્મ, અધર્મ, જીવ અને પુદ્‌ગલોનો અવગાહ (આધારતા) લોકાકાશમાં જ છે.

धर्माधर्मयोः कृत्स्ने ॥ १३ ॥

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અવગાહ (આધારતા) સમગ્ર લોકાકાશમાં છે.

एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ॥ १४ ॥

પુદ્‌ગલોની આધારતા (ગતિ અને સ્થિતિને વિષે) લોકાકાશના એક પ્રદેશથી અસંખ્યાત પ્રદેશોમાં વિકલ્પે છે.

असङ्ख्येयभागादिषु जीवानाम् ॥ १५ ॥

જીવોનો અવગાહ, લોકાકાશના પ્રદેશના અસંખ્ય ભાગ વિગેરેમાં છે.

प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत् ॥ १६ ॥

જીવ પ્રદેશોનો સંકોચ અને વિકાસ, પ્રદીપની જેમ થતો હોવાથી, અસંખ્યાત ભાગથી લઈ સંપૂર્ણ લોકમાં જીવનો અવગાહ છે.

गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ॥ १७ ॥

ગતિ અને સ્થિતિના નિમિત્તરૂપે રહેવું (ગતિને સ્થિતિમાં જીવને અને પુદ્ગલને સહાયભૂત થવું) તે અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો ઉપકાર=કાર્ય છે.

आकाशस्यावगाहः ॥ १८ ॥

આકાશનો અવગાહ, (એટલે કે આધાર થવું) તે ઉપકાર છે.

शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ॥ १९ ॥

પુદગલોનો શરીર, વાણી મન અને શ્વાસોશ્વાસ આટલાં ઉપકાર છે.

सुखदुःखजीवितमरणोपग्रहाश्च ॥ २० ॥

અને સુખ, દુઃખ, જીવન અને મરણમાં નિમિત્ત થવું એ પણ પુદ્ગલોનું કાર્ય છે.

परस्परोपग्रहो जीवानाम् ॥ २१ ॥

પરસ્પર (હિત અને અહિતના ઉપદેશ આદિ દ્વારા) સહાય તે જીવોનો ઉપકાર છે.

वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य ॥२२॥

પોતાની જાતે વર્તતા પદાર્થોનો સમયે સમયે સત્તાનો અનુભવ=તે વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ આ કાલનો ઉપકાર છે.

स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः ॥ २३ ॥

પુદ્ગલો, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા હોય છે.

शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छायाऽऽतपोद्-
द्योतवन्तश्च ॥ २४ ॥

અને પુદ્ગલો–શબ્દ, બન્ધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, ભેદ, તમસ, છાયા, આતપ અને પ્રકાશવાળા છે.

अणवः स्कन्धाश्च ॥ २५ ॥

અને પુદ્ગલો અણુરૂપ અને સ્કંધરૂપ છે.

सङ्घातभेदेभ्य उत्पद्यन्ते ॥ २६ ॥

સંઘાત, ભેદ અને સંઘાત ભેદથી સ્કંધ ઉત્પન્ન થાય છે.

भेदादणुः ॥ २७ ॥

અણુ ભેદથી જ થાય છે.

भेदसङ्घाताभ्यां चाक्षुषाः ॥ २८ ॥

ચક્ષુ વિષય સ્કંધો, ભેદ અને સંઘાતથી ઉત્પન્ન થાય છે.

उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ॥ २९ ॥

ઉત્પત્તિ, વિનાશ અને ધ્રૌવ્યથી યુકત, તે "સત્" છે. (જેમકે : ઘટ, આદિ પદાર્થો

સત્ છે. કેમકે "ઘટ" ફુટી ગયા છતાં પણ માટી આદિ દ્રવ્ય રહે જ છે. તેથી તે દ્રવ્યરૂપે "ધ્રુવ" છે અને ઘટની ઉત્પત્તિ અને વિનાશ હોવાથી તે તે પર્યાય રૂપે ઉત્પાદ અને વિનાશથી યુક્ત છે.)

**तद्भावाव्ययं नित्यम् ॥३०॥**

જે ભાવાત્મક ને અવિનાશી હોય તે નિત્ય છે.

**अर्पितानर्पितसिद्धेः ॥३१॥**

વિવક્ષા અને અવિવક્ષાથી વ્યવહાર સિદ્ધિ થાય છે. (એક જ પદાર્થમાં વિવક્ષાથી અને અવિવક્ષાથી, નિત્યત્વને અનિત્યત્વનો વ્યવહાર થાય છે. જેમકે: 'ઘટ' ની દ્રવ્યરૂપે (માટીરૂપે) વિવક્ષાથી નિત્યત્વનો અને ઘટ પર્યાયરૂપે વિવક્ષાથી અનિત્યત્વનો વ્યવહાર થાય છે. આમ બધાય પદાર્થો દ્રવ્યરૂપે વિવક્ષા કરવાથી નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય હોય છે.)

**स्निग्धरूक्षत्वाद् बन्धः ॥ ३२ ॥**

સ્નિગ્ધતા અને રુક્ષતાના લીધે (સ્પર્શ થયે છતે) પુદ્ગલોનો બન્ધ થાય છે.

**न जघन्यगुणानाम् ॥ ३३ ॥**

જઘન્ય ગુણવાળા, (જઘન્યરુક્ષતા અને જઘન્ય સ્નિગ્ધતાવાળા) પુદ્ગલોનો બંધ થતો નથી.

**गुणसाम्ये सदृशानाम् ॥ ३४ ॥**

ગુણ સમાન હોય તો સજાતીયોનો બન્ધ હોતો નથી. (જેમકે :- દ્વિગુણ સ્નિગ્ધનો દ્વિગુણ સ્નિધની સાથે અને દ્વિગુણરુક્ષનો દ્વિગુણરૂક્ષની સાથે બંધ થતો નથી. એમ બીજા પણ જાણવા)

**द्व्यधिकादिगुणानां तु ॥ ३५ ॥**

એકથી બીજો, બે લઈ અધિક ગુણવાળો હોય તો સજાતીયોનો પણ બન્ધ થાય છે.

बन्धे समाधिकौ पारिणामिकौ ॥ ३६ ॥

બન્ધ થયે છતે સમગુણવાળા સમગુણવાલાનો. અને અધિક ગુણવાળા હીનગુણવાળાનો પરિણામ કરાવનાર હોય છે. ( જેમ કે :-દ્વિગુણ સ્નિગ્ધને દ્વિગુણ રૂક્ષની સાથે તેમજ દ્વિગુણરૂક્ષને દ્વિગુણ સ્નિગ્ધની સાથે બન્ધ થાય તો તે સ્કંધ રુક્ષ અથવા સ્નિગ્ધ થઈ જાય )

गुणपर्यायवद् द्रव्यम् ॥ ३७ ॥

ગુણ ( એક સાથે રહેનારા ધર્મો ) અને પર્યાય ( એક સાથે નહી રહેનારા ધર્મો ) જેમાં હોય તે 'દ્રવ્ય' કહેવાય છે.

कालश्चत्येके ॥ ३८ ॥

કેટલાક આચાર્યો, "કાળ પણ દ્રવ્ય છે" એમ કહે છે.

सोऽनन्तसमयः ॥ ३९ ॥

તે કાળ, અનન્ત સમયાત્મક છે.

द्रव्याश्रया निर्गुणा गुणाः ॥ ४० ॥

જેનો આશ્રય દ્રવ્ય હોય અને ગુણરહિત જે હોય તે ગુણ કહેવાય છે.

तद्भावः परिणामः ॥ ४१ ॥

તે દ્રવ્યો અને ગુણોનો ભાવ (સ્વરૂપ ભૂત સામાન્ય અને વિશેષ ધર્મો) તે પરિણામ છે. (જેમકે જીવોને ભવ્યત્વ અને ઉપયોગ વગેરે)

अनादिरादिमांश्च ॥ ४२ ॥

તે પરિણામ અનાદિ અને આદિમાન એમ બે ભેદે છે.

रूपिष्वादिमान् ॥ ४३ ॥

પુદ્‌ગલના (અનેક પ્રકારના) આદિમાન પરિણામો છે.

योगोपयोगौ जीवेषु ॥ ४४ ॥

જીવના યોગ અને ઉપયોગ એ બે આદિમાન પરિણામો છે.

✱

## अध्याय-६

**कायवाङ्मनःकर्म योगः ॥ १ ॥**

કાયિક, વાચિક અને માનસિક ક્રિયા યોગ કહેવાય છે.

**स आस्रवः ॥ २ ॥**

તે યોગ આસ્રવ કહેવાય છે.

**शुभः पुण्यस्य ॥ ३ ॥**

શુભ યોગ પુણ્યનો આસ્રવ છે.

**अशुभः पापस्य ॥ ४ ॥**

અશુભયોગ પાપનો આસ્રવ છે.

**सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः ॥ ५ ॥**

સકષાય જીવનો યોગ સામ્પરાયિક કર્મનો, અને અકષાય જીવનો યોગ ઈર્યાપથિક કર્મનો આસ્રવ છે.

**अव्रत-कषाये-न्द्रिय-क्रियाः पञ्चचतुः-पञ्च-पञ्च-विंशतिसङ्ख्याःपूर्वस्य भेदाः ॥ ६ ॥**

સામ્પરાયિક આસ્રવના-પાંચ અવ્રત (હિંસા વિગેરે) ચાર કષાય (ક્રોધ આદિ) પાંચ ઇન્દ્રિય (સ્પર્શનાદિ) અને પચ્ચીસ ક્રિયા એ પ્રમાણે ૩૯ ભેદ છે.

**तीव्रमन्दज्ञाताज्ञातभाववीर्याधिकरणविशेषेभ्यस्तद्वि-शेषः ॥ ७ ॥**

અને તે આસ્રવનો-તીવ્રતા, મંદતા, જ્ઞાતતા, અજ્ઞાતતા, વીર્ય અને અધિકરણના ભેદથી-ભેદ થાય છે.

**अधिकरणं जीवाजीवाः ॥ ८ ॥**

આ આસ્રવોનો જીવો અને અજીવો અધિકરણ છે.

**आद्यं संरम्भसमारम्भारम्भयोगकृतकारितानुमतक-षायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥ ९ ॥**

જીવાધિકરણ-સંરમ્ભ, સમારમ્ભ અને આરમ્ભ એમ ત્રણ પ્રકારે છે (**संरम्भः सकषायः**

परितापनया भवेत्समारम्भः । आरम्भः प्राणिवध-स्त्रिविधो योगस्ततो ज्ञेयः ॥ १ ॥) અને તે ત્રણે ત્રણ પ્રકારના યોગના વશથી નવ પ્રકારે તથા તે નવ–કરવું, કરાવવું અને અનુમોદનના ભેદથી સત્તાવીસ ભેદે છે, વલી તે ચાર કષાયના ભેદથી એકસો આઠ પ્રકારે થાય છે.

निर्वर्तनानिक्षेपसंयोगनिसर्गा द्विचतुर्द्वित्रिभेदाः परम् ॥ १० ॥

અજીવાધિકરણ–બે પ્રકારે નિર્વર્ત્તના (શરીર, મન, વચન, પ્રાણ અને અપાન ભેદથી પાંચ પ્રકારે મૂલગુણનિર્વર્ત્તના અને કાષ્ઠ, પુસ્તક આદિ ભેદથી અનેક પ્રકારે ઉત્તર-ગુણનિર્વર્ત્તના) ચાર પ્રકારે નિક્ષેપ (અપ્રત્યવેક્ષિત, દુષ્પ્રમાર્જિત, સહસા અને અનાભોગ) બે પ્રકારે સંયોગ (ભક્તપાન અને ઉપકરણ) ત્રણ પ્રકારે નિસર્ગ (કાય–વાક્–મન) કુલ અગ્યાર પ્રકારે છે.

तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ज्ञानदर्शनावरणयोः ॥ ११ ॥

જ્ઞાન અને દર્શન સમ્બન્ધી-પ્રદોષ, નિહ્નવ, માત્સર્ય, અન્તરાય, આસાદન (જ્ઞાન આપનારને રોકવું) અને ઉપઘાત આ બધા જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મના આસ્રવ છે.

दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभयस्थान्यसद्वेद्यस्य ॥ १२ ॥

સ્વ, પર, તથા ઉભયને કરાતા દુઃખ, શોક, તાપ, આક્રન્દન, વધ અને પરિદેવન આ સર્વે અસદ્વેદ્ય કર્મના આસ્રવ છે.

भूतव्रत्यनुकम्पा दानं सरागसंयमादि योगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ॥ १३ ॥

ભૂત (પ્રાણી) વિષે અનુકમ્પા, વ્રતીને વિષે વિશેષ અનુકમ્પા, દાન, સરાગ સંયમ (સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપ) યોગ, ક્ષમા અને શૌચ સદ્વેદ્ય કર્મના આસ્રવ છે.

**केवलिश्रुतसङ्घधर्मदेवावर्णवादो दर्शनमोहस्य ॥ १४ ॥**

કેવલી, શ્રુત, સંઘ, ધર્મ અને દેવના અવર્ણવાદ=અસત્ દોષોનું કથન દર્શનમોહનીયના આસ્રવ છે.

**कषायोदयात् तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ॥१५॥**

કષાયના ઉદયથી થતો તીવ્ર આત્મપરિણામ=આત્માની અવસ્થાવિશેષ=ક્રોધાદિવશ વિષયોમાં ઉત્કટ પ્રવૃત્તિ, સાધુ આદિનો તિરસ્કાર, ધર્મમાં વિઘ્ન કરવું વિગેરે–તે ચારિત્ર મોહનીયના આસ્રવ છે.

**बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः ॥ १६ ॥**

બહુ આરમ્ભપણું અને બહુપરિગ્રહપણું નરકાયુષના આસ્રવ છે.

**माया तैर्यग्योनस्य ॥ १७ ॥**

માયા=શઠતા=કુટિલતા તિર્યંચ આયુષ્યનો આસ્રવ છે.

**अल्पारम्भपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य ॥ १८ ॥**

અલ્પ આરંભપણુ અને અલ્પ પરિગ્રહપણુ, સ્વાભાવિક મૃદુતા અને સરલતા એ મનુષ્ય આયુષ્યના આસ્રવ છે.

**निःशीलव्रतत्वं च सर्वेषाम् ॥ १९ ॥**

શીલ અને વ્રતરહિતપણું તથા પૂર્વોક્ત બહુઆરમ્ભપણુ વગેરે સર્વ (નારક, તિર્યંચ અને મનુષ્ય) આયુષ્યના આસ્રવ છે.

**सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि देवस्य ॥ २० ॥**

સરાગસંયમ, દેશવિરતિ, અકામનિર્જરા અને બાલતપ દેવાયુષ્યના આસ્રવ છે.

**योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ॥ २१ ॥**

કાયયોગ, વાગ્યોગ અને મનોયોગની વિષમતા તથા વિસંવાદ=અસત્યનો સ્વીકાર

અને તેના ઢાંકવાના ઉપાયમાં પ્રવૃત્તિ અશુભ નામકર્મના આસ્રવ છે.

**विपरीतं शुभस्य ॥ २२ ॥**

યોગની સમતા અને અવિસંવાદ શુભ નામકર્મના આસ્રવ છે.

**दर्शनविशुद्धिर्विनयसम्पन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णं ज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसी सङ्घसाधुसमाधिवैयावृत्त्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्य-कापरिहाणिर्मार्गप्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ॥ २३ ॥**

દર્શનવિશુદ્ધિ, વિનયસંપન્નતા, શીલ અને વ્રતોને વિષે અત્યન્ત અપ્રમાદ, પુનઃ પુનઃ જ્ઞાનનો ઉપયોગ અને સંવેગ, શકિત મુજબ ત્યાગ અને તપ, સંઘ અને સાધુઓની સમાધિ અને વૈયાવચ્ચ કરવી તે, અરિહંત-આચાર્ય-બહુશ્રુત અને પ્રવચનને વિષે ભકિત, આવશ્યક ક્રિયાઓનો અપરિત્યાગ, માર્ગ-

પ્રભાવના (ક્રિયા અને ઉપદેશથી) અને પ્રવચનવાત્સલ્ય તીર્થંકરનામકર્મના આસ્રવ છે.

परात्मनिन्दाप्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥ २४ ॥

પરનિંદા, આત્મપ્રશંસા પરના સદ્‌ગુણોનું આચ્છાદન અને પોતાના અસદ્‌ગુણોનું ઉદ્‌ભાવન, આ બધા નીચ ગોત્રના આસ્રવો છે.

तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥ २५ ॥

પરપ્રશંસા, આત્મનિન્દા, સદ્‌ગુણોનું ઉદ્‌ભાવન અને અસદ્‌ગુણોનું આચ્છાદન, નમ્ર વ્યવહાર અને નિરભિમાનતા ઉચ્ચ ગોત્રના આસ્રવ છે.

विघ्नकरणमन्तरायस्य ॥ २६ ॥

(દાનાદિ ક્રિયાઓમાં) વિઘ્ન કરવું તે અન્તરાય કર્મનો આસ્રવ છે.

॥ इति षष्ठोऽध्यायः ॥

## अध्याय-७

हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ॥ १॥

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ આ બધાથી વિરતિ તે વ્રત કહેવાય છે.

देशसर्वतोऽणुमहती ॥ २ ॥

દેશવિરતિ તે અણુવ્રત અને સર્વવિરતિ તે મહાવ્રત કહેવાય છે.

तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ॥ ३ ॥

તે વ્રતની સ્થિરતા માટે પાંચ પાંચ ભાવના છે ( અહિંસાની-ઈર્યા, એષણા, આદાનનિક્ષેપ-સમિતિ, મનોગુપ્તિ, આલોકિતપાનભોજન-આ પાંચ, સત્યની-અનુવીચિ=લોકશાસ્ત્રાવિરુદ્ધ-ભાષણ, ક્રોધ, લોભ અને હાસ્યનું પ્રત્યાખ્યાન, નિર્ભયતા આ પાંચ, અસ્તેયની-અનુવીચિ અવગ્રહ અને યાચન-અભીક્ષ્ણ વારંવાર અવગ્રહ અને યાચન અને "આટલુ" એમ અવગ્રહ-

ધારણ-સમાનધર્મિકથી અવગ્રહ અને યાચન અને અનુજ્ઞાપિત પાનભોજન આ પાંચ, બ્રહ્મચર્યની-સ્ત્રી આદિથી સહિત શયનાદિનો ત્યાગ-રાગપૂર્વક સ્ત્રીકથાનું વર્જન-સ્ત્રીના સુન્દર અંગોનું અવલોકનનું વર્જન-પૂર્વક્રીડાનું અસ્મરણ-અને ગરિષ્ઠ અને ઉદ્દીપકરસાદિનો ત્યાગ આ પાંચ, અપરિગ્રહની-પ્રિય સ્પર્શાદિ પાંચ વિષયોની પ્રાપ્તિમાં ગૃદ્ધિનો અને અપ્રિય તે વિષયોની પ્રાપ્તિમાં દ્વેષનો ત્યાગ આ પાંચ-એ પ્રમાણે ભાવના જાણવી.)

हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम् ॥ ४ ॥

(તે વ્રતની સ્થિરતા માટે) હિંસાદિને વિષે આ લોકમાં અને પરલોકમાં હાનિ અને પાપ જોવું.

दुःखमेव वा ॥ ५ ॥

અને હિંસાદિને વિષે દુઃખનોજ વિચાર કરવો.

मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यानि सत्त्व-गुणाधिक-क्लिश्यमाना-ऽविनेयेषु ॥ ६ ॥

તથા પ્રાણિઓને વિષે મૈત્રી, ગુણીને વિષે પ્રમોદ, પીડાતાને વિષે કરુણા, અને ઉપદેશના અપાત્રને વિષે માધ્યંસ્થ્ય (ઉપેક્ષા) ની ભાવના કરવી.

जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ॥ ७ ॥

અને સંવેગ અને વૈરાગ્ય માટે જગત્નો સ્વભાવ અને શરીરના સ્વભાવની ભાવના કરવી.

प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ॥ ८ ॥

પ્રમત્ત જીવના કાયિક, વાચિક અને માનસિક યોગોથી થતો પ્રાણનો વિયોગ તે હિંસા છે.

असदभिधानमनृतम् ॥ ९ ॥

અસત્નું કથન તે અનૃત છે.

अदत्तादानं स्तेयम् ॥ १० ॥

અદત્તનું ગ્રહણુ તે સ્તેય છે.

मैथुनमब्रह्म ॥ ११ ॥

મૈથુન તે અબ્રહ્મ છે.

मूर्च्छा परिग्रहः ॥ १२ ॥

મૂર્ચ્છા=ચેતન તથા અચેતન વિષયક જે ઈચ્છા ( આસકિત=લોભ ) તે પરિગ્રહ છે.

निःशल्यो व्रती ॥ १३ ॥

માયા, નિદાન, મિથ્યાદર્શન આ ત્રણ શલ્ય રહિત તે વ્રતી છે.

अगार्यनगारश्च ॥ १४ ॥

તે વ્રતી અગારી ( શ્રાવક ) અને અનગાર ( શ્રમણ ) એમ બે પ્રકારે છે.

अणुव्रतोऽगारी ॥ १५ ॥

અણુવ્રતી અગારી છે.

दिग्देशानर्थदण्डविरतिसामायिकपौषधोपवासोपभोगपरिभोगातिथिसंविभागव्रतसम्पन्नश्च ॥ १६ ॥

અને દિગ્દેશ અને અનર્થદંડથી વિરતિ–સામયિક–પૌષધ–ઉપવાસ–ઉપભોગપરિભોગ–અતિથિસંવિભાગ આટલા વ્રતોથી અગારી યુકત હોય છે.

मारणान्तिकीं संलेखनां जोषिता ॥ १७ ॥

અને અગારી મરણુ નજીક સમયે સંલેખનાના સેવન કરનાર હોય છે.

शङ्काऽऽकाङ्क्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टेरतिचाराः ॥ १८ ॥

પ્રવચનોક્ત અર્થમાં સન્દેહ=શંકા, લૌકિકાદિ અર્થોની આકાંક્ષા, "અન્ય દર્શનમાં આ પણ સત્ છે" એવી બુદ્ધિ વિચિકિત્સા, અન્યદર્શનની પ્રશંસા અને પરિચય આ પાંચ સમ્યગ્દષ્ટિના અતિચાર છે.

व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ॥ १९ ॥

(પાંચ) વ્રત અને શીલ (ત્રણુ ગુણુવ્રત અને

ચાર શિક્ષાવ્રત) ને વિષે અનુક્રમે પાંચ પાંચ અતિચાર છે.

बन्धवधच्छविच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ॥ २० ॥

બન્ધ વધને ત્વક્નો છેદ, અતિભારનું આરોપણ અને અન્નપાનનો નિરોધ આ અહિંસા વ્રતના અતિચાર છે.

मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासापहार-साकारमन्त्रभेदाः ॥ २१ ॥

મિથ્યા ઉપદેશ રહસ્યથી મિથ્યા આરોપ (કથન) કૂટલેખક્રિયા થાપણનો અપહાર ચાડી ખાવી અને ખાનગી વાત પ્રગટ કરવી આ સત્યવ્રતના અતિચાર છે.

स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रमहीनाधिक-मानोन्मानप्रतिरुपकव्यवहाराः ॥ २२ ॥

ચોરીની પ્રેરણા ચોરથી લવાયલા દ્રવ્યાદિનું ગ્રહણ વિરૂદ્ધ રાજ્યાતિક્રમ (રાજયનું બંધારણ

તોડી માલ મંગાવવો મોકલવો તે) ખોટા તોલ અને ખોટા માપ તથા નકલી માલ આપવો (સારી વસ્તુમાં હલકી વસ્તુનું ભેળ-સેળપણું) આ અસ્તેયવ્રતના અતિચાર છે.

**परविवाहकरणेत्वरपरिगृहीताऽपरिगृहीतागमनाऽनङ्गक्रीडातीव्रकामाभिनिवेशाः ॥ २३ ॥**

બીજાના વિવાહ કરાવવા વ્યભિચારી પરસ્ત્રીનું સેવન કન્યા તથા વેશ્યાગમન–કામવિષયક ક્રીડા અને ઉત્કટ કામવાસના આ બ્રહ્મચર્ય વ્રતના અતિચાર છે.

**क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यप्रमाणातिक्रमाः ॥ २४ ॥**

ક્ષેત્ર અને વાસ્તુના પ્રમાણનું અતિક્રમણ–ચાંદી અને સોનાના પ્રમાણનું અતિક્રમણ ધનધાન્યના પ્રમાણનું અતિક્રમણ દાસદાસીના પ્રમાણનું અતિક્રમણ અને સોનાચાંદીથી ભિન્ન

દ્રવ્યના પ્રમાણનું અતિક્રમણ આ અપરિગ્રહ વ્રતના અતિચાર છે.

ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तर्धानानि ॥ २५ ॥

ઊર્ધ્વ પરિમાણનું અતિક્રમણ+અધઃ પરિમાણનું અતિક્રમણ+તિર્યક્ પરિમાણનું અતિક્રમણ+ક્ષેત્રપરિમાણની વૃદ્ધિ અને દિગ્વ્રત પરિમાણની વિસ્મૃતિ આ દિગ્વ્રતના અતિચાર છે.

आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्गलक्षेपाः ॥ २६ ॥

મર્યાદાનું અતિક્રમણ કરી દ્રવ્યનું લાવવું, નોકર વિગેરેનું પ્રેષણ, શબ્દ દ્વારા મર્યાદાનું ઉલ્લંઘન, સ્વરૂપદ્વારા મર્યાદાનું ઉલ્લંઘન અને પુદ્ગલદ્વારા મર્યાદાનું ઉલ્લંઘન આ દેશવ્રત (દેશાવકાસિક)ના અતિચાર છે.

कन्दर्पकौत्कुच्यमौखर्यासमीक्ष्याधिकरणोपभोगाधिकत्वानि ॥ २७ ॥

રાગથી અસભ્ય અને હાસ્યાત્મક વચન; કુચેષ્ટાથી રાગપૂર્વક અસભ્ય અને હાસ્યાત્મક વચન, વિના પ્રસંગે નિરર્થક અધિક બોલવું, વિવેક વિના અધિક ક્રિયા અને આવશ્યક્તાથી અધિક ઉપભોગ આ અનર્થદંડવિરતિ વ્રતના અતિચાર છે.

योगदुष्प्रणिधानाऽनादरस्मृत्यनुपस्थापनानि ॥ २८ ॥

કાય, વાક્ અને મનના યોગોને વિષે અસાવધાનતા અને દુરુપયોગ, અપ્રીતિ અને વિસ્મૃતિ આ સામાયિક વ્રતના અતિચાર છે.

अप्रत्यवेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपसंस्तारोपक्रमणानादरस्मृत्यनुपस्थापनानि ॥ २९ ॥

અવલોકન અને પ્રમાર્જન વિના-'શરીર વિગેરેના મલ આદિનો ત્યાગ, વસ્તુનું ગ્રહણ અને ત્યાગ, સંથારા વિગેરેનો પ્રયોગ, અપ્રીતિ અને વિસ્મૃતિ આ પૌષધોપવાસ વ્રતના અતિચાર છે.

सचित्तसम्बद्धसंमिश्राभिषवदुष्पक्वाहाराः ॥ ३० ॥

સચિત્તનો આહાર, સચિત્તથી સંબદ્ધનો આહાર, સચિત્તથી મિશ્રિત વસ્તુનો આહાર, રસવર્ધક વસ્તુનો આહાર અને દુષ્પકવનો આહાર આ ભોગોપભોગ વ્રતના અતિચાર છે.

सचित्तनिक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ॥ ३१ ॥

સચિત્તના ઉપર અન્ન વિગેરે મૂકવું, સચિત્તથી અન્ન વિગેરે ઢાંકવું, આ બીજાની વસ્તુ છે એમ છલ કરવો, માત્સર્ય અને કાલાતિક્રમ આ અતિથિસંવિભાગ વ્રતના અતિચાર છે.

जीवितमरणाशंसामित्रानुरागसुखानुबन्धनिदानकरणानि ॥ ३२ ॥

જીવવાની ઇચ્છા, મરવાની ઇચ્છા, મિત્રાનુરાગ, સુખનું સ્મરણ અને અનુભવ તથા

નિયાણું કરવું. આ મરણાન્તિક સંલેખનાના અતિચાર છે.

**अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ॥ ३३ ॥**

સ્વ–પરના કલ્યાણ માટે સ્વકીય વસ્તુનો ત્યાગ દાન છે.

**विधिद्रव्यदातृपात्रविशेषात् तद्विशेषः ॥ ३४ ॥**

વિધાન (દેશ–કાલ–સંપત્તિ અને સત્કારના ક્રમમાં)ના વિશેષ (ભેદ)થી, દ્રવ્યના વિશેષથી, દાતાના વિશેષથી તથા પાત્રના વિશેષથી દાનની વિશિષ્ટતા થાય છે.

॥ इति सप्तमोऽध्यायः ॥

# अध्याय-८

मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ॥१॥

મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ કર્મબન્ધના હેતુ છે.

सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते ॥२॥

સકષાયપણું હોવાથી જીવ કર્મ યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે.

स बन्धः ॥ ३ ॥

તે પુદ્ગલ ગ્રહણથી કરાયેલું કાર્મણ શરીર તે બન્ધ છે.

प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः ॥ ४ ॥

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ આ બન્ધના ચાર પ્રકાર છે.

आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनाम-
गोत्रान्तरायाः ॥ ५ ॥

પ્રકૃતિબન્ધ-જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદ-નીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અન્તરાય એમ આઠ પ્રકારે છે.

**पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् ॥ ६ ॥**

તે આઠ કર્મ અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્યાવીશ, ચાર, બેંતાલીસ, બે અને પાંચ ભેદે છે.

**मत्यादीनाम् ॥ ७ ॥**

મતિ વિગેરેના એક એકના આવરણરૂપ જ્ઞાનાવરણીય પાંચ ભેદે છે.

**चक्षुरचक्षुरवधिकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानगृद्धिवेदनीयानि च ॥ ८ ॥**

ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ એમ ચાર દર્શનાવરણીય અને નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, તથા થીણદ્ધિનું વેદન

એમ પાંચ, મળીને દર્શનાવરણીયના નવ પ્રકાર છે.

सदसद्वेद्ये ॥ ९ ॥

વેદનીયના સદ્વેદ્ય અને અસદ્વેદ્ય આ બે ભેદો છે.

दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्यास्त्रि-द्विषोडशनवभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयानि कषायनोकषायावनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्याना-वरणसञ्ज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभ-हास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्रीपुंनपुंसकवेदाः ॥१०॥

મિથ્યાત્વવેદનીય, સમ્યક્ત્વવેદનીય, મિશ્ર-વેદનીય, આ ત્રણ પ્રકારે દર્શનમોહનીય છે, તથા કષાયવેદનીય અને નોકષાયવેદનીય એમ ચારિત્રમોહનીયના બે ભેદ છે. કષાયવેદનીયના –અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ, એમ અપ્રત્યાખ્યાનીયનાં ચાર અને પ્રત્યાખ્યાનીયનાં ચાર અને સંજ્વલનના ચાર

એ પ્રમાણે-સોલ ભેદ છે. નોકષાયવેદનીયના-હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ આ નવ ભેદ છે, એ પ્રમાણે સર્વ મળીને મોહનીયના અઠ્ઠાવીશ ભેદ છે.

नारकतैर्यग्योनमानुषदैवानि ॥ ११ ॥

આયુષ્ય-નરકાયુષ, તિર્યંચાયુષ, મનુષ્યાયુષ અને દેવાયુષ એમ ચાર ભેદે છે.

गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घातसंस्थानसंहननस्पर्शरसगन्धवर्णानुपूर्व्यगुरुलघूपघातपराघातातपोद्योतोच्छ्वासविहायोगतयः प्रत्येकशरीरत्रससुभगसुस्वरशुभसूक्ष्मपर्याप्तस्थिरादेययशांसि सेतराणि तीर्थकृत्त्वं च ॥ १२ ॥

નામકર્મના-ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, બન્ધન, સંઘાતન, સંસ્થાન, સંહનન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત,

ઉચ્છ્વાસ, વિહાયોગતિ, પ્રત્યેકશરીર, સાધારણ-શરીર, ત્રસ, સ્થાવર, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, શુભ, અશુભ, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, સ્થિર, અસ્થિર, આદેય, અનાદેય, યશ, અયશ અને તીર્થંકર આ બેતાલીશ ભેદ છે.

उच्चैर्नीचैश्च ॥ १३ ॥

ગોત્રના ઉચ્ચ અને નીચ આ બે ભેદ છે.

दानादीनाम् ॥ १४ ॥

અન્તરાયના–દાન વિગેરે પાંચના અન્તરાયરૂપ પાંચ ભેદ છે.

आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटाकोटयः परा स्थितिः ॥ १५ ॥

આદિના ત્રણ અને અન્તરાયની ત્રીશ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

सप्ततिर्मोहनीयस्य ॥ १६ ॥

મોહનીયની સિત્તેર કોડાકોડી સા. ઉ. સ્થિતિ છે.

नामगोत्रयोर्विंशतिः ॥ १७ ॥

નામ અને ગોત્રની વીશ કોડાકોડી સા. ઉ. સ્થિતિ છે.

त्रयस्त्रिंशत् सागरोपमाण्यायुष्कस्य ॥ १८ ॥

આયુષ્યની તેત્રીશ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य ॥ १९ ॥

વેદનીયની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત્ત છે.

नामगोत्रयोरष्टौ ॥ २० ॥

નામ તથા ગોત્રની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્ત છે.

शेषाणामन्तर्मुहूर्तम् ॥ २१ ॥

બાકીનાં કર્મોની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે.

विपाकोऽनुभावः ॥ २२ ॥

કર્મનો વિપાક તે અનુભાવ કહેવાય છે.

स यथानाम ( यथोक्तानाम् ) ॥ २३ ॥

તે અનુભાવ કર્મના નામાનુસારે થાય છે.

ततश्च निर्जरा ॥ २४ ॥

તે કર્મના અનુભાવ(વિપાક)થી અને તપથી કર્મની નિર્જરા થાય છે.

नामप्रत्ययाः सर्वतो योगविशेषात्सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ॥ २५ ॥

કર્મ એવું નામ હેતુ છે જેના એવા અથવા નામ=જ્ઞાનાવરણ આદિના હેતુ એવા, યોગવિશેષને આધીન સૂક્ષ્મ અને સમાનક્ષેત્રમાં અવગાહ કરીને રહેલા અને સ્થિત (ગતિમાન નહિ એવા) તથા અનન્તાનન્ત પ્રદેશવાળા પુદ્‌ગલો (સ્કન્ધો) સર્વ આત્મપ્રદેશોમાં સર્વ બાજુથી બન્ધાય છે. (નામ છે પ્રત્યય અર્થાત્ હેતુ જેનો તે નામપ્રત્યય, એટલે કે આ પુદ્‌ગલોનું

"કર્મ" એવું નામ છે માટે બન્ધાય છે અર્થાત જેનું "કર્મ" નામ નથી તે બન્ધાતા નથી) નિષ્કર્ષ-આ પુદ્ગલોને બન્ધાવામાં આનું કર્મ એવું નામ જ હેતુ છે. અથવા કર્મ જ કર્મ-બન્ધનો હેતુ છે. જે જીવને કર્મ નથી, તેને કર્મબન્ધ પણ થતો નથી, માટે આ નામપ્રત્યય કહેવાય છે તથા નામ=જ્ઞાનાવરણાદિ અર્થાત જ્ઞાનાદિનું આવરણાદિ કરવું. તેનો હેતુ એવા-એવો અર્થ પણ થાય છે.

**सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यम् ॥ २६ ॥**

સદ્વેદ્ય, સમ્યક્ત્વવેદનીય, હાસ્થ, રતિ, પુરુષવેદનીય, શુભાયુષ, શુભનામ, અને ઉચ્ચ-ગોત્ર આ સર્વ પુણ્યપ્રકૃતિઓ છે (બાકી પાપપ્રકૃતિ છે).

॥ इति अष्टमोऽध्यायः ॥

**आस्रवनिरोधः संवरः ॥ १ ॥**

કાયયોગ વિગેરે બેતાલીશ પ્રકારના આશ્રવનો નિરોધ તે સંવર છે.

**स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ॥ २ ॥**

તે સંવર–ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્ર વડે થાય છે.

**तपसा निर्जरा च ॥ ३ ॥**

અને તપથી સંવર તથા નિર્જરા થાય છે.

**सम्यग्योगनिग्रहो गुप्ति ॥ ४ ॥**

સમ્યગ્દર્શનપૂર્વક જે યોગોનો નિગ્રહ તે ગુપ્તિ છે.

**ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः ॥ ५ ॥**

સમ્યક્=ઈર્યા, ભાષા, એષણા, આદાન અને નિક્ષેપ અને ઉત્સર્ગ=આ પાંચ સમિતિ છે.

**उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिञ्चन्यब्रह्मचर्याणि धर्मः ॥ ६ ॥**

ઉત્તમ એવા=ક્ષમા–માર્દવ–આર્જવ–શૌચ–સત્ય–સંયમ–તપ–ત્યાગ–આકિંચન્ય અને બ્રહ્મચર્ય=આ દશ પ્રકારનો યતિધર્મ છે.

अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभधर्मस्वाख्याततत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ॥ ७ ॥

અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભતા અને ધર્મસ્વાખ્યાતત્વનું જે અનુચિંતન તે બાર પ્રકારે અનુપ્રેક્ષા છે.

मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ॥ ८ ॥

માર્ગથી અચ્યવન અને નિર્જરાને માટે જે સહન કરવા યોગ્ય તે પરિષહ છે.

क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याऽऽक्रोशवधयाचनालाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाऽज्ञानादर्शनानि ॥ ९ ॥

ક્ષુધા, પિપાસા, શીત, દંશ, મશક, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચન, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કારપુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન આ બાવીસ પરિષહો છે.

सूक्ष्मसम्परायच्छद्मस्थवीतरागयोश्चतुर्दश ॥ १० ॥

સૂક્ષ્મસંપરાય, છદ્મસ્થવીતરાગને (દશમા અગ્યારમા અને બારમા ગુણઠાણામાં વર્તતા સંયતને) વિષે ચૌદ પરિષહો થાય છે.

एकादश जिने ॥ ११ ॥

જિનને (તેરમા અને ચૌદમા ગુણઠાણામાં વર્તતા સંયતને) વિષે અગ્યાર પરિષહ થાય છે.

बादरसम्पराये सर्वे ॥ १२ ॥

બાદર સંપરાયને (શેષ નવ ગુણઠાણામાં વર્તતા સંયતને) વિષે સર્વ પરિષહો હોય છે.

**ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ॥ १३ ॥**

પ્રજ્ઞા અને અજ્ઞાન પરિષહ જ્ઞાનાવરણ નિમિત્તક છે.

**दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ॥ १४ ॥**

અદર્શન અને અલાભપરિષહ અનુક્રમે દર્શનમોહનીય અને અન્તરાય નિમિત્તે થાય છે.

**चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याऽऽक्रोशयाचना-सत्कारपुरस्काराः ॥ १५ ॥**

નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કારપુરસ્કાર આટલા પરિષહ ચારિત્રમોહનીય નિમિત્તે થાય છે.

**वेदनीये शेषाः ॥ १६ ॥**

શેષ પરિષહો વેદનીય નિમિત્તે થાય છે.

**एकादयो भाज्या युगपदेकोनविंशतेः ॥ १७ ॥**

એક જીવમાં એક સાથે એકથી ઓગણીશ સુધી પરિષહો વિકલ્પે થાય છે.

सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्पराययथाख्यातानि चारित्रम् ॥ १८ ॥

સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્ર આ પાંચ ચારિત્રના ભેદ છે.

अनशनावमौदर्यवृत्तिपरिसङ्ख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशा बाह्यं तपः ॥ १९ ॥

અનશન, ઊનોદરતા, વૃત્તિપરિસંખ્યાન (વૃત્તિસંક્ષેપ)–રસપરિત્યાગ, વિવિક્તશય્યાસનતા અને કાયક્લેશ આ છ પ્રકારે બાહ્યતપ છે.

प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् ॥ २० ॥

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન આ છ પ્રકારે અભ્યન્તર તપ છે.

नवचतुर्दशपञ्चद्विभेदं यथाक्रमं प्राग् ध्यानात् ॥२१॥

ધ્યાનથી પૂર્વના પ્રાયાશ્ચત વિગેરે અનુક્રમે નવ, ચાર, દશ, પાંચ અને બે પ્રકારે છે.

आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेदपरिहारोपस्थापनानि ॥ २२ ॥

આલોચન, પ્રતિક્રમણ, આલોચનપ્રતિક્રમણ, વિવેક, કાઉસગ્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપન આ નવ પ્રાયશ્ચિત્તના ભેદ છે.

ज्ञानदर्शनचारित्रोपचाराः ॥ २३ ॥

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને ઉપચાર આ ચાર વિનયના ભેદ છે.

आचार्योपाध्यायतपस्विशैक्षकग्लानगणकुलसङ्घसाधुसमनोज्ञानाम् ॥ २४ ॥

આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ અને સમનોજ્ઞ આ દશભેદ વૈયાવૃત્ત્યના છે.

वाचनापृच्छनाऽनुप्रेक्षाऽऽम्नायधर्मोपदेशाः ॥ २५ ॥

વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ આ પાંચ સ્વાધ્યાયના ભેદ છે.

बाह्याऽभ्यन्तरोपध्योः ॥ २६ ॥

બાહ્ય પાત્રાદિ ઉપધિના અને આભ્યન્તર શરીર તથા કષાયાદિ ઉપધિના ત્યાગરૂપે વ્યુત્સર્ગ બે પ્રકારે છે.

उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ॥ २७ ॥

ઉત્તમ સંહનનવાલાનો જે એકાગ્રરૂપે ચિત્તવૃત્તિનો નિરોધ તે ધ્યાન કહેવાય છે.

आ मुहूर्तात् ॥ २८ ॥

તે ધ્યાન અન્તમુહૂર્ત્ત હોય છે.

आर्तरौद्रधर्मशुक्लानि ॥ २९ ॥

તે ધ્યાન આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ એમ ચાર ભેદે છે.

परे मोक्षहेतू ॥ ३० ॥

ધર્મધ્યાન અને શુકલધ્યાન મોક્ષહેતુ છે.

आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥ ३१ ॥

અનિષ્ટની પ્રાપ્તિ થયે છતે તેના વિયોગને માટે જે વારંવાર સ્મરણ તે (પ્રથમ) આર્ત્ત-ધ્યાન છે.

वेदनायाश्च ॥ ३२ ॥

અનિષ્ટ વેદનાની પ્રાપ્તિ થયે છતે તેના વિયોગ માટે જે વારંવાર સ્મરણ તે (બીજું) આર્ત્તધ્યાન છે.

विपरीतं मनोज्ञानाम् ॥ ३३ ॥

પ્રિય વસ્તુનો વિયોગ થયે છતે તેની પ્રાપ્તિ માટે જે વારંવાર સ્મરણ તે (ત્રીજું) આર્ત-ધ્યાન છે.

निदानं च ॥ ३४ ॥

નિયાણું કરવું તે (ચોથું) આર્તધ્યાન છે.

तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् ॥ ३५ ॥

તે આર્તધ્યાન અવિરત, દેશવિરત અને પ્રમત્તસંયતને હોય છે.

**हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरत-देशविरतयोः ॥ ३६ ॥**

હિંસા–અનૃત–સ્તેય–અને વિષયસંરક્ષણને માટે જે વારંવાર સ્મરણ તે (ચાર પ્રકારે) રૌદ્રધ્યાન અવિરત અને દેશવિરતને હોય છે.

**आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्म(र्म्य)मप्रमत्तसंयतस्य ॥ ३७ ॥**

આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચયને માટે વારંવાર સ્મરણરુપ (ચાર ભેદે) ધર્મધ્યાન અપ્રમત્ત સંયતને હોય છે.

**उपशान्तक्षीणकषाययोश्च ॥ ३८ ॥**

અને ઉપશાન્ત કષાય (અગ્યારમા ગુ.) અને ક્ષીણકષાય (બારમા ગુ.) ને પણ ધર્મધ્યાન હોય છે.

शुक्ले चाद्ये (पूर्वविदः) ॥ ३९ ॥

આદિના બે શુક્લધ્યાનના ભેદ ઉપશાન્ત-કષાય અને ક્ષીણકષાયને પણ હોય છે (પૂર્વવિદને પણ હોય છે).

परे केवलिनः ॥ ४० ॥

પછીના બે શુકલધ્યાનના ભેદ કેવલીને જ હોય છે.

पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाऽप्रतिपातिव्युपरत-
क्रियाऽनिवृत्तीनि ॥ ४१ ॥

પૃથક્ત્વવિતર્ક—એકત્વવિતર્ક—સૂક્ષ્મક્રિયા-પ્રતિપાતિ અને સમુચ્છિન્નક્રિયાઽનિવર્તી—એમ ચાર પ્રકારે શુકલધ્યાન છે.

तत् त्र्येककाययोगायोगानाम् ॥ ४२ ॥

તે શુકલધ્યાન અનુક્રમે ત્રણ યોગવાળાને પહેલું, કોઈ પણ એકયોગવાળાને બીજું, કાયયોગવાળાને ત્રીજું, અને યોગરહિતને ચોથું થાય છે.

एकाश्रये सवितर्के पूर्वे ॥ ४३ ॥

પહેલા બે શુકલધ્યાનના ભેદ એકાશ્રય ( એક દ્રવ્યઆશ્રય=વિષય છે જેનો એવો ) છે, અને તેમાં પહેલો સવિતર્ક=સવિચાર છે.

अविचारं द्वितीयम् ॥ ४४ ॥

અને બીજું શુકલધ્યાન અવિચાર=અવિતર્ક છે.

वितर्कः श्रुतम् ॥ ४५ ॥

શ્રુતજ્ઞાન વિતર્ક કહેવાય છે.

विचारोऽर्थव्यञ्जनयोगसंक्रान्तिः ॥ ४६ ॥

અર્થ–વ્યંજન અને યોગનું સંક્રમણ તે વિચાર કહેવાય છે ( અર્થ એટલે દ્રવ્ય અને પર્યાય, વ્યંજન એટલે શ્રુતવચન અને યોગ–કાય, વાણી અને મનની ક્રિયા, તેનું સંક્રમણ–એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં, એક પર્યાયથી બીજા પર્યાયમાં, એક શ્રુતવચનથી બીજા શ્રુતવચનમાં એક યોગથી બીજા યોગમાં પ્રવૃત્તિ–તે વિચાર )

सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशान्तमोहक्षपकक्षीणमोहजिनाः क्रमशोऽसंख्येयगुणनिर्जराः ॥ ४७ ॥

સમ્યગદ્રષ્ટિ, શ્રાવક, સર્વવિરતિ, અનન્તાનુબંધિવિયોજક, દર્શનમોહક્ષપક, મોહોપશમક, ઉપશાન્તમોહ, મોહક્ષપક, ક્ષીણમોહ, અને જિન આ દશ અનુક્રમે પૂર્વપૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તર અસંખ્યાતગુણ (કર્મ) નિર્જરાવાળા હોય છે.

पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ॥४८॥

પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક આ પાંચ નિર્ગ્રન્થના ભેદ છે.

संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपातस्थानविकल्पतः साध्याः ॥ ४९ ॥

આ પાંચેનિર્ગ્રન્થો સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાત અને સ્થાનરૂપ દ્વારો વડે સાધ્ય હોય છે. તેઓમાં પરસ્પરનો ભેદ જણાય છે.

॥ इति नवमोऽध्यायः ॥

मोहक्षयाद् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम्
॥ १ ॥

મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અન્તરાયના ક્ષયથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે.

बन्धहेत्वभावनिर्जराभ्याम् ॥ २ ॥

બન્ધ હેતુઓ (મિથ્યાત્વ, અવિરતિ વિગેરે) ના અભાવ અને નિર્જરાથી (સકલ કર્મક્ષય થાય છે.)

कृत्स्नकर्मक्षयो मोक्षः ॥ ३ ॥

સકલ કર્મનો ક્ષય તે મોક્ષ છે.

औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्व-ज्ञानदर्शनसिद्धत्वेभ्यः ॥४॥

ક્ષાયિક સમ્યકત્વ, કેવલજ્ઞાન. કેવલદર્શન, અને સિદ્ધત્વ સિવાય ઔપશમિક વિગેરે ભાવોના અને ભવ્યત્વના અભાવથી પણ (મોક્ષ) થાય છે.

तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ॥ ५ ॥

કૃત્સ્ન (સંપૂર્ણ) કર્મક્ષય વિગેરે થયા પછી લોકાન્તે (જીવ) ગમન કરે છે.

पूर्वप्रयोगादसङ्गत्वाद् बन्धच्छेदात् तथागतिपरिणामाच्च तद्गतिः ॥ ६ ॥

પૂર્વપ્રયોગથી, અસંગપણું હોવાથી, બન્ધનોચ્છેદ હોવાથી અને તેવા પ્રકારના ગતિપરિણામથી (જીવની) તે ગતિ થાય છે.

क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाहनान्तरसंख्याऽल्पबहुत्वतः साध्याः ॥ ७ ॥

ક્ષેત્ર, કાલ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેકબુદ્ધબોધિત, જ્ઞાન, અવગાહના, અન્તર, સંખ્યા અને અલ્પબહુત્વ આ બાર અનુયોગદ્વારો વડે (મુક્ત જીવ) ગમ્ય છે.

॥ इति दशमोऽध्यायः ॥

इति पंन्यासश्रीशुभंकरविजयगणिकृतभद्रङ्करोदयाख्य-भाषार्थसहितं वाचकश्रीउमास्वाति विरचितं तत्त्वार्थाधिगमसूत्रं समाप्तम्

# अन्तिमोपदेशकारिकाः ।

અવતરણઃ—આ કારિકાઓમાં જીવના કર્મોનો નાશ, સિદ્ધિગમનનુ ઉપપાદન કરવામાં આવ્યું છે. તથા સિદ્ધિમાં રહેલા આત્માઓના સુખનું વર્ણન કરવામાં આવ્યું છે, 'પણ બૌદ્ધો જીવનું પરિનિર્વાણ કહે છે, અને જીવની ઉર્ધ્વગતિ આદિ માનતા નથી, તે વાત ધ્યાનમાં રાખવાની છે. કેમકે તેઓના પૂર્વપક્ષોનું આ કારિકાઓથી સમાધાન થાય છે.'

एवं तत्त्वपरिज्ञानाद् विरक्तस्यात्मनो भृशम् ॥
निराश्रवत्वाच्छिन्नायां नवायां कर्मसन्ततौ ॥ १ ॥
पूर्वार्जितं क्षपयतो यथोक्तैः क्षयहेतुभिः ॥
संसारबीजं कात्स्न्र्येन मोहनीयं प्रहीयते ॥ २ ॥

આ પ્રમાણે સમ્યગ્દર્શનપૂર્વક, પ્રમાણ અને નયથી જીવાદિ તત્ત્વોને જાણવાથી, સંસારથી અત્યન્ત વૈરાગ્ય પામેલા આત્માના, કાય વાણી અને મનોયોગ રૂપ આશ્રવોના અટકવાથી નવા કર્મ બન્ધની પરંપરા

અટકે છતે યથા શાસ્ત્રોક્ત કર્મક્ષય હેતુઓ તપ, સંયમાદિની આરાધનાથી પૂર્વોપાર્જિત કર્મોને ખપાવતા સંસારહેતુ મોહનીય સર્વથા નાશ પામે છે.

(એટલે કે આ પ્રમાણે "શ્રી તત્ત્વાર્થાધિગમ" શાસ્ત્રથી સમ્યગદર્શનપૂર્વક, પ્રમાણ અને નયોથી જીવાદિ તત્ત્વોને સારી રીતે જાણવા. એ તત્ત્વોના જ્ઞાનથી આત્મા અત્યન્ત વૈરાગ્ય પામે છે. વૈરાગ્ય પામેલા આત્માના કાય, વાણી અને મનના યોગો રૂપ આશ્રવો અટકે છે. આશ્રવોના અટકવાથી નવી કર્મ-બન્ધની પરંપરા અટકે છે. તે અટકે છતે શાસ્ત્રોક્ત ક્ષયહેતુ જ્ઞાન, તપ, સંયમની આરાધનાથી પૂર્વોપાર્જિત કર્મોને ખપાવતાં સંસારપરિભ્રમણનું કારણ મોહનીય સર્વથા નાશ પામે છે.

ततोऽन्तरायज्ञानघ्न-दर्शनघ्नान्यनंतरम् ॥
प्रहीयन्तेऽस्य युगपत् त्रीणि कर्माण्यशेषतः ॥ ३ ॥

ત્યારબાદ તુર્તજ તે આત્માના વીર્યાદિ હણનાર અન્તરાયભૂત અન્તરાયકર્મો, દર્શનને હણનાર દર્શના-

વરણો અને જ્ઞાનને હણનાર જ્ઞાનાવરણો ૩૫ આ ત્રણે કર્મો એકી સાથે સમૂલા નાશ પામે છે.

गर्भसूच्यां विनष्टायां यथा तालो विनश्यति ॥
तथा कर्मक्षयं याति मोहनीये क्षयं गते ॥ ४ ॥

( કેમકે ) ગર્ભસૂચી ( તાલવૃક્ષના પત્રોમાંનુ વચલું પત્ર )ના નાશથી જેમ તાલવૃક્ષ નાશ પામે છે. તેમ મોહનીયના નાશે કર્મો પણ નાશ પામે છે.

( તાલવૃક્ષને પોષણાર ગર્ભસૂચીની પરંપરા પોતે સૂકાય કે તેને કોઈ ખેંચી નાખે કે તાલવૃક્ષનો નાશ થાય છે. તેમ મોહનીય કર્મજ કર્મબન્ધમાં હેતુ હોવાથી તેના નાશે અન્ય કર્મો પણ તાલવૃક્ષની જેમ નાશ પામે છે. )

ततःक्षीणचतुःकर्मा प्राप्तोऽथाख्यातसंयमम् ।
बीजबन्धननिर्मुक्तः स्नातकः परमेश्वरः ॥ ५ ॥
शेषकर्मफलापेक्षः शुद्धो बुद्धो निरामयः ॥
सर्वज्ञः सर्वदर्शी च जिनो भवति केवली ॥ ६ ॥

તેથી મોહનીયાદિ ચાર કર્મોને ખપાવેલો આત્મા યથાખ્યાત નામના સંયમને પામી બીજ ને બંધનથી રહિત, સ્નાતક, પરમેશ્વર, બાકીના ચાર કર્મોનો ભોગવનાર, શુદ્ધ, બુદ્ધ, નિરામય, સર્વજ્ઞ ને સર્વદર્શી એવો કેવળી જિન થાય છે.

(એટલે કે : આત્મિક ગુણોના ઘાત કરનારાં ચાર ઘાતી કર્મોના નાશથી આત્માના સ્વાભાવિક ગુણો પ્રગટ થાય છે. તેથી યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થાય છે. ત્યારે કષાયરહિત યોગોથી ભોગ્ય કર્મો બંધાતા નથી. એટલે જીવનું સ્વરૂપ "કર્મબન્ધ અને તેના હેતુઓ વગરનું સ્વાભાવિક હોય છે. તેવા જીવને ત્યારે સ્નાતકઃ–સંસાર પાર પામેલો, પરમેશ્વરઃ–સર્વોત્કૃષ્ટ સિદ્ધિઓનો સ્વામી, બાકીના ચાર–વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આ કર્મોના ફળોનો ભોગવનાર, શુદ્ધઃ–કર્મમલરહિત, બુદ્ધઃ–બોધયુક્ત, નિરામયઃ–રોગાદિકષ્ટોથી રહિત, સર્વજ્ઞઃ–સર્વ જાણનાર, સર્વદર્શીઃ–સર્વ દેખનાર, (એવો) કેવળી :–સર્વ લોકાલોક પદાર્થ પ્રકાશક જ્ઞાનવાળો, જિનઃ–આન્તર રાગદ્વેષાદિ શત્રુઓનો જિતનારો તે થાય છે.)

कृत्स्नकर्मक्षयादूर्ध्वं निर्वाणमधिगच्छति ॥
यथा दग्धेन्धनो वह्नि निरुपादानसन्ततिः ॥ ७ ॥

दग्धे बीजे यथाऽत्यन्तं प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे नारोहति भवाङ्कुरः ॥ ८ ॥

સઘળાં (આઠેય) કર્મોના નાશ થયા બાદ તે જીવ, નિર્વાણ પામે છે. જેમ સાધન નહી રહેવાથી કાષ્ટ બાળી અગ્નિ શાંત થાય છે. (અને વલી) જેમ બીજ બળે છતે ક્યારેય નવો અંકુર ઉગતો નથી, તેમ કર્મરૂપી બીજ બળે છતે ભવરૂપી નવો અંકુર ફુટતો નથી.

तदनन्तरमेवोर्ध्वं – मालोकान्तात् स गच्छति ॥
पूर्वप्रयोगासङ्गत्व – बन्धच्छेदोर्ध्वगौरवैः ॥ ९ ॥

ત્યારબાદ તે જીવ, લોકના અન્ત સુધી ઉપર, પૂર્વપ્રયોગથી સંગરહિત થવાથી, બંધ તુટવાથી, અને ઉર્ધ્વગૌરવ હોવાથી પહોંચે છે.

कुलालचक्रदोलाया–मिषौ वाऽपि तथेष्यते ॥
पूर्वप्रयोगात् कर्मेह तथा सिद्धिगतिः स्मृता ॥ १९ ॥

मृल्लेपसङ्गनिर्मोक्षाद् यथा दृष्टाऽस्वलाबुनः ॥
कर्मसङ्गविनिर्मोक्षात् तथा सिद्धिगतिः स्मृता ॥ ११ ॥

एरण्डयन्त्रपेडासु बन्धच्छेदाद् यथा गतिः ॥
कर्मबन्धनविच्छेदात् सिद्धस्याऽपि तथेष्यते ॥ १२ ॥

કુંભારના ચાકમાં, હિંચકામાં, બાણુમાં અને બીજે પણ પૂર્વપ્રયોગથી ક્રિયા હોય છે. તેમ અહિંયા સિદ્ધિ ગતિ છે. તથા તુંબડું જેમ પાણીમાં માટીના લેપથી ડુબ્યું હોય છે પણ માટીનો સંગ દૂર થતાં જ પાણી ઉપર આવે છે. તેમ અહિંયા કર્મસંગ દૂર થતાં સિદ્ધિ-ગતિ હોય છે. ( અને વલી ઉપલા પડનું બંધન સૂકાવાથી ફાટતાં જ ) એરંડ બીજમાં, યન્ત્રમાં, અને ઉંદર વગેરે પકડવાના પાંજરામાં ) પેડા–પેટીમાં આમ આ ત્રણેયમાં બંધન છુટતાં જ ગતિ હોય છે. તેમ કર્મબન્ધ છુટતાં સિદ્ધમાં પણ ગતિ હોય છે.

उर्ध्वगौरवधर्माणो जीवा इति जिनोत्तमैः ॥
अधोगौरवधर्माणः पुद्गला इति चोदितम् ॥ १३ ॥

જીવોમાં ઉર્ધ્વગમન થાય તેવી અને પુદ્‌ગલોમાં અધોગમન થાય તેવી "ગુરૂતા" છે એમ જિનોત્તમોએ કહ્યું છે (એટલે–જીવો ઉર્ધ્વ ગૌરવવાલા અને પુદ્‌ગલો અધો ગૌરવવાળા છે.)

यथाऽधस्तिर्यगूर्ध्वं च लोष्टवाय्वग्निवीतयः ॥
स्वभावतः प्रवर्तन्ते तथोर्ध्वं गतिरात्मनः ॥ १४ ॥

(અને) જેમ માટીનું ઢેફું સ્વાભાવિક રીતે જ (ઉપર ફેંકયા છતાંય) નીચે પડે છે. વાયુ સ્વાભાવિક જ તિરછું ગમન કરે છે અને અગ્નિજવાલા સ્વભાવતઃજ ઉપર ગતિ કરે છે તેમ આત્માની પણ સ્વાભાવિક જ ઉર્ધ્વમુખી ગતિ હોય છે.

अतस्तुगतिवैकृत्य–मेषां यदुपलभ्यते ॥
कर्मणः प्रतिघाताच्च प्रयोगाच्च तदिष्यते ॥ १५ ॥

જીવોની સ્વભાવથી જ ઉર્ધ્વગતિ હોય છે. અને જીવોની ગતિમાં ફેરફાર જે દેખાય છે. તે કર્મના કારણે, પ્રતિઘાતના કારણે અને પ્રયોગ (ઇચ્છા પ્રેરણા આદીના કારણે હોય છે.

अधस्तिर्यगथोर्ध्वंच्च जीवानां कर्मजा गतिः ॥
उर्ध्वमेव तु तद् धर्माद् भवति क्षीणकर्मणाम् ॥१६॥

નીચે નરકાદિમાં, તિરછી તિર્યંચાદિમાં અને ઉર્ધ્વ દેવલોકાદિમાં જે જીવોની ગતિ છે, તે કર્મનિમિત્ત છે. પણ ક્ષીણકર્મા જીવોની તો ઉર્ધ્વગૌરવ ધર્મને લીધે લોકાન્ત પર્યન્ત ઉર્ધ્વગતિ હોય છે.

द्रव्यस्य कर्मणो यद्वदु-त्पत्त्यारम्भवीतयः ॥
समं तथैव सिद्धस्य गतिमोक्षभवक्षयाः ॥ १७ ॥

દ્રવ્યની ક્રિયાનો કે દ્રવ્ય અને ક્રિયાની ઉત્પત્તિ, આરંભ (અર્થક્રિયાકારિત્વ) અને નાશ જેમ સાથે હોય છે. તેમ સિદ્ધ થતાં જીવની (પણ) ગતિ સિદ્ધશિલા ગમન, મોક્ષ સ્વરૂપાવ સ્થાન અને ભવક્ષય-કર્મનાશ સાથે જ હોય છે. (બૌદ્ધો બધુંય ક્ષણિક માનતા હોવાથી એક જ ક્ષણમાં ઉત્પત્તિ, અર્થ ક્રિયાકારિત્વ અને નાશ માને, માટે આ ઉત્તર અપાયો છે.) બીજાઓ નીચે પ્રમાણે અર્થ કરે છે: જેમકે :—

(સિદ્ધ થતાં જીવના) દ્રવ્યાત્મક કર્મ એટલે કે કર્મપુદ્ગલની અકર્મ રૂપે ઉત્પત્તિ, આરંભ–આત્મ પ્રદેશોથી જુદા થવાની ક્રિયા અને વિભાગ જે સાથે જ હોય છે. (તેજ સમયે) તેની સાથેજ તેજ રીતે સિદ્ધ થતાં જીવનો ભવક્ષય, મોક્ષ અને ગતિ સાથે સાથ થાય છે.

उत्पत्तिश्वविनाशश्च प्रकाशतमसोरिह ॥
युगपद् भवतो यद्वत् तथा निर्वाणकर्मणोः ॥ १८ ॥

અહિંયા જેમ પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો નાશ સાથેજ હોય છે તેમ (જીવના) નિર્વાણની ઉત્પત્તિ અને કર્મનો નાશ પણ સાથે જ હોય છે.

तन्वी मनोज्ञा सुरभिः पुण्या परमभास्वरा ॥
प्राग्भारानामवसुधा लोकमूर्ध्नि व्यवस्थिता ॥ १९ ॥

नृलोकतुल्यविष्कम्भा सितच्छत्रनिभा शुभा ॥
उर्ध्वं तस्याः क्षितेः सिद्धाः लोकान्ते समवस्थिताः ॥२०॥

મનુષ્યલોકપ્રમાણ લાંબી, (છેડે) અત્યન્ત સૂક્ષ્મ અને સુગન્ધમય, અત્યન્ત તેજસ્વી, શ્વેતચ્છત્રસરખી, શુભ અને પવિત્ર એવી પ્રાગ્ભારા નામે પૃથ્વી (લોકપુરૂષના) મસ્તકભાગે રહેલી છે. અને તે પૃથ્વીના ઉપર, લોકના અન્તે સિદ્ધો રહેલા છે. (મનુષ્યલોકનું પ્રમાણ ૪૫ લાખ યોજન છે. તેટલી લાંબી, મધ્યમાં ૮ યોજન પહોળી, છેડે માંખીના પાંખ કરતાંય સૂક્ષ્મ આ પૃથ્વી છે તે સુગન્ધયુક્ત, સ્ફટિક તુલ્ય અને અત્યન્ત તેજસ્વી પૃથ્વી-કાયિકોના શરીરમય છે અને વળી ખોલેલા ને ઉંધા મુકેલા છત્રના આકારની છે.

तादात्म्यादुपयुक्तास्ते केवलज्ञानदर्शनैः ॥

*सम्यकत्वसिद्धतावस्था हेत्वभावाच्च निष्क्रियाः ॥ २१ ॥*

ક્ષાયિકસમ્યકત્વ અને સિદ્ધત્વભાવમાં રહેલા તેઓ અભેદથી તેઓ કેવળ જ્ઞાન કેવળ દર્શનના ઉપયોગવાલા છે, અને તેવા ક્રિયાયોગ્ય કર્મસંબન્ધ વગેરે કારણો નહી હોવાથી નિષ્ક્રિય છે.

ततोऽप्यूर्ध्वं गतिस्तेषां--कस्मान्नास्तीति चेन्मतिः ॥
धर्मास्तिकायस्याऽभावात् स हि हेतुर्गतेः परः ॥ २२ ॥

તે સિદ્ધોની ગતિ લોકાન્તની આગળ પણ કેમ નથી? (એવા પ્રશ્નના જવાબમાં જણાવે છે કે) ગતિનું પ્રધાન કારણ ધર્માસ્તિકાય છે. જે લોકાન્તથી આગળ નથી. (માટે આગળ તે જીવોની ગતિ પણ નથી).

संसारविषयातीतं मुक्तानामव्ययं सुखम् ॥
अव्याबाधमिति प्रोक्तं परमं परमर्षिभिः ॥ २३ ॥

મુકતોનું સુખ, સંસારના વિષયથી પર, નાશ ન પામનારૂં દુ:ખરહિત એવું પરમસુખ છે. એમ પરમ-ઋષિઓએ (તીર્થંકર વગેરે) કહ્યું છે.

स्यादेतदशरीरस्य जन्तो र्नष्टाष्टकर्मणः ॥
कथं भवति मुक्तस्य सुखमित्यत्र मे शृणु ॥ २४ ॥

ભલે એમ હો. (પણ પ્રશ્ન એ થાય છે કે) આઠ કર્મોના નાશથી અશરીરી એવા મુકતના જીવોને (સુખના

અનુભવના સાધનોજ નથી તો) સુખ કેમ હોય? (ત્યારે ઉત્તર આપતા ગ્રન્થકાર જણાવે છે કે) તે વિષયમાં મારૂં કાંઈ સાંભળો.

लोके चतुर्ष्विहार्थेषु सुखशब्दः प्रयुज्यते ॥
विषये वेदनाऽभावे विपाके मोक्ष एव च ॥ २५ ॥

આ લોકમાં સુખ શબ્દનો પ્રયોગ ચાર અર્થોમાં થાય છે શબ્દાદિ તે તે ઇન્દ્રિયોના વિષયમાં, દુઃખના અભાવમાં, સાતાવેદનીયના અનુભવમાં અને મોક્ષમાં,

सुखो वह्निः सुखो वायुर्विषयेष्विह कथ्यते ।
दुःखाऽभावे च पुरुषः सुखितोऽस्मीति मन्यते ॥ २६ ॥

पुण्यकर्मविपाकाच्च सुखमिष्टेन्द्रियार्थजम् ॥
कर्मक्लेशविमोक्षाच्च मोक्षे सुखमनुत्तमम् ॥ २७ ॥

(અનુક્રમે ચારે અર્થોમાં સુખશબ્દનો પ્રયોગ બતાવે છે.) (શિયાળાના દિવસોમાં) અનુકૂલ અગ્નિને, (ગરમીના દિવસોમાં) અનુકૂલ વાયુને લોકો સુખ (કારક) કહે છે.

અને દુ:ખના અભાવમાં લોકોને "હું સુખી છું" એવો સાક્ષાત્ અનુભવ છે. અનુકૂલ એવા ઇન્દ્રિયોના વિષયો (શબ્દાદિ) થી થતું સુખ પુણ્ય કર્મના ઉદયથી થાય છે. અને કર્મકલેશના નાશથી થતું હોવાના કારણે મોક્ષમાં અનુત્તમ (જેથી બીજુ કોઈ સુખ ઉત્તમ નથી એવું) સુખ છે.

सुखप्रसुप्तवत् केचिदिच्छन्ति परिनिर्वृत्तम् ॥
तदयुक्तं क्रियावत्वात् सुखानुशयतस्तथा ॥२८॥

કેટલાંક નિર્વાણને સુખે સુતેલાની નિદ્રા સાથે સરખાવે છે પણ તે બરોબર નથી. કેમકે :—ત્યારે પણ ક્રિયાવત્વ અને સુખની તરતમતા હોય છે.

श्रमक्लममदव्याधि मदनेभ्यश्च सम्भवात् ॥
मोहोत्पत्ते र्विपाकाच्च दर्शनघ्नस्य कर्मणः ॥ २९ ॥

(અને) થાક, ગ્લાની, સુરાપાન, રોગ અને વિષય સેવનથી, મોહનીય કર્મના તેમજ દર્શનાવરણ કર્મના

ઉદયથી પણ નિદ્રા આવે છે. (એટલે કેઃ- કર્મજનિત નિદ્રા સાથે કર્મનો અભાવ થતાં મોક્ષ સુખને કેમ સરખાવાય ?)

लोके तत् सदृशो ह्यर्थः कृत्स्नेऽप्यन्यो न विद्यते ।
उपमीयेत तद् येन तस्मान्निरुपमं सुखम् ॥ ३० ॥

लिङ्गप्रसिद्धेः प्रामाण्या दनुमानोपमानयोः ॥
अत्यन्तञ्चाप्रसिद्धं तद् यत् तेनानुपमं सुखम् ॥३१॥

(અને વલી) આ આખા લોકમાં મોક્ષના સુખ સરખો એવો કોઇ બીજો પદાર્થ નથી કે જેની સાથે તેણે સરખાવાય તેથી પણ તે મોક્ષ સુખ અનુપમ છે (અને ઉપમાન કે અનુમાન પણ તે ન હોય કેમકે) અનુમાન અને ઉપમાનમાં પ્રામાણ્ય, લિંગ (હેતુ કે સાદૃશ્યરૂપ) ની પ્રસિદ્ધિથી હોય છે. અને મોક્ષસુખનું લિંગ અત્યન્ત અપ્રસિદ્ધ છે તેથી પણ તે સુખ અનુપમ છે.

प्रत्यक्षं तद्भगवता-मर्हतां तैश्च भाषितम् ॥
गृह्यतेऽस्तीत्यतः प्राज्ञै-र्न छद्मस्थपरीक्षया ॥ ३२ ॥

ત્યારે આવું અનુપમ સુખ છે. એમ તમોએ શાથી જાણ્યું ? એવી શંકા દૂર કરતા કહે છે કે) અતિશયશાલી જિનેશ્વરોને તે પ્રત્યક્ષ છે અને તેઓએ જ "તે છે" એમ કહ્યું છે. માટે જ બુદ્ધિમાનો "તે છે" એમ સ્વીકારે છે પણ છદ્મસ્થોની પરીક્ષાથી નહી. (એટલે કે છદ્મસ્થોને પ્રત્યક્ષ નથી. તેમજ લિંગાદિ પણ પ્રસિદ્ધ નહી હોવાથી છદ્મસ્થો મોક્ષ સુખને "છે" એમ સિદ્ધ કરી શકતા નથી.)

# श्री विनयविजयोपाध्यायविरचिता

# नयकर्णिका.

## મંગલાચરણ અને વિષય.

वर्धमानं स्तुमः सर्वनयनद्यर्णवागमम् ।
संक्षेपतस्तदुन्नीतनयभेदानुवादतः ॥ १ ॥

અનુવાદ—જે શ્રી વર્ધમાનનું આગમ સર્વ નયરૂપી નદીઓને (પ્રવેશવાને[1]) સમુદ્રરૂપ છે; તેમના પ્રરૂપેલા નયભેદોનો સંક્ષેપથી અનુવાદ કરી, અમે તેમની સ્તુતિ કરીએ છીએ. ૧.

---

**નોંધ**:—નયનું સ્વરૂપ જાણવા માટે પરમપૂજ્ય શ્રી વિનયવિજયોપાધ્યાય વિરચિત **નયકર્ણિકા** ઉપયોગી હોવાથી અહીયા મુકવામાં આવી છે.

૧ શબ્દો અર્ધચંદ્ર કૌંસમાં છે તે અર્થની સ્પષ્ટતા માટે મારા તરફથી ઉમેરેલા છે.

## નયોનાં નામ.

नैगमःसंग्रहश्चैव व्यवहारर्जुसूत्रकौ ।
शब्दः समभिरूढैवंभूतौ चेति नयाः स्मृताः ॥ २ ॥

અનુવાદ–નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત એમ (સાત) નયો [આપના [૧]આગમમાં] કહેલા છે. ૨.

## પ્રસ્તાવના.

अर्थाःसर्वेऽपि च[२] सामान्यविशेषोभयात्मकाः ।
सामान्यं तत्र जात्यादि विशेषाश्च विभेदकाः ॥ ३ ॥

અનુવાદ–પદાર્થો સર્વે સામાન્ય અને વિશેષ એ બન્ને ધર્મ[૩]વાળા છે, [એમ આપે પ્રતિપાદન કર્યું છે;

---

૧ જે શબ્દો કાટખુણાવાળા કૌંસોમાં છે તે મહારાજ શ્રી ગંભીરવિજયજી ગણીની આ ગ્રંથપરની અવચૂરીપરથી ઉમેરેલા છે. ૨ च શબ્દ શ્લોકમાં એક અક્ષર ખૂટવાથી અમે મૂકયો છે. ૩ ધર્મ સ્વભાવ, Nature.

એમાં[1] (ઘટત્વ પટત્વ) જાતિ ગુણ ઈત્યાદિ તે સામાન્ય (ધર્મ) અને જુદાપણું જણાવનારા[2] વિશેષ ધર્મો. ૩.

## સામાન્ય અને વિશેષ ધર્મો કેવા છે?

ऐक्यबुद्धिर्घटशते भवेत्सामान्यधर्मतः ।
विशेषाश्च निजं निजं लक्षयन्ति घटं जनाः ॥ ४ ॥

અનુવાદ—[હે પ્રભો! આપે કહેલા] સામાન્ય ધર્મવડે સેંકડો ઘડામાં એકાકાર બુદ્ધિ થાય, અને [આપે કહેલા] વિશેષ ધર્મવડે મનુષ્યો પોતપોતાનો[3] ઘડો ઓળખે છે. [આ સંમોહ ટાળવા માટે તારો મહાન્ ઉપકાર છે] ૪.

## ૧. નૈગમનય.

नैगमो मन्यते वस्तु तदेतदुभयात्मकं ।
निर्विशेषं न सामान्यं विशेषोऽपि न तद्विना ॥ ५ ॥

---

૧ એ બન્ને ધર્મોમાં. ૨ જાતિત્વ; દ્રવ્યત્વ, પ્રમેયત્વ. ૩ લાલ, પીળો, લીલો ઈત્યાદિ રંગથી કે કોઈ એવા ભેદથી પોતપોતાનો ઘડો માણસો પારખી લે છે; મુંઝાઈ જતા નથી.

અનુવાદ—નૈગમનય વસ્તુને એ બન્ને ધર્મવાળી (એટલે સામાન્યરૂપે અને વિશેષરૂપે) માને છે, કારણ કે [આપની આજ્ઞામાં] વિશેષ રહિત એવું સામાન્ય નથી તેમજ સામાન્યરહિત એવું વિશેષ નથી[1]. ૫.

## ૨. સંગ્રહનય.

संग्रहो मन्यते वस्तु सामान्यात्मकमेव हि ।

सामान्यव्यतिरिक्तोऽस्ति न विशेषः खपुष्पवत् ॥ ६ ॥

અનુવાદ-સંગ્રહનય વસ્તુને કેવળ સામાન્ય ધર્મવાળીજ માને છે, કારણ કે સામાન્યથી જૂદું એવું વિશેષ [આપનો ઉપદેશ એવો છે કે] આકાશ-પુષ્પની[2] પેઠે કંઈ છે નહિ. ૬.

---

૧ ત્યારે આ નય સમ્યક્ દૃષ્ટિ ગણાય ? નહિ. કારણ કે દ્રવ્યને અને પર્યાયને બન્નેને સામાન્ય અને વિશેષયુક્ત માને છે. ૨ આકાશને જેમ પુષ્પ ન હોય, તેમ સામાન્ય વિના વિશેષ ધર્મ ન હોય.

## સંગ્રહનયનાં ઉદાહરણો.

विना वनस्पतिं कोऽपि निम्बाम्रादिर्न दृश्यते ।
हस्ताद्यन्तर्भाविन्यो हि नाङ्गुलाद्यास्ततः पृथक् ॥७॥

અનુવાદ–વનસ્પતિ [એ જાત] વિના લીંબડો, આંબો ઇત્યાદિ કાંઇ જોવામાં આવતાં નથી; હાથ[1] ઇત્યાદિમાં વ્યાપ્ત એવી આંગળીઓ વધારે[2] હાથથી જૂદી નથી. ૭.

## ૩ વ્યવહારનય.

विशेषात्मकमेवार्थं व्यवहारश्च मन्यते ।
विशेषभिन्नं सामान्यमसत्खरविषाणवत् ॥८॥

અનુવાદ–વસ્તુને વિશેષ ધર્મવાળીજ વ્યવહારનય માને છે (કારણ[3] કે) વિશેષવિનાનું સામાન્ય ગધેડાના શીંગડા જેવું ખોટું છે.

---

૧ હથેલી. ૨ નખ. ૩ આપના ઉપદેશમાં.

## વ્યવહારનયનું ઉદાહરણ.

वनस्पतिं गृहाणेति प्रोक्ते गृह्णाति कोऽपि किम् ।
विना विशेषान्नाम्रादींस्तन्निरर्थकमेव तत् ॥९॥

અનુવાદ—વનસ્પતિ લો એમ બોલવામાં આવતાં, લીંબડો, આંબો એવા વિશેષ વિના કોઈપણ શું લે છે? એટલા માટે તે (સામાન્ય) ફોગટનું છે. ૯.

## વ્યવહારનયનાં બીજાં ઉદાહરણો.

व्रणपिण्डीपादलेपादिके लोकप्रयोजने ।
उपयोगो विशेषैः स्यात्सामान्ये न हि कर्हिचित् ॥१०॥

અનુવાદ—ગુમડાં પર (મલમ) પટ્ટી અને પગે લેપ વિગેરે કરવાનું લોકને પ્રયોજન હોય. વિશેષ [પર્યાયો] વડે કામ ચાલે, (પણ) કોઈ દિવસે સામાન્ય વડે નહિજ. ૧૦.

## ૪. ઋજુસૂત્રનય.

ऋजुसूत्रनयो वस्तु नातीतं नाप्यनागतम् ।
मन्यते केवलं किन्तु वर्तमानं तथा निजम् ॥११॥

અનુવાદ—ઋજુસૂત્રનય ભૂત અને ભવિષ્ય વસ્તુ [પર્યાયને] માનતો નથી. પરંતુ કેવળ વર્તમાન [વસ્તુ પર્યાયને] અને તે પણ પોતાના (પારકી—અન્ય વસ્તુના નહિ) ભાવને[1] માને છે. ૧૧.

## ઋજુસૂત્રનયનું ઉદાહરણ.

अतीतेनानागतेन परस्कीयेन वस्तुना ।
न कार्यसिद्धिरित्येतदसद्गगनपद्मवत् ॥१२॥

અનુવાદ—અતીત[2] અને અનાગત[3] ભાવથી[4] તેમજ પારકા[5] ભાવથી [આપે કહ્યા પ્રમાણે] કાર્યસિદ્ધિ થાય નહિ, એટલા માટે એ (ત્રણે) આકાશકમળ[6] જેવાં છે. ૧૨.

---

૧ સ્થિતિ; સ્વભાવ. Praperty ૨ ભૂત. ૩ ભવિષ્ય. ૪ સ્થિતિથી. ૫ આગળ થઇ ગયેલ કે હવે થવાના રાજપુત્રને ગાદીએ કેમ બેસાડાય! (શ્રીગંભીરવિજયગણીકૃત અવચૂરીપરથી) ૬ ખોટાં.

## ઋજુસૂત્રની તેની પછીના નયોની બીજી વિશેષ માન્યતા.

नामादिषु चतुर्ष्वेषु भावमेव च मन्यते ।
न नामस्थापनाद्रव्याण्येवमग्रेतना अपि ॥१३॥

અનુવાદ—નામાદિ ચાર[1] નિક્ષેપોમાં તે ભાવ નિક્ષેપનેજ માને છે; એજ પ્રમાણે હવે પછીના નયો[2] પણ (ભાવનિક્ષેપનેજ માને છે). ૧૩.

## ૫ શબ્દનય.

अर्थं शब्दनयोऽनेकैः पर्यायैरेकमेव च ।
मन्यते कुंभकलशघटाद्येकार्थवाचकाः ॥ १४ ॥

---

૧ નામ—સ્થાપના—દ્રવ્ય—ભાવ. ૨ શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત.

અનુવાદ—શબ્દનય અનેક શબ્દોવડે[1] એક અર્થવાચક પદાર્થને એકજ પદાર્થ સમજે છે; જેમકે કુંભ, કલશ, ઘટ ઇત્યાદિ એકજ (ઘટ) પદાર્થને દેખાડનારા છે. [એમ સર્વદર્શી જિન ભગવાનોએ કહ્યું છે].

## ૬ સમભિરૂઢનય.

ब्रूते समभिरूढोऽर्थं भिन्नं पर्यायभेदतः ।
भिन्नार्थाः कुंभकलशघटा घटपटादिवत् ॥ १५ ॥

અનુવાદ—સમભિરૂઢનય શબ્દ (કે પર્યાય) ભેદથી વસ્તુ ભિન્ન કહે છે (કારણ કે) જેમ ઘટ અને પટ (એ) ભિન્ન છે તેમ [શ્રી વર્ધમાન સ્વામિ! આપે! કુંભ,[2] કલશ,[3] ઘટ[4] (એમને) જૂદા પદાર્થો [કહ્યા] છે. ૧૫

---

૧ Synonyms; પર્યાયો. ૨ જેમાં કંઇ ભરવામાં આવે, જે અવાજ કરે, જેની આકૃતિ બને એવું વાસણ—કુંભનવડે કુંભ, ૩ કલનવડે કલશ, અને ૪ ઘટનવડે ઘટ. જે માટીનો બનેલો તે કુંભ. જે જલથી શોભતો તે કલશ—અને જે ઘડેલો તે ઘટ.

## સમભિરૂઢની ઉપરની વ્યાખ્યાનું કારણ.

यदि पर्यायभेदेऽपि न भेदो वस्तुनो भवेत् ।
भिन्नपर्याययोर्न स्यात् स कुंभपटयोरपि ॥ १६ ॥

અનુવાદ—જો પર્યાય ભેદથી વસ્તુનો ભેદ ન હોય, તો ભિન્ન પર્યાયવાળા કુંભ અને પટમાં પણ એ ભેદ ન હોય. ૧૬

## ૭ એવંભૂતનય

एकपर्यायाभिधेयमपि वस्तु च मन्यते ।
कार्यं स्वकीयं कुर्वाणमेवंभूतनयो ध्रुवम् ॥ १७ ॥

અનુવાદઃ-એક પર્યાયવડે બોલાતી વસ્તુ (બોલતી વખતે) પોતાનું કાર્ય કરતી હોય તો જ એવંભૂતનય તેને વસ્તુ કહે છે. [બીજી વખતે નહિ કારણ કે શ્રી જિનેશ્વરનો ઉપદેશ એવો છે કે વસ્તુ પોતાનું કાર્ય કરે ત્યારે વસ્તુ ગણાય]. ૧૭.

૧ પોતાનું કાર્ય કરનારી એને ન્યાયમાં અર્થ-ક્રિયાકારી કહેવાય છે. કહેવતમાં યથા નામા તથા ગુણઃ એમ પણ કહેવાય છે. પરંતુ તે વખતે ક્રિયા કરાતી હોવી જોઈએ.

## એવંભૂત ઉદાહરણવડે પોતાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

यदि कार्यमकुर्वाणोऽपीष्यते तत्तया स चेत् ।
तदा पटेऽपि न घटव्यपदेशः किमिष्यते ॥ १८ ॥

અનુવાદ—જ્યારે વસ્તુ પોતાનું કાર્ય ન કરતી હોય ત્યારે પણ તેને વસ્તુ ગણવામાં આવે તો પટને પણ ઘટ (શબ્દ) કાં ન કહેવાય ?[1] ૧૮.

---

૧ પ્રમાણ કે દલીલ બે પ્રકારે હોય છે. એક અન્વયવાળી અને બીજી વ્યતિરેકવાળી. સામાની દલીલ પોતાની દલીલને અનુકૂળ કરી લેવી એ અન્વયથી બનેછે; અને સામાની દલીલમાં દોષ દેખાડી દેવો એ વ્યતિરેકથી બને છે. પ્રસ્તુત પ્રસંગમાં વ્યતિરેક

## ઉપસંહાર

यथोत्तरं विशुद्धाः स्युनयाः सप्ताप्यमी तथा ।

एकैकः स्याच्छतं भेदास्ततः सप्तशताप्यमी ॥ १९ ॥

અનુવાદ—આ સાત નયો પણ (અનુક્રમે) એક એકથી વધારે વિશુદ્ધ છે. વળી એક એક નયના સો સો ભેદ થાય, તેથી તેના સાતસો ભેદો પણ થાય (છે) ૧૯.

---

કરવામાં આવ્યો છે. કારણ કે જ્યારે પટ પોતે પટનું ઓઢવા—પહેરવાનું કામ ન કરતો હોય ત્યારે પણ તેને પટ કહીએ તો પછી એને ઘટ કહેવામાં શો વાંધો છે? તેમજ ઘડો પોતાનું કામ ન કરતો હોય તો પછી તેને પટ કહેવામાં પણ શી અડચણ છે? માટે વસ્તુ તો તેજ વખતે વસ્તુ કહેવાય કે જ્યારે તે પોતાનું કામ કરતી હોય. રાજા જ્યારે ગાદીએ બેસી હુકમ ચલાવતો હોય તેજ વખતે રાજા કહેવાય.

## ઉપસંહાર—નય પાંચ અને તેના ભેદ પાંચસો કેવી રીતે છે?

अथैवंभूतसमभिरूढयोः शब्द एव चेत् ।
अन्तर्भावस्तदा पंच नयपंचशतीभिदः ॥ २० ॥

અનુવાદ—જો શબ્દનયમાં સમભિરૂઢ અને એવંભૂત નયનો સમાવેશ થાય તો નય પાંચ થાય છે.[૧] અને ત્યારે તે ( પાંચ નય ) ના પાંચસો ભેદો ( ગણાય ) છે. ૨૦

## ઉપસંહાર આ સાતે નયો કયા બે નયોમાં સમાવેશ પામે છે?

द्रव्यास्तिकपर्यायास्तिकयोरन्तर्भवन्त्यमी ।
आदावादिचतुष्टयमन्त्येचान्त्यास्त्रयस्ततः ॥ २१ ॥

---

૧ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પાંચ નયો ગણવામાં આવ્યા છે; અને શબ્દ નયમાં આ શ્લોકમાં કહ્યું તેમ સમભિરૂઢ અને એવંભૂતનયનો સમાવેશ કરેલો છે. ( અધ્યાય ૧ લો. સૂત્ર ૩૪–૩૫. )

અનુવાદ—દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એ (બે) નયોમાં આ (સાતે નયો) સમાવેશ પામે છે. પહેલામાં પહેલા ચાર અને બીજામાં છેલ્લા ત્રણ[1] ૨૧.

## ઉપસંહાર—આ સાતે નયો આપના આગમની કેવી રીતે સેવા કરે છે ?

[2]
सर्वे नया अपि विरोधभृतो मिथस्ते.
सम्भूय साधुसमयं भगवन् भजन्ते ।
भूपा इव प्रतिभटा भुवि सार्वभौम-
पादाम्बुजं प्रधनयुक्तिपराजिता द्राक् ॥ २२ ॥

અનુવાદ આ સર્વે નયો પરસ્પર વિરોધ અભિપ્રાય ધરવાવાળા છે, છતાં હે ભગવન્! તે બધા એકઠા થઈ આપના સુંદર આગમની સેવા કરે છે. જેવી રીતે પૃથ્વી ઉપર રાજાઓ પરસ્પરમાં વિરોધી હોવા છતાં પણ

---

૧ પાશ્ચાત્ય સાયન્સ પણ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે ભેદ પાડે છે.

૨ વસંતતિલકા વૃત્ત.

યુદ્ધરચનામાં પરાજય પામી ચક્રવર્તી મહારાજાના ચરણ-કમલની સેવા શીઘ્ર કરે છે. ૨૧.

## અંતિમ ઉપસંહાર

१
इत्थं नयार्थकवचःकुसुमैर्जिनेन्दु-
र्वीरोऽर्चितः सविनयं विनयाभिधेन ।
श्रीद्वीपबंदरवरे विजयादिदेव-
सूरीशितुर्विजयसिंहगुरोश्च तुष्टयै ।। २३ ।।

અનુવાદ—આ પ્રકારે વિનયવિજયે, વિજયદેવસૂરીના શિષ્ય અને પોતાના ગુરૂ વિજયસિંહના સંતોષ માટે નયના અર્થને જણાવનારાં વચનપુષ્પોવડે શ્રી જિનચંદ્ર વર્ધમાન-સ્વામીની વિનયસહિત શ્રી દીવબંદરમાં અર્ચા-પૂજા કરી. ૨૩.

## અહિં નયકર્ણિકા સમાપ્ત થાય છે.

**शुभं भूयान्नयज्ञानां नयज्ञानाभिलाषिणां च ।।**

---

૧ વસંતતિલકા વૃત્ત.

## *ભિન્ન ભિન્ન ગ્રંથાનુસાર સપ્ત નય વ્યાખ્યા

## શ્રીસ્યાદ્વાદ મંજરી–શ્રીમલ્લિષેણસૂરિ.

૧. **નૈગમનય** સામાન્ય અને વિશેષ ધર્મોને અભેદપણે ગ્રહણ કરનાર આ નય સામાન્ય–વિશેષાત્મક પદાર્થને અભેદપણે ગ્રહણ કરે છે.

૨. **સંગ્રહનય**–વિશેષધર્મની અપેક્ષા રાખ્યા વિના કોઈ સામાન્ય ધર્મને મુખ્ય કરીને જેટલામાં એ સામાન્ય ધર્મ હોય તેટલા આખા વિષયને ગ્રહણ કરનાર.

૩. **વ્યવહારનય**–વસ્તુ જે પ્રકારે લોક વ્યવહારમાં મનાતી હોય તે પ્રકારે તેને ગ્રહણ કરનાર.

૪. **ઋજુસૂત્રનય**–શુદ્ધ વર્તમાન સમયમાં વિદ્યમાન તે જ વસ્તુનું સ્વરૂપ એમ ગ્રહણ કરનાર.

૫. **શબ્દનય**–જે કોઈ શબ્દો રૂઢિને લઈને એક પદાર્થ લાગતા હોય તે બધા શબ્દોનો વાચ્યાર્થ એક જ છે એમ ગ્રહણ કરનાર.

---

***નોંધ :**—નયપ્રદીપ નામના પુસ્તકમાંથી આ નયો ઉપયોગી હોવાથી સંગ્રહ કર્યો છે જેના પ્રકાશક ડો. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા છે.

૬. **સમભિરૂઢનય**–જુદા જુદા શબ્દોનો વાચ્યાર્થ પણ જુદો જુદો એમ ગ્રહણ કરનાર.

૭. **એવંભૂતનય**–શબ્દનો જે વ્યુત્પત્તિ અર્થ થતો હોય તે જ અર્થ મુજબ જ્યારે વસ્તુ ક્રિયા થતી હોય ત્યારે જ વસ્તુને તે નામથી બોલાવાય એવું ગ્રહણ કરનાર.

## શ્રીતત્ત્વાર્થાધિગમ ભાષ્ય–શ્રીસિદ્ધસેનસૂરિ

૧. **નૈગમનય**–નિગમમાં ( શાસ્ત્રમાં ) કહેલા જે શબ્દ તેનો જે અર્થ તે નૈગમ અથવા શબ્દ તથા અર્થનું જે જ્ઞાન તેનો એક દેશથી અથવા સર્વ દેશથી ગ્રાહક તે નૈગમ. નિગમમાં રહેવાવાળો શબ્દ તથા તેનો અર્થ તે નૈગમ.

૨. **સંગ્રહનય**–તથા એ નૈગમ શબ્દાર્થોમાંથી એક વિશેષ અનેક સામાન્ય અર્થોને એક દેશથી કે સર્વથી ગ્રહણ કરવામાં સમર્થ તે અર્થોનું સર્વરૂપથી કે એક દેશથી સંગ્રહ કરનાર તે સંગ્રહ.

સામાન્યના વિષયમાં કે વિશેષના વિષયમાં જે સંગૃહીતનું વચન અભિધાન તે સંગ્રહ.

૩. **વ્યવહારનય**- લૌકિક સમાન, ઘણે ભાગે ઉપચારથી પૂર્ણ, અને વિસ્તૃત અર્થનો બોધક તે વ્યવહારનય; સમુદાય, વ્યક્તિ, આકૃતિ, સત્તા અને સંજ્ઞા અર્થાત્ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ આદિના નિશ્ચયની અપેક્ષા રાખનાર અને લૌકિક ઉપચારવાળો એ વિસ્તૃત વ્યવહારનય.

૪. **ઋજુસૂત્રનય**–વિદ્યમાન વર્તમાન અર્થોને કહેનાર કે જણાવનાર; સંક્ષેપથી સાંપ્રત (વર્તમાન) વિષયનો ગ્રાહક.

૫. **શબ્દનય**–નામાદિકમાં પ્રસિદ્ધ પૂર્વ શબ્દ વડે અર્થનું જે જ્ઞાન તે શબ્દનય યથાર્થવિષયક સાંપ્રત.

૬. **સમભિરૂઢનય**–વિદ્યમાન અર્થમાં સંક્રમરહિત તે સમભિરૂઢ. યથાર્થવિષયક સાંપ્રત.

૭. **એવંભૂતનય**–વ્યંજન તથા અર્થમાં જે પ્રવર્તમાન છે તે એવંભૂત. યથાર્થવિષયક એવંભૂત.

■

## શ્રીતત્ત્વાર્થસાર-શ્રીઅમૃતચંદ્રસૂરિ

૧. **નૈગમનય**-પદાર્થના સંકલ્પમાત્રનો ગ્રાહક.

૨. **સંગ્રહનય**-સ્વજાતિના અવિરોધપણે ભેદે કરી ઐક્યને આગળ કરી સમસ્ત ગ્રહણ કરનાર.

૩. **વ્યવહારનય**-સંગ્રહે કરી સંગ્રહેલ પદાર્થની વિધિપૂર્વક વ્હેંચણ કરનાર.

૪. **ઋજુસૂત્રનય**-વર્તમાન એક સમયના વિષય રૂપ પર્યાયને ગ્રહણ કરનાર.

૫. **શબ્દનય**-લિંગ, કારક, સંખ્યા, કાલ, ઉપસર્ગ એની વ્યભિચાર નિવૃત્તિ કરનાર.

૬. **સમભિરૂઢનય**-એક રૂઢ અર્થમાં જુદા જુદા અર્થની સંમતિ આપનાર.

૭. **એવંભૂતનય**-શબ્દનો જે વ્યુત્પત્તિ અર્થ તે જ અર્થ વડે જે નય તેનો અધ્યવસાય કરે તેને મુનિઓ એવંભૂત કહે છે.

# શ્રીઆલાપપદ્ધતિ–શ્રીદેવસેનાચાર્ય

૧. **નૈગમનય**–વસ્તુનો અનેક રસ્તેથી બોધ કરાવનાર; નિગમ એટલે વિકલ્પ તેમાં રહેનાર.

૨. **સંગ્રહનય**–વસ્તુ માત્રને અભેદપણે ગ્રહણ કરનાર.

૩. **વ્યવહારનય**–સંગ્રહે ગ્રહેલી વસ્તુનો ભેદ વડે વ્યવહાર કરનાર

૪. **ઋજુસૂત્ર**–ઋજુ એટલે સરલપણે ગ્રહણ કરનાર, જણાવનાર, કુટિલપણે નહિ.

૫. **શબ્દનય**–વ્યાકરણ થકી પ્રકૃતિ–પ્રત્યય આદિથી સિદ્ધ તે શબ્દનય.

૬. **સમભિરૂઢનય**– અરસ્પરસ અભિરૂઢ તે સમભિરૂઢ; શબ્દભેદ છતાં રૂઢિને લઈ **અર્થ**ભેદ નહિ તે સમભિરૂઢ.

૭. **એવંભૂત**–એ પ્રકારે અર્થાત્ ક્રિયારૂપે, ક્રિયાપ્રધાનપણે જે થાય તે એવંભૂત.

*

जयतु भद्रङ्करोदयः

नमो नाणस्स

श्री यशोभद्र श्रेणि

सम्यग्दर्शनशुध्धं यो ज्ञानमेव विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्ध भवति जन्म ॥